૧૯૧૩ના ડીસેમ્બરમાં તા. ૨૪ તથા ૨૫મી એ

કરાચી ખાતે મળેલ

૧લી ભાટીઆ કોનફરન્સનો

રીપોર્ટ

છપાવી પ્રસિદ્ધ કરનાર

ગોરધનદાસ મોરારજી સુંદરજી

તથા

મુલચંદ થાવરદાસ આસરપોટા

ઓન. સેક્રેટરીઓ, રીસેપશન કમીટી વતી.

स्वे स्वे कर्मण्यभिरतः। संसिद्धिं लभते नरः। गीता.॥

પ્રત ૧૫૦૦

કરાચી. સન ૧૯૧૫

હિતેચ્છુ પ્રેસમાં હરિલાલ ગાલજી ઠાકરે છાપ્યું— કરાચી.

Printed by H. V. Thakar at the Hitechchhu Press, Karachi.

Published by Gordhandas, Morarji Sunderji and Mulchand T. Asarpota, KARACHI.

Presented by Mr. M. A. Kikla.



The P Printing Works, Fort

[illegible] ડીસેમ્બરમાં તા. ૨૪ તથા ૨૫મી એ

કરાચી ખાતે મળેલ

૧લી ભાટીઆ કોનફરન્સનો

રીપોર્ટ

છપાવી પ્રસિદ્ધ કરનાર

ગોરધનદાસ મોરારજી સુંદરજી

તથા

મુળચંદ થાવરદાસ આસરપોટા

ઓન. સેક્રેટરીઓ, રીસેપ્શન કમીટી ના.

स्वे स्वे कर्मण्यभिरतः। संसिद्धिं लभते नरः। गीता.॥

પ્રત ૧૫૦૦

કરાચી. સન ૧૯૧૫

હિતેચ્છુ પ્રેસમાં હરિલાલ વાલજી ઠાકરે છાપ્યું— કરાચી.

૧૯૧૩ના ડીસેમ્બરમાં તા. ૨૪ તથા ૨૫મી એ

કરાચી ખાતે મળેલ

૧લી ભાટીઆ કોનફરન્સનો

રીપોર્ટ

છપાવી પ્રસિદ્ધ કરનાર

ગોરધનદાસ મોરારજી સુંદરજી

તથા

મુલચંદ થાવરદાસ આસરપોટા

ઓન. સેક્રેટરીઓ, રીસેપશન કમીટી વતી.

स्वे स्वे कर्मण्यभिरतः। संसिध्धिं लभते नरः। गीता.॥

પ્રત ૧૫૦૦

કરાચી. સન ૧૯૧૫

હિતેચ્છુ પ્રેસમાં હરિલાલ વાસણજી ઠાકરે છાપ્યું— કરાચી.

ઉપોદ્ઘાત

જોકે કોનફ્રન્સ ભરવાનો ચાલ હિંદમાં બ્રિટીશના સમયથી પ્રચલિત થયો છે, છતાં ભાટીઆ કોમની બાબતમાં કદાચ તેમ નથી એવું કહી શકાશે. આજથી લગભગ ૬૦૦ વરસ ઉપર, આપણા આ વખતના કોનફ્રન્સના મથકથી બહુ દુર નહિ આવેલા એવા સ્થળે—મુલતાન ખાતે–આપણા બાપ દાદાઓનું સંમેલન થયું હતું. અને જોકે એ સંમેલનને "બ્રહ્મ સભા" સભા એવું નામ આપવામાં આવ્યું હતું, છતાં તે હાલના સમયમાં જેને આપણે કોનફ્રન્સ કહીએ છીએ તે કરતાં કાંઇ ન્યુન હતું નહિં. તે સમયમાં આપણા લોકો બધી તરફથી આવી મુલતાન ખાતે એકઠા મળ્યા હતા, અને તેમણે કોમને લગતા અગત્યના પ્રશ્નોપર ઉહાપોહ કર્યો હતો. એટલે બહુ દુરના નહિ એવા સમયમાં ભાટીઆઓની કોનફ્રન્સ મળવાનો આપણી પાસે એક દાખલો તો છે. પણ કુદરતી છે તેમ એ સંમેલન હાલની ઢબ પ્રમાણે કોનફ્રન્સોને લગતા ધારા ધોરણસર નજ ભરાઇ શકે તેથી આપણે આ સાંપ્રત કોનફ્રન્સને પહેલી ભાટીઆ કોનફ્રન્સનું નામ આપીએ તો ખોટું નહી. આ કોનફ્રન્સ ભરવાનો વિચાર કેવી રીતે ઉદભવ્યો તે અમો અત્રે ટુંકમાં જણાવવા રજા લઇશું. થોડાંએક વરસ ઉપર મુંબઇમાં ભાટીઆઓની નાની સરખી કમીટી અથવા કોનફ્રન્સ મળેલી હતી તેમાં હાજર થવાનો લાભ બીજાઓ સાથે ભાટીઆ મિત્ર મંડળના અધિપતિ મી. દામોદર રવજી પુરેચા અને હઇદ્રાબાદના જાણીતા વકીલ મીં. મથરાદાસ રામચંદ્રને પ્રાપ્ત થયો હતો, તેમણે ત્યાંથી ભાટીઆઓની કોનફ્રન્સ ભરવાના વિચારને જન્મ આપ્યો અને ઉપરની મીટીંગમાં મળેલા અન્ય ગ્રહસ્થોએ તેને ટેકો આપ્યો હશે. મી. દામોદરે એ વિચાર પોતાના પત્રમા પ્રગટ કર્યો અને એવી દરખાસ્ત કરી કે આવતી ૧૯૧૩ની નાતાલના દિવસોમાં કરાચી ખાતે ભાટીઆઓની પહેલી કોનફ્રન્સ બોલાવવી. તેમણે આ વિચાર તે પત્રદ્વારા રજુ કરી તે ઉપર અભિપ્રાયો માગ્યા. જુદા જુદા પ્રાંતોના કેટલાક ઉત્સાહી ગ્રહસ્થોએ તે સવાલને ચર્ચ્યો અને ટુંક સમયમાં માલુમ પડયું કે ભાટીઆ લોકમત આ વિચારની તરફેણમાં છે. તે દિવસથી આ વિચારને પુષ્ટી મળતી ચાલી અને છેવટે ૧૯૧૩ના નવેંબરની આખરે તેને ચોકકસ સ્વરૂપમાં મુકવામાં આવ્યો અને રીસેપશન કમીટીની સ્થાપના કરવાના હેતુથી

પહેલી સોથી વધારે અગત્યની મીટીંગ કરાચી મુંબઇ બજારમાં શેઠ રામદાસ મોરારજીની પેઢી ઉપર મળી હતી, જે વખતે નીચેના ગ્રહસ્થો હાજર હતા.

કચ્છી તથા હાલાઇ—શેઠ લાલજી લખમીદાસવાળા મી. હરીદાસ, શેઠ મોરારજી સુંદરજીવાળા મી. ગોરધનદાસ શેઠ ખટાઉ મકનજીવાળા મી, દામોદર વાઘજી મેસર્સ વલ્લભદાસ ઉમરશી વાળા શેઠ મોરારજી વલભદાસ, શેઠ સુંદરદાસ વલભદાસ, શેઠ ખીમજી માવજીવાળા મી. માવજી વિસનજી, મી. ડુંગરસી ધરમશી, મી. આણુંદજી વિસનજી, મી. વલભદાસ પ્રેમજી, મી. ખટાઉ ગોરધનદાસ, મી. હરસનદાસ જેઠા, મી. વલભદાસ કલ્યાણજી, મી. વિસનજી નથુ મી. વલભદાસ હરીદાસ, શેઠ રૂગનાથ કલ્યાણજીવાળા મી વલભદાસ શામજી, મી. જેશમ લાલજી, તથા મી. દયાળ ખટાઉ.

મારવાડીઓ—મી. આસારામ દેવીદાસ મી. જેઠામલ ગોરધનદાસ મી. હેમરાજ મથરાદાસ ઠાકુર નાથુમલ ગીરધારીમલ તથા શેઠ રૂપચંદ રૂગનાથ.

સીંધીઓ—મેસર્સ ગોરધનદાસ ધમનમલવાળા શેઠ ધમનમલ ફતેહચંદ મેસર્સ ટેકચંદ પરસોતમદાસ શેઠ હંસરદાસ મેઘજીમલ મી. મુલચંદ ટી. આસર પોટા મી. નરસીંગદાસ દેવનમલ કરાચી મી ટીકમદાસ બુધરમલ કરાચી મી. જી, એ ફીકલા બી. એ. એલ. એલ. બી મી. સેવારામ વિશનદાસ મી. દલપતરાય ટેકચંદ મી. લાલચંદ મોતીરામ ભાઇ ગોકળદાસ કે ઝવેરી અને મી. નરસીંગદાસ કે ઝવેરી બી. એ એલ એલ. બી.

પંજાબીઓ—મેસર્સ રામચંદ સીદુરામવાળા શેઠ છબીલદાસ શેઠ શામદાસ હીરાનંદ તથા જેસારામ ઠાકોરદાસ

ઉપરની મીટીંગમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતાઃ—

(૧) પ્રમુખ સાહેબની દરખાસ્તથી આવતી નાતાલના ટાંકણા ઉપર કરાચીમાં જે મહાન પ્રસંગો થવાના છે તેની સાથે આપણી જ્ઞાતિના હિત માટે ધી ઓલ ઇંડીઆ ભાટીઆ કોનફરન્સ ભરવાના કામ તરફ આ સભાના મેમ્બરો પસંદગી બતાવે છે અને કોનફરન્સને ફતેહમંદ કરવા દરેક પ્રયત્ન કરવા ઠરાવે છે.

(૨) મી. ડુંગરસીની દરખાસ્ત અને શેઠ માવજી વિસનજી તથા શેઠ છબીલદાસ વસંદારામના અનુમોદનથી એવો ઠરાવ થયો કે

એક રીસેપશન કમીટીની સ્થાપના કરવી અને તેના સભ્યોની સંખ્યામાં વધારો કરવાની સત્તા આપવી.

(૩) શેઠ હરિદાસ લાલજીની દરખાસ્ત અને શેઠ ધમનમલ ફતેહચંદ તથા શેઠ રૂપચંદ રૂગનાથના ટેકાથી સર્વાનુમતે ઠરાવ થયો કે નીચેના ગ્રહસ્થોને રીસેપશન કમીટીના મેંબર ચુંટવા:—

શેઠ મોરારજી સુંદરજી, શેઠ દામોદર વાઘજી, શેઠ હરિદાસ રામદાસ મોરારજી, શેઠ મોરારજી વલ્લભદાસ, શેઠ સુંદરદાસ વલ્લભદાસ, શેઠ લાલજી લખમીદાસ, શેઠ રૂપચંદ રૂગનાથ, શેઠ વલ્લભદાસ શામજી, શેઠ ડુંગરશી ધરમશી, શેઠ વલ્લભદાસ પ્રેમજી, શેઠ વલ્લભદાસ કલ્યાણજી, શેઠ આણંદજી વિસનજી, શેઠ ખટાઉ ગોરધન, શેઠ ઈસરદાસ મેઘજીમલ, શેઠ ધમનમલ ફતેહચંદ, શેઠ છબીલદાસ વિઠ્ઠીંદારામ, શેઠ ઠાકરદાસ હિમતરામ તથા મેસર્સ નરસીંગદાસ દેવનમલ, ટીકમદાસ બુધરમલ, મુળચંદ ટી. આસરપોટા, જી. એ. કીકલા, હીરાનંદ મોતીરામ, ગોકળદાસ ખેમચંદ, અને નરસીંગદાસ કે. ઝવેરી.

(૪) મી. નરસીંગદાસ કે. ઝવેરીની દરખાસ્ત અને મી. જી. એ. કીકલાના અનુમોદનથી એવો ઠરાવ થયો કે

મી. મુળચંદ ટી. આસરપોટા અને મી. ગોરધનદાસ મોરારજી સુંદરજીની રીસેપશન કમીટીના જોઈન્ટ ઓનરરી સેક્રેટરીઓ તરીકે નીમણુંક કરવી.

(૫) મી. હરીદાસ લાલજીની દરખાસ્ત અને મી. ડુંગરસી ધરમસીના ટેકાથી એવો ઠરાવ થયો કે

આ મીટીંગ વતી ભાટીઆઓને આમંત્રણો મોકલવાની અને તે સંબંધી પત્ર વહેવાર ચલાવવાની સેક્રેટરીઓને સતા આપવી.

(૬) મી. નરસીંગદાસ કે. ઝવેરીની દરખાસ્ત અને મેસર્સ દામોદર વાઘજી ઈસરદાસ મેઘજીમલ છબીલદાસ વસનદારામ અને વલ્લભદાસ હરીદાસના અનુમોદનથી એવો ઠરાવ થયો કે

ધાર્મિક રાજદારી કે વિધવા વિવાહ અને એવા બીજા તકરારી સવાલો આ કોનફરન્સમાં ચર્ચવા નહિ.

(૭) મી. ગોરધનદાસ કીકલાની દરખાસ્ત અને મી ટીકમદાસ બુધરમલના ટેકાથી એવો ઠરાવ થયો કે

સીંધ ભાટીઆ મિત્ર મંડળને મળેલી અને વચનથી આ
પાએલી નીચેની રકમો આભાર સાથે સ્વીકારવી:—

મળ્યા—મુંબઇથી નામ આપ્યા વગર રૂા. ૧૦૦, શેઠ રૂપચંદ રૂગનાથ રૂા. ૫૧, શેઠ માગજી માવજી રૂા. ૨૫ લારખાના મહાજન રૂા. ૧૦૧

વચન મળ્યાં—ભાટીઆ પ્રકાશના અધિપતિ મારફત નામ વગર રૂા. ૫૦૦, નસરપુર મહાજન રૂા. ૫૧.

(૮) મી. દામોદર વાઘજીની દરખાસ્ત અને મી. ઇસરદાસ મેઘજીમલના ટેકાથી એવો ઠરાવ થયો કે

આ મીટીંગના કામકાજનો હેવાલ પ્રગટ કરવાની સતા સેક્રેટરીઓને આપવામાં આવે છે.

ત્યાર બાદ મીટીંગ બીજા દિવસ ઉપર મુલતવી રહી અને ફરીથી નીમે લે વખતે મળતાં નીચેના ઠરાવો સર્વાનુમતે પાસ થયા હતા.

(૧) મી. હરિદાસ લાલજીની દરખાસ્ત અને મી. વલ્લભદાસ કલ્યાણજીના અનુમોદનથી એવો ઠરાવ થયો કે

મી. નરસીંગદાસ કે ઝવેરીને કોનફરન્સના વધારાના સેક્ટરી નીમવા અને તેઓ રીસેપશન કમીટી અને બે જનરલ સેક્ટરીઓની સુચના અનુસાર હઇદ્રાબાદ ખાતેથી પત્ર વહેવાર રાખે.

(૩) મી. નરસીંગદાસ ડી.ની દરખાસ્ત અને મી. મુલચંદ થાવરદાસ આસરપોટાના અનુમોદનથી એવો ઠરાવ થયો કે

મી. મોરારજી વલ્લભદાસ ટોપરાણીને કોનફરન્સના ટ્રેઝરર નીમવા.

પાછળથી મી. મોરારજી વલ્લભદાસ ટોપરાણીનું ખાનગી કામપર કરાચી બહાર જવાનું થવાથી તેમની જગા બે.એ બેંક (કરાચી)ના માજી શરાફ મી. નરસીંગદાસ હેવનમલની ટ્રેઝરર તરીકે નીમણુંક થઇ છે.

ઉપર પ્રમાણે જ્યારે કોનફરન્સ ભરવાને માત્ર થોડાજ અઠવાડીઆંની વાર હતી ત્યારે રીસેપશન કમીટી અને તેના અધિકારીઓની નીમણુંક થઇ અને રીસેપશન કમીટીના પ્રમુખની ચુંટણીનો અગત્યનો સવાલ અમારે વિચારવાનો આવ્યો. સીંધના ભાટીઆઓના એક અગ્રેસર અને હઇદ્રાબાદના બાહોશ વકીલ મી. મથરાદાસ રામચંદ્ર બી. એ. એલ. એલ બી.ની પાસે અમે વાત પહોંચા

કી અને તેઓ પોતાની કોમની સેવા પોતાની શક્તિ પ્રમાણે અનહદ રીતે કર વાને ખુશી જણાયા. તા. ૨૯મી નવેંબર ૧૯૧૩ના રોજ રીસેપશન કમીટીની એક મીટીંગ ભરાઇ અને તેમાં મી. મથુરાદાસ રામચંદની રીસેપશન કમીટીના પ્રમુખ તરીકે સર્વાનુમતે નીમણુંક થઇ.

આ મહાન કાર્ય વાસ્તે જોઇતા પઇસાનો બંદોબસ્ત કરવો તે બીજો પ્રશ્ન અમારી સામે ખડો થયો. ઉપર કહેવાઇ ગયું તેમ અમને એક રકમ આપવામાં આવશે એવું કહેવાયું હતુ પણ તે આ મહાન કામ વાસ્તે જોઇતી રકમનો માત્ર એક ભાગજ હતો. અમે ખંતથી એ બાબતની પાછળ પડયા અ ને ટુંક વખતમાં કરાચી અને સીંધના બીજા ગામોમાં તેમજ મુંબઇ કલકત્તા વિગેરે વિગેરે ઠેકાણેથી એક સારી જેવી રકમ ભરાઇ ગઇ.

રીસેપશન કમીટીની સ્થાપનાના દિવસથી જે બાબતની ખાસ અમને ચિંતા હતી તે કોનફ્રન્સના પ્રમુખપદ વાસ્તે એક લાયક ભાટીઆ ગ્રહસ્થની ચુંટણી કરવા સંબંધી હતી. ઘણાએક અગ્રેસર ભાટીઆઓને અમે પુછાવી જોયું તેમણે કોનફ્રન્સ પ્રત્યે તેમની અંતઃકરણની દિલસોજી બતાવી પણ તેની સાથે જણા વ્યું કે મહત્વના ખાનગી કારણોને લીધે તેઓ પ્રમુખપદ લેવા અશક્ત છે. આમ અમે મુંઝવણમાં હતા ત્યારે રાવ સાહેબ લખમીદાસ રવજી અમારી સહાયે આવ્યા, અને અમારૂં આમંત્રણ સ્વીકારવા કબુલ કર્યું ત્યારે અમને કેટલો હર્ષ થયો હશે તેની કલ્પના કરી શકાશે. તા. ૧૭મી ડીસેંબરે રીસેપ શન કમીટીની એક તત્કાળીક મીટીંગ બોલાવવામાં આવી, અને રાવ સાહેબ લખમીદાસ રવજી સંપટની રીતસર ચુંટણી કરી. આ બધો સમય રીસેપશન કમીટીની મીટીંગો રોજ રોજ ભરાયા કરતી હતી, અને સંમેલનની ફતેહ વાસ્તે દરેકે દરેક ઝીણીમોટી ગોઠવણો યથોચિત રીતે સંપૂર્ણ કરવા સખત મહેનત લેવાઇ રહી હતી. કોનફ્રન્સ ભરાવાની અઠવાડીક અગાઉથી ડેલીગેટોનો પ્રવાહ આવવો શરૂ થઇ ગયો હતો, પણ પ્રમુખ મહાશયના આગમનના દિવસથી કોનફ્રન્સની શરૂઆત થઇ ચુકી ગણતી હતી, અને તે દિવસ ભાટીઆએ મોટા ઉત્સવ તરીકે પાળ્યો હતો.

કોનફ્રન્સની બેઠકોના બે દિવસના કાર્યનો અહેવાલ સાથેના પાનાઓથી મળી રહેશે. જેથી અમારે કરાચીવાળીઓએ અથવા તો અમારે રીસેપશન કમીટીવાળાઓએ એ બાબતમાં કાંઇ કહેવાનુ નથી. અમે તો માત્ર અમારાથી બનતો પ્રયાસ કર્યો છે, અને અમને જે અમારૂં કર્તવ્ય લાગ્યું તે યથોચિત

રીતે બજાવવા માત્ર યથામતિ શ્રમ લીધો છે. છતાં કોનફરન્સને જો કાંઇ ફતેહ મળી હોય તો તે તેની કાર્યવાહીના શીરછત્ર પ્રમુખની કાર્યદક્ષતાને, તથા કોનફરન્સમાં સર્વત્ર ફેલાઇ રહેલ બંધુત્વ અને સહકારીત્વની ભાવનાને આભા-રી છે.

કોનફરન્સને પરિપુર્ણતાએ પહોંચાડવાને જેણે જેણે શ્રમ લીધો છે અને સ્વાત્મભોગ આપ્યો છે તેના નામો ગણાવવા બેસીએ તો કોઇ કોઇ નામ રહી જાય એવો સંભવ રહે છે, છતાં કેટલાંક ખાસ નામો જણાવીએ તો બાહોશ મી. દામોદર વ.ઘાજીના નાયકપણા તળેની અને તેમના ખંતીલા સહાયક મી. જી. એ. કીકલાના હાથતળેના વોલંટીયરોની ટીમ છે. આ ટુકડીએ મુંબઇની ભાટીઆ વોલંટીયર ટીમ સાથે મળીને કોનફરન્સનું કામ પાર ઉતારવામાં અમુલ્ય સેવા બજાવી છે, અને તે માટે આભારની લાગણી અત્રેથી પ્રદરશિત કરવાની તક અમો લઇએ છીએ. રીસેપશન કમીટીના દરેકે દરેક મેંબરે કોનફરન્સનું કામ તે કામ પોતાનું ખાનગી કામ હોય એવી રીતે કર્યું છે, અને તેને ફતેહમંદ કરવાને કાંઇ પણ કરવામાં કચાશ રાખી નથી છતાં મી. હરીદાસ લાલજી લખમીદાસ જેમની સલાહ, અનુભવ અને વગ જ્યારે જ્યારે અમને ખપ પડે તે વખતે અમારી મદદમાં હાજરજ હતાં તેમનુ નામ અત્રે આપવાનું અમારે ન ભુલી જવું જોઇએ.

એક બાબત જે અત્રે ખાસ જણાવવા લાયક છે તે મી. રામચંદ્ર જેઠા-નંદ ગાજરીઆએ આપેલું જમણુ છે. કોનફરન્સની યાદગીરીમાં મી. રામચંદે આપેલા આ ભોજનમાં કોનફરન્સ માટે પધારેલા દરેક ભાટીઆઓને નિમંત્રણ કરવામાં આવ્યું હતું, અને આ પ્રસંગ કોનફરન્સના વિસરજન કાર્યમાટે બહુ બંધ બેસતો થઇ પડયો હતો. તે આનંદદાયક દિવસને અંતે સર્વે મીજબાનો ખાત પોતાના સ્થળે જવાને વિદાય થયા હતા.

રીસેપશન કમીટીના કાર્યનો અંત અત્રેજ આવતો નથી. કોનફરન્સની બેઠક પછી રીસેપશન કમીટીએ કરેલું સૌથી અગત્યનું કામ તે તેણે સ્થાપેલ " કોનફરન્સ સ્મારક " છે. આ યોજના સંબંધી થોડો ખ્યાલ પરીશિષ્ટમાં મીટીંગનો હેવાલ આપ્યો છે તે ઉપરથી આવી શકશે. અહીંઆ અમે હૈદ્રા-બાદના ભાટીઆ મિત્રમંડળનો આભાર માનવાની તક લઇશું કે જેણે આ સ્થ-

ળની જુદી પરિસ્થિતિના કારણસર કરાચીના ભાટીઆઓ પ્રથમ આખા હિંદના ભાટીઆની પરિષદ ભરવા જેવું ગંજાવર કામ માથે લેવાનું સાહસ કરવામાં ખંચાતા હતા તેમનામાં હિંમત અને આશા પુરવાનું કામ બજાવ્યું હતું. પોતાની ભીરૂતાનો ઉપયોગ, તેમણે વધારે ખંતથી કોનફરન્સની ફતેહ માટે કામ કરવાને કર્યો છે કે નહિ તે કરાચીના ભાટીઆઓએ દેખાડી આપ્યું છે. છતાં તેની તુલના કરવાનું અમે બીજાઓને સોંપીએ છીએ. કરાચી વતી તેમજ આખા સીંધ વતી બોલતાં અમે એટલુંજ કહીશું કે કોનફરન્સનું બીજ અત્રે રોપવા માટે તેમણે તેમની શક્તિમાં હતું તેટલુ બધું કર્યું છે, અને તેમણે તેમને અણછાજતો ન ગણાય એવો દાખલો બેસાડયો છે.

આ રીપોર્ટ સંબંધમાં એક બોલ વધુ અમારો કહેવાનો રહે છે અમે આ ઉપોદ્ઘાત પુરી કરવાનું કામ કરીએ છીએ તે વખતે "ભાટીઆ પ્રકાશ" માં રીપોર્ટ વાસ્તે ફરિયાદ ઉઠતી સાંભળીએ છીએ. અમે પુછીએ છીએ કે એ લેખકે તેની સહાય અમોને આપી હોત. અમને આકામ કાંઇ સહેલ માલુમ પડયું નથી. અમારા હાથમાં માત્ર થોડાંજ ભાષણો હતાં. બીજાની ટુંક નોંધ અથવા મુદ્દાના ટાંચણોજ અમારી પાસે હતાં, અને કેટલાક ભાષણો તઇયાર કરવાને અમારા હાથમાં કાંઇ પણ સાધન હતુ નહિ આ ખામીને પહોચી વળવા માટે બહોળા પત્ર વહેવારમાં અમારે ઉતરવું પડયું હતુ, તેમજ કાગળીઆના પોથાં અને વર્તમાન પત્રોની ફાઇલ ચુંથવાનું ભારે કામ ઉપાડવું પડયું હતું. છતાં અમો બધાં ભાષણો પાસ કરાવી શકયા નથી અથવા બધાએ મુદ્દા સંશોધત કરાયા નથી .તેથી અત્રે આપેલો સાર કોઇ કોઇ ઠેકાણે વિદ્વાન વકતાઓના ભાષણમાં કહ્યુ હોય તેવોજ બરાબર ન હોય તો તે તે વકતાઓને અમારી મુશ્કેલી ધ્યાનમાં લેવા અને દરગુજર કરી લેવા અમો વિનવીએ છીએ. અને અમને ભરૂસો છે કે આ બાબતમાં અમારી કોઇ ચુક રહી હોય તો તે પ્રત્યે પ્રેમભરી ક્ષંતવ્યતાથી જોવામાં આવશે. અહીં જે ગ્રહસ્થોએ ભાષણો વિગેરે સુધારવાની તક લીધી છે તેમનો આભાર માનવાની અમે તક લઇએ છીએ.

(સહી) ગોરધનદાસ મોરારજી સુંદરજી

(સહી) મુળચંદ થાવરદાસ આસરપોટા

એપ્રીલ, ૧૯૧૫

અધિકારીઓ ધી ઓલ ઈન્ડીઆ ભાટીઆ કોન્ફરન્સ, ૧૯૧૩

પ્રમુખ

રાવ સાહેબ લક્ષ્મીદાસ રાવજી સંપટ બાર. એટ. લૉ.

જોધપુરની ચીફ કોર્ટના જજ અને અગાઉ જોધપુરની રીજનસી કાઉન્સીલના દીવાન અને મેંબર.

સન્માનકારીણી કમીટીના પ્રમુખ

મી. મથરદાસ રામચંદ ઝવેરી. બી. એ. એલ. એલ. બી. વકીલ હૈદ્રાબાદ સીંધ.

સન્માન કારીણી કમીટીના ઉપપ્રમુખ

શેઠ સુંદરદાસ વલ્લભદાસ ટોપરાની, મરચંટ કરાચી, અને
ભાઇ દામોદર વાઘજી મરચંટ કરાચી.

ઓનરરી જનરલ સેક્રેટરીઓ

૧ ભાઇ ગોરધનદાસ મોરારજી સુંદરજી મરચંટ કરાચી
૨ મી૦ મુલચંદ ટી. અસરપોટા વકીલ કરાચી

અન્ય સેકરેટરીઓ

૧ મી૦ નરસીંગદાસ કે. ઝવેરી, બી. એ. એલ. એલ. બી., વકીલ હૈદ્રાબાદ સીંધ.

૨ મી૦ કીશીનદાસ ઝામરાય બી. એ. એલ. એલ. બી. વકીલ શીકારપુર.
(સખર, શીકારપુર, અને અપર સીંધ માટે)

જનરલ સેકરેટરીના આસીસ્ટન્ટ.

૧ મી૦ વીઠલદાસ વિશીનજી જેરાજાની મરચંટ, મુંબઇ

ખજાનચીઓ

૧ શેઠ મોરારજી વલ્લભદાસ ટોપરાની મરચંટ કરાચી

૨ મી૦ નરસીંગદાસ દેવનમલ જાવા, અગાઉ મુંબઈ બેંકના ઝવેરી, કરાચી

કાર્યભારીઓ

अ. ભાટીઆ કેમ્પના જનરલ ઇન્સ્પેકટરો.

૧. શેઠ સુન્દરદાસ વલ્લભદાસ ટોપરાની મરચન્ટ કરાચી.
૨. ભાઈ ધમનમલ ફતેહચંદ મરચન્ટ કરાચી.
૩. મી૦ રામચંદ જેઠાનન્દ ગાજરીઆ. જાગીરદાર કરાચી.

ब માલ અને મકાનની ગોઠવણ સબંધના મેમ્બરો

૧. મેસર્સ લાલજી લક્ષ્મીદાસવાળા ભાઈ હરિદાસ લાલજી મરચન્ટ કરાચી.
૨. મી૦ ટીકમદાસ ભુદરમલ મુંબઈ બેન્કના શરાફ કરાચી.
૩. ભાઈ ગોરધનદાસ નથુભાઈ મરચન્ટ કરાચી.
૪. ભાઈ આણંદજી વીશીનજી મરચંટ કરાચી.
૫. ભાઈ વલ્લભદાસ કલ્યાણજી મરચન્ટ કરાચી.

क કેમ્પના સુપરીન્ટેન્ડેન્ટો.

૧. કચ્છી અને હાલાઈ કેમ્પ

૧. ભાઈ મોરારજી સુંદરજી મરચન્ટ કરાચી.
૨. ભાઈ લાલજી લક્ષ્મીદાસ ,, ,,

૨. સામાન્ય કેમ્પ

૧. મી૦ નરસીંગદાસ ધમનમલ, મરચન્ટ ઠઠ્ઠા.
૨. મી૦ પરમાનંદ ભવાનદાસ, કન્ટ્રાકટર- કરાચી.
૩. મી૦ જાદવજી ગોવિંદજી, મરચન્ટ કરાચી.

૩. નગરઠઠ્ઠા અને હેદ્રાબાદ કેમ્પ.

૧. ભાઈ ધમનમલ ફ[illegible]ચંદ, મરચન્ટ કરાચી.
૨. ભાઈ આસનમલ ટીકમદાસ, મરચન્ટ કરાચી.
૩. ભાઈ જેરામ લાલજી મરચંન્ટ, કરાચી.

૪. પંજાબ અને યુનાઈટેડ પ્રોવીન્સીસ કેમ્પ

૧. દેરા ઇસ્માલખાનવાળા મેસર્સ રામચંદ સીદ્ધારામવાળા ભાઈ છબીલદાસ વીશીનદરામ મરચન્ટ કરાચી.

૫. મારવાર અને મધ્ય પ્રાંતોની કેમ્પ

૧. ભાઇ રૂપચંદ રૂગનાથ મારવાડી મરચન્ટ કરાચી.

ડેકોરેશન કમીટી

૧. મી૦ ગોવરધનદાસ આસનમલ કીકલા વકીલ કરાચી.

૨. મી૦ હોતચંદ હીરાનંદ મરચન્ટ કરાચી.

સ્વયં સેવકો

૧. ભાઇ દામોદર વાઘજી મરચન્ટ કરાચી. (કેપટન)

૨. મી૦ જી૦ એ૦ કીકલા બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦ વકીલ કરાચી (જનરલ લેફ્ટેનન્ટ)

૩. મી૦ વીજયસીંગ ગોવિંદજી પુરેચા મરચન્ટ સ્વયં સેવકોની મંડળીના કેપટન મુંબઇ.

૪. વલ્લભદાસ કલ્યાણજી મરચંટ કરાચી લેફ્ટેનન્ટ

૫. ડરસનદાસ જેઠા મરચંટ કરાચી લેફ્ટેનન્ટ

૬. મી૦ થાવરદાસ દેવીદાસ હોર્સ ટ્રેનર કરાચી લેફ્ટેનન્ટ.

૭. દલપતરાય ટેકચંદ કલાર્ક કરાચી. ”

૮. મગનમલ હીરાનંદ પાસનોટ રાઇટર કરાચી લેફ્ટેનન્ટ.

મુંબઇની સન્માન કાર્યની કમીટીના પ્રતિનીધિ

મી૦ મગનલાલ આસનમલ કીકલા મરચન્ટ મુંબ.

ભેટ

સન્માન કારીણી કમીટીના મેમ્બરોના નામ સહીત.

૧ ૨૨-૧૧-૧૩ મી૦ દામોદર રવજીની મારફત એક ગ્રહસ્થે પોતાનું નામ જાહેર કર્યા સિવાય મુંબઇ ૫૦૦-૦-૦

૨ ૨૨-૧૧-૧૩ મી૦ મોરારજી સુંદરજી કરાચી (મે. રી.) ૧૦૧-૦-૦

૩ ૨૪-૧૧-૧૩ શેઠ નરોતમ મોરારજી અને રતનસી ધરમસી મુંબઈ ૫૦૧-૦-૦

૪ ૨૫-૧૧-૧૩ મી૦ લાલજી લક્ષ્મીદાસ કરાચી (મે. રી.) ૫૧-૦-૦

૫ ૨૫-૧૧-૧૩ મી૦ મુલચંદ થાવરદાસ આસરપોટા (ઠઠા વાળા) કરાચી (મે. રી.) ૨૧-૦-૦

૬ ૨૬-૧૧-૧૩ મેસર્સ ધરમદાસ થાવરદાસ (ઠઠા વાળા) કરાચી (મે. રી.) ૫૧-૦-૦

૭ ૨૬-૧૧-૧૩ મી૦ગોરધનદાસ ગોવીંદજી કરાચી (મે. રી.) ૧૫-૦-૦

૮ ૨૬-૧૧-૧૩ મી૦ દામોદર વાઘજી કરાચી (મે. રી.) ૧૫-૦-૦

૯ ૨૬-૧૧-૧૩ મી૦ વલ્લભદાસ પ્રેમજી" કરાચી (મે. રી.) ૧૫-૦-૦

૧૦ ૨૬-૧૧-૧૩ મી૦ વલ્લભદાસ ઉધ્વજી કરાચી (મે. રી.) ૧૫-૦-૦

૧૧ ૩૦-૧૧-૧૩ મી૦ સેવારામ વીશીનદાસ આસરપોટા (ઠઠા વાળા) કરાચી (મે. રી.) ૧૦-૦-૦

૧૨ ૩૦ - ૧૧ - ૧૩ મી૦ ટેકચંદ પરશોતમદાસ (ઠઠાવાળા) કરાચી (મે રી.) ૩૫-૦-૦

૧૩ ૨ - ૧૨ - ૧૩ મેસર્સ રતનશી પરશોતમ કરાચી (મે. રી.) ૫૧-૦-૦

૧૪. ૨ - ૧૨ - ૧૩ મી૦ રામચંદ જેઠાનંદ ગાજરીઆ (ઠઠ્ઠાવાળા) કરાચી (મે૦ રી૦) ૨૫-૦-૦

૧૫. ૨ - ૧૨ - ૧૩ મી૦ એમ૦ એ૦ કીકલાની મારફત (ઠઠ્ઠાવાળા)

એક સીંધી ભાટીઆ સદ્‌ગ્રહસ્થે પોતાનું નામ જાહેર કર્યા સિવાય મુંબઇ ૫૧-૦-૦

૧૬. ૨ - ૧૨ - ૧૩ મી૦ નારણદાસ પરશોતમ મુંબઇ ૧૫-૦-૦

૧૭. ૨ - ૧૨ - ૧૩ મી૦ નારાણજી દયાળ મુંબઇ ૧૫-૦-૦

૧૮. ૨-૧૨-૧૩ મી૦ પદમસી નરસી મુંબઈ ૧૫-૦-૦

૧૯. ૨-૧૨-૧૩ મી૦ કરસનદાસ ગોકલદાસ મુંબઇ ૧૫-૦-૦

૨૦. ૨-૧૨-૧૩ મી૦ હુરગમ લક્ષ્મીદાસ મુંબઇ ૧૧-૦-૦

૨૧. ૨-૧૨-૧૩ મી૦ જેઠાભાઈ વાલજી મુંબઇ ૧૦-૦-૦

૨૨. ૨-૧૨-૧૩ મી૦ કલ્યાણજી કરસનદાસ મુંબઈ ૫-૦-૦

૨૩. ૨ - ૧૨ - ૧૩ મી૦ ગોવરધનદાસ આસનમલ કીકલા (ઠઠ્ઠાવાળા) કરાચી (મે૦ રી૦) ૨૧-૦-૦

૨૪. ૩ - ૧૨ - ૧૩ મી. ગોરધનદાસ નથુભાઇ કરાચી (મે. રી.) ૧૫-૦-૦

૨૫. ૩-૧૨-૧૩. મી. ખટાઉ ગોરધનદાશ કરાચી (મે૦ રી૦) ૧૫-૦-૦

૨૬ ૩-૧૨-૧૩ મેસર્સ ગોવરધનદાસ ધમનમલ ગાજરીઆ (ઠઠા વાળા) કરાચી (મે. રી.) ૨૫-૦-૦

૨૭ ૫-૧૨-૧૩ શેઠ રામદાસ મોરારજી કરાચી (મે. રી.) ૧૦૧-૦-૦
૨૮ ૫-૧૨-૧૩ મી૦ ત્રીકમજી જીવણદાસ કરાચી (મે. રી.) ૧૫-૦-૦
૨૯ ૫-૧૨-૧૩ મી૦ વલ્લભદાસ કલ્યાણજી કરાચી (મે. રી.) ૧૫-૦-૦
૩૦ ૬-૧૨-૧૩ સર વીઠલદાસ દામોદર ઠાકરસી નાઇટ (મે. રી.) ૫૦૦-૦-૦
૩૧ ૬-૧૨-૧૩ મી૦ લધ્ધોમલ ઘનશામદાસ (શીકારપુર વાળા) કરાચી (મે. રી.) ૧૫-૦-૦
૩૨ ૬-૧૨-૧૩ મી. દીપચંદ દોલતરામ (શીકારપુરવાળા) કરાચી ૫-૦-૦
૩૩ ૬-૧૨-૧૩ મી૦ ગોવીંદરામ સોભરાજ (શીકારપુર વાળા) કરાચી ૫-૦-૦
૩૪ ૯-૧૨-૧૩ મી૦ ટીકમદાસ ભુદરમલ કરાચી (મે. રી.) ૩૫-૦-૦
૩૫ ૯-૧૨-૧૩ મી૦ જેસારામ દોલતરામ (શીકારપુર વાળા) કરાચી ૨-૦-૦
૩૬ ૯-૧૨-૧૩ મી. દેવુમલ મુલચંદ (શીકારપુરવાળા) કરાચી. ૫-૦-૦
૩૭ ૯-૧૨-૧૩ મી૦ તેજભાણદાસ મોતીરામ (શીકારપુર વાળા) (મે. રી.) કરાચી ૧૧-૦-૦
૩૮ ૯-૧૨-૧૩ મી. મોરારજી વેલજી કરાચી (મે. રી.) ૧૫-૦-૦
૩૯ ૯-૧૨-૧૩ મી. તુલસીદાસ તેજપાલ કરાચી (મે. રી.) ૧૫-૦-૦
૪૦ ૯-૧૨-૧૩ મી. નરસીંગદાસ દેવનમલ (ઠઠાવાલા) કરાચી (મે. રી.) ૨૧-૦-૦
૪૧ ૧૧-૧૨-૧૩ મી. રામચંદ પીતાંબરદાસ ઠઠા (મે. રી.) ૧૦-૦-૦
૪૨ ૧૩-૧૨-૧૩ શેઠ ગોરધનદાસ ખટાઉ મકનજી મુંબઇ ૫૦૧-૦-૦
૪૩ ૧૬-૧૨-૧૩ કલકત્તાનું ભાટીયા મહાજન ગોપાલદાસ વીરજી મારફત ૫૦૧-૦-૦
૪૪ ૧૬-૧૨-૧૩ (અ) મેસર્સ રામચંદ ગીધુરામ (બ) મેસર્સ જેસારામ ઠાકરદાસ અને (ક) મેસર્સ શામદાસ હીરાનંદ (દેરા ઇસ માલખાનવાળા) કરાચી (મે. રી.) ૧૦૧-૦-૦
૪૫ ૧૬-૧૨-૧૩ મી. કલ્યાણજી ભાણજી મારફત જામ સલાયાનું ભાટીયા મહાજન ૫૧-૦-૦
૪૬ ૧૬-૧૨-૧૩ મી. લધારામ આસુમલ (ઠઠાવાળા) કરાચી (મે. રી.) ૧૫-૦-૦

૪૭ ૧૬-૧૨-૧૩ મી. તેજભાણદાસ ભોજરાજ (શીકારપુરવાળા) કરાચી (મે. રી.) ૨૦-૦-૦

૪૮ ૧૭-૧૨-૧૩ મી. જમનદાસ ઉધારામ કરાચી (મે. રી.) ૧૧-૦-૦

૪૯. ૧૭-૧૨-૧૩ મી. માધવદાસ રણછોડદાસ કરાચી (મે. રી.) ૨૫-૦-૦

૫૦. ૧૭-૧૨-૧૩ મી. કલ્યાણજી ભાણજી કરાચી (મે. રી.) ૨૫-૦-૦

૫૧. ૧૯-૧૨-૧૩ મી૦ નરસીંગદ.સ ધમનમલ ગબલા ઠઠ્ઠાવાળા (મે૦ રી૦) કરાચી ૧૦-૦-૦

૫૨. ૧૯-૧૨-૧૩ મી. હોટચંદ હીરાનંદ અસરપોટા (ઠઠ્ઠાવાળા) કરાચી (મે. રી.) ૧૦-૦-૦

૫૩ ૧૯-૧૨-૧૩ મી. માધુમલ જેઠાનંદ ઠઠ્ઠા (મે. રી.) ૫૧-૦-૦

૫૪. ૧૯-૧૨-૧૩ મી. ધમનમલ દેવકીશીનદાસ ઠઠ્ઠા (મે. રી.) ૧૦-૦-૦

૫૫. ૧૯ - ૧૨ - ૧૩ ડો૦ હીરાલાલ લાહોર ૫૧ - ૦ - ૦

૫૬. ૨૦ - ૧૨ - ૧૩ શેઠ ગોરધનદાસ ખેતસી બોમ્બે ૧૦૧-૦-૦

૫૭. ૨૨-૧૨-૧૩ [અ] ભાઈ હીરાનંદ સીરીરામ. [બ] મુખી રૂપચંદ કેવલરામ કરાચીના મુખી૦ અને [ક] મી૦ આસનમલ ટીકમદાસ [ઠઠ્ઠાવાળા] કરાચી [મે૦ રી૦] ૩૫-૦-૦

૫૮. ૨૨-૧૨-૧૩ મી૦ હીરજીમલ માધુમલ ઠઠ્ઠા [મે૦ રી૦] ૨૧-૦-૦

૫૯. ૨૨-૧૨-૧૩ મેસર્સ દામોદરદાસ કેવલરામ ઠઠ્ઠા [મે૦ રી૦] ૨૫-૦-૦

૬૦. ૨૨-૧૨-૧૩ મેસર્સ ધમનમલ ઘનશ્યામદાસ ઠઠ્ઠા [મે૦ રી૦] ૨૫-૦-૦

૬૧. ૨૨-૧૨-૧૩ મુખી હરીઆનોમલ ચેલારામ ઠાકુર ગજરીઆ ઠઠા (મે. રી.) મારફત ઠઠાનું ભાટીઆ મહાજન ૧૦૧-૦-૦

૬૨ ૨૨-૧૨-૧૩ મેંઘરાજ મંધારામ ઠઠા (મે. રી.) ૧૦-૦-૦

૬૩ ૨૨-૧૨-૧૩ ખેમચંદ ઝવેરીઆના દીકરા મેસર્સ ગોકલદાસ અને નરસીંગદાસ હઇદરાબાદ [મે. રી.] ૨૧-૦-૦

૬૪ ૨૨-૧૨-૧૩ મેસર્સ કીમતરાય હાવલમલ [શીકારપુરવાળા] કરાચી [મે. રી.] ૧૧-૦-૦

૬૫ ૨૨-૧૨-૧૩ મી. લેખરાજ ટેકચંદ ઠઠા [મે. રી.] ૧૦-૦-૦

૬૬ ૨૨-૧૨-૧૩ મેસર્સ ખેમચંદ ઇસરદાસ [રાણીપુરવાળા] કરાચી [મે. રી.] ૧૫-૦-૦

૬૭ ૨૨-૧૨-૧૩ મી. સુંદરદાસ વલ્લભદાસ કરાચી [મે. રી.] ૧૦-૦-૦

૬૮ ૨૨-૧૨-૧૩ મી. આસનમલ પીતાંબરદાસ ઠઠા [મે. રી.] ૧૦-૦-૦

૬૯ ૨૨-૧૨-૧૩ મી. ઉતમચંદ પીતાંબરદાસ [ઠઠાવાળા] કરાચી [મે. રી.] ૨૦-૦-૦

૭૦ ૨૨-૧૨-૧૩ મી. મુંલચંદ ખતુમલ [નસરપુરવાળા] કરાચી [મે. રી.] ૧૦-૦-૦

૭૧ ૨૨-૧૨-૧૩ મી. વીશનજી નથુ કરાચી [મે. રી.] ૧૫-૦-૦

૭૨ ૨૨-૧૨-૧૩ શેવારામ સતરામદાસ કપાણી કરાચી [મે. રી.] ૧૧-૦-૦

૭૩ ૨૨-૧૨-૧૩ સમનમલ સતરામદાસ કપાણી કરાચી [મે. રી.] ૧૧-૦-૦

૭૪ ૨૨-૧૨-૧૩ મી. ગોવીંદજી વીરજી કરાચી [મે. રી.] ૫૧-૦-૦

૭૫ ૨૨-૧૨-૧૩ મ૦ પ્રાગજી દયાલ કરાચી [મે. રી.] ૧૫-૦-૦

૭૬ ૨૨-૧૨-૧૩ મી૦ પ્રાગજી ગીરધર કરાચી [મે. રી.] ૧૦-૦-૦

૭૭ ૨૩-૧૨-૧૩ મી૦ મથરાદાસ રામચંદ વકીલ હઈદ્રાબાદ [મે. રી.] ૧૦૧-૦-૦

૭૮ ૨૩-૧૨-૧૩ મી૦ જીવણદાસ એમ. સોરી ૨-૦-૦

૭૯ ૨૩-૧૨-૧૩ મી૦ લધા ઘેલા કરાચી ૦-૪-૦

૮૦ ૨૩-૧૨-૧૩ ડો. લેખરાજ—વેદ ૫-૦-૦

૮૧ ૨૩-૧૨-૧૩ મી૦ જમનાદાસ સોની ૧-૦-૦

૮૨ ૨૩-૧૨-૧૩ મેસર્સ વલ્લભદાસ ઉમરશી કરાચી [મે. રી.] ૩૧-૦-૦

૮૩ ૨૩-૧૨-૧૩ મી૦ દામોદરદાસ ટીકમદાસ [ઠઠા] [મે. રી.] ૧૦-૦-૦

૮૪ ૨૩-૧૨-૧૩ મી૦ જેરામદાસ પ્રહલાદદાસ ઠઠા [મે. રી.] ૧૦-૦-૦

૮૫ ૨૩-૧૨-૧૩ મી૦ ગોવરધનદાસ દામોદરદાસ [મે. રી.] ૧૫-૦-૦

૮૬ ૨૩-૧૨-૧૩ મી૦ ટીલુમલ રીજુમલ ૧૦-૦-૦

૮૭ ૨૪-૧૨-૧૩ એક ગ્રહસ્થે નામ આપ્યા સિવાય ઠઠા ૧૦-૦-૦

૮૮ ૨૪-૧૨-૧૩ મી૦ રવજી વાલજી કરાચી [મે. રી.] ૧૦-૦-૦

૮૯ ૨૪-૧૨-૧૩ મી૦ ગોકલદાસ દામોદરદાસ [મે. રી.] ૨૦-૦-૦

૯૦ ૨૬-૧૨-૧૩ મી૦ લીલારામ મધનમલ વકીલ હઈદ્રાબાદ [મે. રી.] ૧૦-૦-૦

૯૧ ૨૬-૧૨-૧૩ રા. સા. પરસોતમ ઉધવજી જે. પી. મુંબઈ ૧૦-૦-૦

૯૨	૨૬-૧૨-૧૩	મી. ખાનચંદ નારાયણદાસ શીકારપુર		૫-૦-૦
૯૩	૨૯-૧૨-૧૩	ઠાકર તુલસીદાસ વેરસીમલ ગાજરીઆ ઠઠાના મુખી [ઠઠા અને હઇદરાબાદની કેમ્પના ખર્ચ ખાતર]	[મે. રી.]	૪૦૦-૦-૦
૯૪	૨-૧-૧૪	એક ગ્રહસ્થે પોતાનું નામ આપ્યા સિવાય હઇદરાબાદના મી. નરસીંગદાસ ખેમચંદ ઝવેરી મારફત મુંબઇ		૧૦૦-૦-૦
૯૫	૨-૧-૧૪	મેસર્સ રૂપચંદ રૂગનાથ [જોધપુરવાળા] કરાચી	[મે. રી.]	૫૧-૦-૦
૯૬	૨-૧-૧૪	મી. પ્રાગજી માવજી		૨૫-૦-૦
૯૭	૨-૧-૧૪	લારખાનાનું ભાટીઆ મહાજન	[મે. રી.]	૧૦૧-૦-૦
૯૮	૨-૧-૧૪	નસરપુરનું ભાટીઆ મહાજન	[મે. રી.]	૫૩-૧૪-૦
૯૯	૨-૧-૧૪	મી. વરજલાલ ચુનાઉ મુ૦ પી૦		૨૫-૦-૦
૧૦૦	૨-૧-૧૪	રોહરીના ભાટીઆ મહાજન	[મે. રી.]	૧૦૫-૦-૦
૧૦૧	૨-૧-૧૪	જુના સક્કરના ભાટીઆ મહાજન	[મે. રી.]	૨૫-૦૦
૧૦૨	૨-૧-૧૪	મી. કીસનદાસ જામરાય વકીલ શીકારપુર મારફત શીકારપુરમાં થયેલાં ઉઘરાણુ		૩૨-૦-૦
૧૦૩	૨-૧-૧૪	નવા સક્કરના ભાટીઆ મહાજન	[મે. રી.]	૨૫-૦-૦
૧૦૪	૧૩-૧-૧૪	ભીમજી જેરાજ મકનજી મુંબઇ		૫૧-૦ ૦
૧૦૫	૧૩-૧૧૪	યદુવંશી ભાટીઆ મિત્ર મંડળ મુંબઇ		૧૨૫-૪-૦

કુલ સરવાળો રૂા. ૫,૬૭૮-૬-૦

૧ મેસર્સ મોરારજી સુંદરજી અને લાલજી લક્ષ્મીદાસે કોન્ફરન્સના તમામ કચ્છી અને હાલાઇ મેમાનોની, રૂપચંદ રૂગનાથે મારવાડી મેમાનોની, મેસર્સ રામચંદ સીધુરામ, મેસર્સ જેસારામ ઠાકરદાસ અને મેસર્સ સામદાસ હીરાનંદે પંજાબી મેમાનોની અને મેસર્સ ગોવર્ધનદાસ ધમનમલે કેટલાક ઠઠાના મેમાનોની પરોણા ચાકરી કરી હતી. મને એમ પણ કહેવામાં આવ્યું છે કે કેટલાક ગ્રહસ્થોએ બીજી કેટલીક પેઢીઓમાં ઉતારો લીધો હતો.

૨ ઠઠા વાળા ઠાકર તુલસીદાસ વેરશીમલ ગજરીઆએ ઠઠા અને હઇદ્રાબાદ કેમ્પનું પુરેપુરૂં ખરચ આપ્યું હતું.

૩ ઠઠા વાળા મી૦રામચંદ જેઠાનંદ ગજરીઆએ તેની ચાહગીરી માટે કોન્ફરન્સના દરેક મેમાનોને મોટું જમણ આપ્યું હતુ.

૪ ઉપરના જે ભેટ આપનારાઓના નામ આગળ [મે. રી.] એવા અક્ષરો લખાયેલા આવ્યા હોય તેઓ માનમાન કારીઆ કમીટીના મેમ્બરો છે.

પ્રમુખનું સીંધમાં અને કરાચી ખાતે આગમન અને તેમનું સ્વાગત.

આખા હિંદની ભાટીઆ પરિષદ્‌ના પ્રમુખ રાવ સાહેબ લક્ષ્મીદાસ રવજીને સિંધની સમસ્ત ભાટીઆ કોમ તરફથી આપવામાં આવેલ ઉત્સાહ ભરેલ આવકારનું વર્ણન જે ભાઇઓ અને ગ્રહસ્થો હાજર હતા અને જેમને આ પ્રસંગ નજરે જોવાનું બની આવ્યું હતું તેઓને એટલું બધું રસમય નહિ જણાય: કારણ તે સ્મરણીય પ્રસંગનો શબ્દો દ્વારા યોગ્ય ખ્યાલ આપવો મુશ્કેલ છે. પરંતુ જે ભાઇઓને આ મહાન દેખાવ એક યા બીજા કારણો ને લઇને નજરે જોવાની તક નહોતી મળી તેમના માટે અમો ટુંકમાં પણ બની શકે એવું આબેહુબ ચિત્ર આપવાની અમારી ફરજ સમજીએ છીએ.

લગભગ ૯૦૦ વર્ષના અરસા પછી આવી જાતની આ પરિષદ્ પહેલ વહેલીજ ભરાતી હોવાથી હિંદના દરેક ભાગના ભાટીઆઓ તેને ફતેહમંદ બનાવવા માટે અસાધારણ ઉલટ ભર્યો ભાગ લેતા હતા. અને આ પરિષદ્‌નાં પ્રમુખ સ્થાનપર બિરાજવાને કયો ભાઇ ભાગ્ય શાળી થશે તે જાણુવાને આતુર હૈયે અને કાગને ડોળે ઘણો લાંબો વખત થયાં રાહ જોતા હતા અને તેમાં પણ જ્યારે પ્રમુખપદને શોભાવે એવા ઘણાય ભાઇઓએ એક યા બીજા સબબે પ્રમુખપદ સ્વીકારવાની ના પાડી ત્યારે તેમની આતુરતામાં વધારો થયો હતો. વખત બહુજ તંગ રહયો હતો અને આપણા ભાઇઓની ઇંતેજારી ટોંચે પહોંચી હતી. આવે અણીને વખતે એટલે પરિષદ્‌ના ભરાવાના ફકત બાર દિવસ પહેલાંજ આપણા સાગ નશીબે પ્રભુએ આપણને મદદ કરી અને તેની સહાયતાથી આપણો ઉચાટ દુર થયો, અને તેના બદલે બારીસ્ટર એટ લૉ અને જોધપુર રાજ્યના રેસીડેન્સી કાઉન્સીલના મેંમ્બર રાવ સાહેબ લક્ષ્મીદાસ રવજીએ એ જોખમદારી ભરેલો હુદ્દો કબુલ કરી આપણી પરિષદ્ રૂપી નાવ એવા કટાકટીના સમયમાં પોતાની હોશીઆરી અને દુરંદેશીથી ચલાવવાનું ... લીધું છે એવા ખબર જાહેર થવાથી ચોતરફ આનંદ ફેલાઇ રહયો.

આ નાયક ગ્રહસ્થના આગમનને વધાવી લેવાને સ્વભાવીક રીતે બધા આતુર

હતા અને તેમના કરાંચીમાં આવવાની તારીખ નકકી થઈ કે તરતજ મુંબઇથી અને બીજી જગોએથી આપણા ભાટીઆ ભાઇઓ તેમના ચુંટી કાઢેલા પ્રમુખને સઉથી પહેલાં મળવાની આશામાં નીકળી પડયા. અને રાવ સાહેબ લક્ષ્મીદાસે જોધપુર છોડયા બાદ થોડા કલાકે લુણી ખાતે જ્યારે પરિષદની હીલચાલ અને તેના પ્રમુખના માટે ઉલટ બતાવવામાં આતુર થયેલા પોતાના મિત્રોની વચ્ચે પોતાને જોયા ત્યારે તેમને ઘણુંજ સાનંદાશ્ચર્ય થયું. રાવ સાહેબ લક્ષ્મીદાસ લુણી સ્ટેશને આવતાંજ તેમને મુંબઇ તરફના ડેલીગેટોની સારી જેવી સંખ્યાએ આવકાર આપ્યો. સિંધ ભાટીઆ મિત્ર મંડળ પણ આવકાર આપવામાં ઉતરે તેમ ન હતું અને તેના સભાસદો મી. મગનમલ કીકલા અને શેઠ મુલજીમલ મગનમલ એમણે પણ રાવ સાહેબ લક્ષ્મીદાસને લુણી ખાતે આવકાર આપ્યો હતો. ટ્રેન હજુ સિંધમાં તો દાખલ થઇ નહી હોય એટલામાં તો બધા ભાગોમાંથી ભાટીઆઓ ને તેમનું આવવાનું જાણુમાં થતાં કોનફરન્સ તરફ તેમજ પ્રેસીડેન્ટ તરફ પોતાના અંતઃકરણની લાગણી અને કોનફરન્સની ફતેહ મંદી માટે દરેક આશીરવાદ અને આશીશો સાથે સિંધના દરેક ભાગમાંથી દોડી આવ્યા. પહેલું ભાટીઆ સેન્ટર હઇદ્રાબાદ આવ્યું અને ટ્રેન સ્ટેશનમાં આવી તેવાજ હુરરેના પોકારોથી આખું પ્લેટ ફોર્મ ગાજી ઉઠયું.

અત્રે સન્માનકારિણી સભાના પ્રમુખ મી. મથરાદાસ રામચંદ, મી. લીલારામ મધનમલ એક જાણીતા પ્લીડર, સિંધ ભાટીઆ મિત્ર મંડળના સભાસદો અને ભાટીઆ મિત્રના અધિપતિ મી. કે. એચ. ઝવેરી વિગેરે ગ્રહસ્થો હાજર હતા, જેમણે પ્રમુખ સાહેબને બધાના ખુશાલીના પોકારો વચ્ચે હાર તોરા પહેરાવ્યા. હાર તોરા પહેરાવવાનું કામ પુરૂં થયું કે તરતજ સીટી થઇ અને ટ્રેન ઉપડી. બીજું ભાટીઆ સેન્ટર ઠઠાના લોકો પણ પ્રમુખના આવવાનું સાંભળતાંજ જુંગશાહી સુધીના ૧૪ માઇલના અંતરને ન ગણકારતાં એકદમ સ્ટેશન ઉપર આવી પહોંચ્યા અને પ્રમુખને જોતાંજ હર્ષ નાદથી આખાં સ્ટેશનને ગજાવી મુકયું અને પ્રમુખ સાહેબને હાર તોરા વિગેરે અર્પણ કરવાનું કામ પુરૂં થયું નહી એટલામાં ટ્રેન ઉપડી. કેટલાક તો જાણે આટલા ટુંક સમયમાં પ્રમુખનાં દર્શનથી ધરાયા ન હોય તેમ તેજ ટ્રેનમાં તેમના સાથે કરાચી આવવા માટે ટીકીટ ખરીદ કરી ચડી બેઠા જ્યારે બીજાઓ પરિષદ્‌ની ફતેહના માટે આશા તેમજ ઇચ્છા જાહેર કરતા પાછા ઠઠે ગયા.

મુંબઈ ખાતે કરાચીથી નીચે લખ્યા ગ્રહસ્થોનું બનેલું એક ખાસ ડેપ્યુટેશન રાવ સાહેબ લક્ષ્મીદાસને મળ્યું.

૧. શેઠ સુંદરદાસ વલભદાસ, વાઇસ ચેરમેન, રીસેપ્શન કમીટી
૨. ભાઇ દામોદરદાસ વાઘજી કેપ્ટન વોલંટીઅરસ ટીમ
૩. ભાઇ નરસંગદાસ દેવનમલ ટરેઝરર
૪. ભાઇ રૂપચંદ રૂગનાથ
૫. ભાઇ છબીલદાસ વશદારામ
૬. ભાઇ ગોરધનદાસ નથુભાઈ

જેઓએ ખુશાલીના અવાજો વચે પ્રમુખ સાહેબને હાર તુરા અર્પણ કરી રીસેપ્શન કમીટી તરફથી અંતઃકરણ પુર્વક આભારની લાગણી દર્શાવી સાથે બેઠક લીધી. બધા ડબાઓમાં બેઠેલા માણસોને ભાટીઆ કોનફ્રન્સ અને તેના પ્રમુખ એજ વાતોનો વીષય થઇ પડયો હતો.

પહેલા વર્ગના જે ડબામાં પ્રમુખ સાહેબ બિરાજમાન થયા હતા તે આખો ડબો સંખ્યાબંધ ફુલના હાર અને તોરાની ખુશબોથી બહેકી રહયો હતો અને તેમાં બેઠેલા ઉતારૂઓની આનંદી મુખમુદ્રા તેમનાં અંતરમાં પરિષદ્ વાસ્તે કેવા ઉત્સાહ ભરેલા વિચારો આવતા હતા તે જણાવી આપતી હતી.

કરાચી ખાતે પ્રમુખનું આગમન તા. ૨૧મી ડીસેંબર સને ૧૯૧૩ના રોજે સાંજે ૬ વાગે કવેટા મેલમાં થવાનું હતું. આ વખત પહેલાં ઘણા લાંબા સમયથી કરાંચીના બધા ભાટીઆ વતનીઓ સન્માનકારિણી સભાના પ્રમુખ અને સભાસદો તથા બાળકો સુંદર અને સુશોભીત કપડામાં સજ્જ થઇ પ્રમુખ સાહેબને ઉતારવાને રેલ્વે સ્ટેશન ઉપર હાજર થયા હતા. તેમજ બહારગામથી આવેલા ડેલીગેટો અને પ્રેક્ષકો પણ તેમના બેજોસથી પાધરા પડી રહેતા હતા.

સ્ટેશનની બહાર એક બાજુએ બહાદુર વોલંટીયરો તેમના નાયકની સરદારી હેઠળ ગોઠવાઇને ઉભા હતા અને પ્રમુખ સાહેબનાં દર્શનની એકી ટશે રાહ જોયા કરતા હતા જ્યારે બીજી બાજુએ બાળકો હાથમાં વાવટાઓ અને મોંમાં ખુશાલીના પોકારો સાથે હારબંધ ઉભા હતા, અને સઉ કોઇ પોતાને નિયત કરાયલી ડયુટી બજાવવામાં એક બીજાથી વધી જવાની કોશેષ કરતા હતા.

આમ થોડા વખત થયો નહી એટલામાં સ્ટેશન માર્ઈમાંની સીગનલ પડી અને ગાડીએ દેખાવ દીધો તેવાજ હર્ષ ઘેલા લોકોનાં મોમાંથી ખુશાલીના અવાજો નીકળવા લાગ્યા અને તે ટ્રેન પેહાંચી અને રાવ સાહેબ લક્ષ્મીદાસ પોતાના ડબામાંથી બહાર આવ્યા ત્યાં સુધી ચાલુજ હતા. રાવ સાહેબ ડબામાંથી બહાર આવતાં હાર તોરાથી વધાવી લીધા પછી તેમને સન્માન કારણી સભાના સભ્યો તથા બીજા હુદ્દેદારોનું ઓળખાણુ કરાવવામાં આવ્યું. ત્યારબાદ પ્રમુખ સાહેબે સ્ટેશનમાં હારબંધ ગોઠવાયલા વોલંટીયરોનો રીવ્યુ લીધો. તથા મુંબઇથી વોલનટીઅર્સને માટે મંગાવેલા ખાસ ચાંદીના પદકોની પ્રમુખ સાહેબે સ્વહસ્તે ભેટ કરી જે પદકોની એક બાજુ ભાટીઆઓના મુળ પુરૂષ શ્રી ગોપાલ કૃસ્ન ભગવાનની છબી અને બીજી બાજુ ઓલ ઇન્ડીઆ ભાટીઆ કોનફ્રન્સ કરાચી સને ૧૯૧૩ એમ કોતરેલું હતું.

તે પછી હાજર થયેલા સર્વે ભાઇઓ જ્યારે સ્ટેશન બહાર આવી ગયા ત્યારે પ્રમુખ સાહેબની સ્વારી તેમને આપેલ ઉતારા તરફ ચાલી. સ્વારીને મોખરે એક સુંદર બેંડ વાગતું હતું અને તેની પાછળ ઘોડેસ્વાર થયેલા વોલંટીયરો ચાલતા હતા. જેની પુંઠે સંખ્યાબંધ બાળકો હાથમાં વાવટા અને મુખમાં આનંદ સાથે ગોઠવાઇને ચાલતા હતા. ત્યાર પછી વોલંટીઅરોની ટુકડીઓ હારબંધ તેમના અમલદારો સહીત ચાલતી હતી. વોલંટીઅરોની પાછળ પ્રમુખ સાહેબની ગાડી આગળ સર્વે ઉતારવા આવનાર ગ્રહસ્થો તેમનાં માનની ખાતર પગે ચાલતા આવતા હતા. પ્રમુખ સાહેબ એક ઘણીજ સુશોભીત કરેલ ગાડીમાં બિરાજમાન થયેલા હતા અને તેમની આસપાસ ચાર સ્વયં સેવકો ઘોડેસ્વાર થઇ તેમના અંગ રક્ષક તરીકે ચાલતા હતા. પ્રમુખ સાહેબની ગાડી પાછળ તેમની સાથે અને તેજ ગાડીમાં આવેલ ડેલીગેટો તેમજ પ્રેક્ષકોની ગાડી હારબંધ ચાલતી આવતી હતી. સ્વારી સીટી સ્ટેશનથી નીકળીને મેકલોડ રોડ ઉપર થઇ ડેન્સો હોલ પાસે બંદર રોડ ઉપર આવી અને ત્યાંથી શેઠ ગોરધનદાસની કાપડ મારકીટ પાસે થઇ ભાટીઆના મુખ્ય લત્તા મુંબઇ બજારની મધ્યમાં આવી પહોંચી, જ્યાં આવતાં સુધીમાં સંખ્યાબંધ પ્રેક્ષકો તેમાં જોડાઇ ગયા હતા એટલુંજ નહીં પરંતુ કાપડ મારકીટ પાસેના સેંકડો લોકો જોવાને ભેળા મળ્યા હતા જેઓ વિદ્વાન પ્રમુખનો ભવ્ય ચહેરો અને ભાટીઆ ભાઇઓનો પરિષદ માટે ફેલાયલો ઉત્સાહ જોઇ છક થઈ ગયા હતા. સ્વારી મુંબઇ બજારમાં આવતાં ઘેરેઘેરનાં ગોખો તથા કઠોડાઓમાંથી ખુશાલીના અને ભલે પધાર્યાના પુકારોથી આખી મુંબઇ બજાર એક છેડાથી બીજા છેડા સુધી ગાજી રહી અને એટલો આનંદ વાધી રહયો કે જેનું વર્ણન શબ્દોમાં આપવું અશક્ય છે.

ત્યારી પ્રમુખના ઉતારા પાસે આવતાં પ્રમુખના સુખશાન્તિ રૂપ કંઇપણ અકસ્માત વગર આગમન સારૂ પ્રભુનો અંતઃકરણ પુર્વક આભાર માનવામાં આવ્યો અને શ્રી ગોવરધન નાથજીની જય બોલાવવામાં આવી. ત્યારબાદ પ્રમુખ સાહેબે જેઓએ તેમના ઉપર આટલું માન આપ્યું હતું તેઓનો થોડા પણ યોગ્ય શબ્દોમાં ઉપકાર માની પોતાને માટે ભાઇ મુરારજી સુંદરજીની જગામાં તઇયાર કરેલા ખાસ ઉતારામાં ગયા અને પ્રેક્ષકો અને બીજા સઉ પોત પોતાને સ્થાનકે ગયા, જ્યારે ડેલીગેટો અને બીજા આવેલા પ્રેક્ષકો સ્વાગત કમીટી તરફ્થી મુકરર કરેલી જગ્યાઓએ પોત પોતાને ઉતારે ગોઠવાયા. પ્રમુખ સાહેબના ઉતારા માટે રાખેલું મકાન ઘણીજ સંભાલ પુર્વક શણગારવામાં આવ્યું હતું અને તેઓ જ્યાં સુધી કરાચીમાં રહે ત્યાં સુધી તેમની સેવા માટે આતુર અને ઉત્સાહી સ્વયં સેવકો હાજર હતા.

ટુંકામાં અત્રે જણાવવાને ઘણી ખુશાલી ઉત્પન થાય છે કે પ્રમુખ સાહેબની વિદ્વતા અને મધુરતા ભરેલી વાણીએ આ પ્રસંગે કામ કરતા તથા ભાગ લેવાને હાજર થયેલા દરેક ભાઇઓના ઉત્સાહમાં ઘણોજ વધારો કરી અંત·કરણમાં આનંદની લાગણીની રેલ ભેલ કરી મુકી હતી. જે જે ગ્રહસ્થો પ્રમુખ સાહેબની મુલાકાતે આવતા તેઓ રસમય વાતચીત દરમીયાન આનંદ અને ઉત્સાહની સાથે પાછા ફરતા હતા અને તેથીજ કોનફરન્સની સંપુર્ણ ફતેહ રૂપી પરીણામ આવ્યું હતું.



સન્માન કારિણી સભાના પ્રમુખ ભાઈ મથરાદાસ રામચંદનું ભાષણ.

આખા હિંદની ભાટીઆ પરિષદ્‌ની સન્માનકારિણી સભાના પ્રમુખ ભાઇ મથરાંદાસ રામચંદે તા. ૨૪મી ડીસેંબર અને ૧૯૧૩ના રોજે કરાંચી ખાતે ગુલામહુસેન ખાલીકદીના હોલમાંનીચે મુજબ ભાષણ કર્યું હતું:—

પ્રિય બંધુઓ,

ભારત વર્ષની અંતીમ પશ્ચિમે આવેલા અમારા પ્રાંતના આ ખીલતા પાટનગર કરાંચી શહેરમાં પ્રતાપી યદુવંશના છુટા છવાયા અવશેષરૂપી આપ સર્વ અત્રે એકત્ર થએલા ભાઇઓને સ્વાગત કરતાં મને અત્યંત આનંદ થાયછે. અમારો પ્રાન્ત એક બાજુએ થર તથા રજપુતાનાના વેરાણ પ્રદેશો અને બીજી બાજુએ કચ્છના રણ રૂપી આડથી જોકે હિંદના બીજા ભાગોથી જુદો પડેલો છે, અને તેના લીધેં તેના પર હિંદના બીજા પ્રદેશો જેટલી આર્ય રીતી રીવાજોની અસર થવા પામી નથી, છતાં પણ તેણે પોતાનું જીવન ટકાવી રાખ્યું છે. અને હમણાં તેમાં નવું સ્ફુરણ આવેલું છે. હાલમાં તે બીજા ભાગોની માફક હિંદનો એક અંગીભુત પ્રાંત થયો છે, અને સામાજીક, નૈતિક, માનસિક તેમજ ધાર્મિક કે એવી બીજી કોઇપણ ચળવળમાં બીજા ભાગોથી હઠી જાય તેમ નથી. આ પ્રદેશને ભગવતી સરસ્વતી પાવન કરે છે, કે જેના કંઠ પ્રદેશમાં રહી આપણા ઋષિ મુનિયોએ આજની આખી દુનિયાને છક કરી નાંખનારા દર્શન શાસ્ત્ર અને ધર્મશાસ્ત્રોના ગ્રંથો રચ્યા છે. આવા પુરાણ પ્રસિદ્ધ સિંધ દેશમાં આપણું ઓળખાણ તાજુ કરવા, આપણો ભ્રાતૃભાવ વધારે દ્રઢ કરવા, આપણે આપણા મુળ એક જથ્થામાંથી છુટા પડયા પછી આપણા પર વીતેલા સુખ દુઃખની વાતો કરવા અત્રે એકત્ર થયેલા આપ સર્વનું સ્વાગત કરવાની અમ ગરીબ સિંધી ભાઇઓને જે તક મળી છે તે અમો એક મહાન લ્હાવો સમજીએ છીએ.

ગ્રહસ્થો, આવા મેળાવડાનો મોટામાં મોટો ફાયદો એ છે જે બીજું કંઇ નહિં તો તેના લીધે આપણને એક બીજાને મળવાની તક અને આનંદ મળે છે—અને તેજ આપ સર્વેએ આ દુરના પ્રદેશમાં આવવા માટે કરેલ ખર્ચ અને વેઠેલી હાડમારીઓનો પુરતો બદલો છે. આપણો ઇતિહાસ જણાવે છે આપણને

જરૂરનું છે. અને તેટલીજ જરૂર આપણા રીત રિવાજો એકબીજાનાથી કેમ જુદા પડે છે તે જાણવાની છે. કારણ આવી જાતની માહિતીમાંથી આપણો ઇતિહાસ કે જે મારે દીલગીરી સાથે જણાવવું જોઇએ કે સંગીન બનાવો કરતાં દંતકથાના છુટા છવાયા પ્રસંગો પર વધારે બંધાએલો જોવામાં આવે છે તે એકત્ર કરવા અને શૃંખલા બધ્ધ રચવાનાં સાધનો મળી શકશે. આપણે ફરીથી ઇતિહાસ અને તે દ્વારા જન સમાજમાં આપણું સ્થાન જાણ્યા સિવાય આપણે કંઈ પણ પ્રાપ્ત કરી શકશું નહિં. શૃંખલા બધ્ધ ઇતિહાસની આવશ્યકતા દરેક જણ કબુલ કરે છે અને મને ખાત્રી છે જે આપ સર્વ ભાઇઓ આવો એક ઇતિહાસ રચવાનાં સાધનો ખોળી કાઢશો.

ગ્રહસ્થો, જુદા જુદા દેશ કાળ અને સંયોગોને લીધે આપણી રહેણી કરણી અને ખાસ કરીને ખાન પાનાદિમાં આપણે એક બીજાથી ઘણા જુદા પડીએ છીએ, જે આપણી કોમના પેટા વિભાગોને એક બીજાના નિકટ સંબંધમાં આવતાં અટકાવે છે. છતાં પણ આવા મેળાવડાઓને લીધે આપણો સંબંધ વધારે ધાડો થતો જશે. પરંતુ તેમ કરવાને આપણે આપણાથી બનતી કોશેશ પણ કરવી જોઇએ. આ જમાનાની રહેણી કરણીનું વલણ સમસ્ત માનવજાતની એકતા તરફ છે જે ખરેજ જન સમાજની ઉચ્ચત્તર અને ઉમદા સ્થીતિ છે. તેટલા માટે જીવનને ઉચ્ચ સ્થાને લઇ જઇ શારિરીક તેમજ માનસીક વિશુધ્ધિ આણે એટલુંજ નહિ પરંતુ આપણી ઇચ્છા જે આપણી કોમનું એકય છે તેને વધારે દ્રઢ કરે એવો માર્ગ લેવો જોઇએ.

ગ્રહસ્થો, મારે મગરૂરી સાથે જણાવવું જોઇએ કે આપણી કોમ જન સમાજમાં આ તરફ માન ભરેલો દરજ્જો ભોગવે છે, અને તેની હિંમત, હોશીઆરી, વ્યાપારકૌશલ્ય, પરાક્રમ અને સાહસ જાણીતાં થએલાં છે. કચ્છ તથા કાઠીઆવાડના ભાટીઆઓ મુંબઇની ઔદ્યોગીક પ્રગતી અને સાહસમાં સારો અને અગત્યનો ભાગ ભજવે છે. અને તેમનાં મ..સ તેમને અરબસ્તા..ાં દુર નાં બંદરો ખા.. તેમજ પુર્વ આફ્રિકાના છેક મોઝામ્બીક કોસ્ટાથી તે જંગબાર સુધી લઇ જાય છે. જ્યારે દક્ષિણ સીંધના ભાટીઆઓ પરશીઅન ગલ્ફના કીનારા હાથ કરી ત્યાંનો વેપાર મોટે ભાગે એક હથ્થુ કરી બેઠા છે. અનેઉત્તર સીંધના ભાટીઆઓએ એશીઆ ખંડના અનાદરવાન મધ્ય પ્રદેશ સુધી [illegible] હિંમત કરેલી છે. આ પ્રમાણે પોતાની દોલત, હોશીઆરી અને ઉદ્યોગ.. ..આ બધા સમાજમાં સારૂં સ્થાન ભોગવે છે.

પંજાબ, સંયુક્ત પ્રાંતો અને રજપુતાનામાં વસતા મારા ભાઇઓ વિષે હું કંઇ વધારે જાણતો નથી. "ભાટીઆ મિત્ર"ના છેલ્લા અંકમાં પંજાબવાળા લાલા

કીરપારામનો એક પત્ર પ્રસિદ્ધ થએલો જોવામાં આવે છે, જેમા તેમણે તે બાજુ ના આપણા ભાઇઓનું ઘણું હલકું ચિત્ર દોરેલું વાંચી મને ઘણી દિલગીરી થઇ હતી. ત્યાંકને આપણા ભાઇઓને અરોરા અને બનીઆથી હલકા ગણાવામાં આવે છે, જે આપણી આ બાજુની સ્થિતિથી ઉલટું છે. જો કે મારા જાણવા પ્રમાણે ત્યાં કને પણ ઘણા ભાટીઆ ભાઇઓ સરકારી નોકરીમાં સારા સારા હોદ્દા ભોગવે છે તેમજ સારા ધંધામાં પણ જોડાયલા માલુમ પડે છે. જો મી૦ કીરપારામે આપે લો ચિતાર સત્ય હોય તો આવા મેળાવડાની અગત્ય આપો આપ સાબીત થઇ જાય છે. આવાંજ સંમેલનમાં આપણી અસમાનતાનાં કારણો આપણે સમજી શકીએ છીએ અને આપણે જે દુર દુરના પ્રદેશોમાં વસીએ છીએ ત્યાં આપણો મોભો એક સરખો કેવી રીતે રહે તે સંબંધે ઉપાયો સુચવવામાં એક બીજાને આપણે મદદ કરી શકીએ છીએ.

કચ્છ, કાઠીઆવાડ તથા મુંબઇના આપણા ભાઇઓમાં કન્યાની અછત છે જે વરવાળાઓએ કન્યાને કરવી પડતી ભારે રીતનું અને આપવા પડતા પૈસા નું પરિણામ હોઇ શકે. રીતમાં અપાતાં ઘરેણાં પૈસા વિગેરેનો ઉપયોગ માત્ર કન્યાના ઉપભોગને માટે કરવામાં આવે છે કે તેનો થોડો ભાગ કન્યાનાં માબાપ પોતાના ઉપયોગમાં લેછે અને તેથી આવી રીત કન્યા વિક્રયનું હલકું સ્વરૂપ લેછે તે હું કહી શકતો નથી. પરંતુ આ રિવાજને પરિણામે આપણી ભવિષ્યની પ્રજાની આશારૂપી ઘણાજ ચાલાક અને ઉધરતા યુવાન ભાટીઆઓ પરિણીત જીંદગીથી બેનશીબ રહયા છે. અને તેને લીધે ઘણાં એક કુટુંબોને તાળાં દેવાયાં છે. ભાઇઓ, આ ખરેખર એક બદી છે, અને તે દુર કરવાને ઉપાયો યોજવામાં આપ સર્વે સામીલ થશો એવી ખાત્રી છે. બીજા પ્રાંતોમાં પણ કન્યા ઓની અછત બાબે ફરિયાદ છે. આ ફરિયાદ કેટલેક અંશે ખરી, અને તે શાને લીધે છે તે આપણી કોમની વસ્તીગણતરી કરવાથી માલુમ પડી શકે તેમ છે. તેમ કરવાથી આપણી કોમમાં સ્ત્રી તેમજ પુરૂષોનું પ્રમાણ પણ મળી આવશે. અને તે જાણવાથી આપણે એક બીજા પ્રાંતો વાળા એક બીજાની સાથે કન્યાની લેતી દેતી કરી શકીએ કે શી રીતે એ વિષય પર વિચાર કરવાનું બની શકે તેમ છે.

આપણે બીજી હાથ ધરવાની બાબત બાળ લગ્નનો અટકાવ કરવો એ છે. આ આપણી કોમ માટે તેમજ આખા હિંદ માટે એક બહુ ગંભીર પ્રશ્ન થઇ પડયો છે. તો મને આશા છે કે એક ચુસ્તમાં ચુસ્ત જુના વિચાર ધરાવતી આપણી કોમ જેવી કોમમાં તેનો અટકાવ કરવો એ કેટલું

જરૂરી છે તે તમો પોતેજ જોઇ શકશો. આ સુધારો કરેથી આપણે આડકતરી રીતે બાલ વિધવાઓ થતી પણ અટકાવી શકીશું.

આપણે હાથ ધરવાની બીજી એક બાબત કેળવણી છે. આ બાબતમાં આપણી કોમનાં સ્ત્રી તેમજ પુરૂષ ઘણાજ પછાત છે. સ્ત્રી કેળવણી સંબંધમાં પુછો તો ફકત અંગ્રેજી કેળવણી આપવાની જરૂર છે એમ કંઇ મારૂં કહેવું નથી, મારૂં કહેવું એટલુંજ છે કે આપણી કન્યાઓને તેમની સમજણ શક્તિ ખીલે, તેઓનાં મન વિકાશ પામે અને સંસારમાં તેઓ ઉપયોગી થઇ પડે તેવી જાતની કેળવણી આપવી જોઇએ.

એક બીજો પણ એટલોજ મહત્વનો સવાલ છે. અને તે જેટલો મહત્વનો છે તેટલોજ ગુંચવાડા ભરેલો છે. તે આપણે આવા મેલાવડામાં સારી રીતે હાથ ધરી શકીએ તેમ છે, અને તે સવાલ "યુરોપનો જલ માર્ગનો પ્રવાસ" છે. કચ્છ, કાઠીઆવાડ અને મુંબઇના ભાટીઆઓને જયાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી તેઓ તેનાથી વાકેફગાર છે. તેઓ આફ્રીકા સુધી જતાં એકાદ પખવાડીઆં કે તેથી પણ વધારે વખત સુધી દરિઆમાં રહી શકે છે. અને તેજ પ્રમાણે સિંધના દક્ષિણ ભાગમાં વસતા આપણા ભાઇઓ જેઓ પરશીઅન અખાત તરફ જાય છે તેઓ પણ કરે છે. હાલમાં આપણે જોઇશું તો સ્થિતિ ઘણી બદલાઇ ગઇ છે. હિંદનો વ્યાપાર યુરોપના દેશો સાથે એકદમ વધતો જાય છે. અને વ્યાપારી વર્ગ યુરોપમાં પોતાના આડતીઆઓ મારફતે કામ કાજ કરે તેના કરતાં પોતાની જાતે કરે એ સ્વાભાવીક છે. અને હું ધારૂં છું કે તમો મારી સાથે મળતા થશો કે આપણે તેમને ઉત્તેજન આપવું જોઇએ નહિતો વ્યાપારી હરીફાઇમાં આપણી કોમ પછાત પડશે. તેટલા માટે, ગૃહસ્થો, જો કોઈ વિલાયતમાં નિષિદ્ધ ખાન પાનાદિથી દુર રહયો હોય અને અત્રે પાછા ફર્યા બાદ મહાજનના ઠરાવને માન આપવાને તઇયાર હોય તો તેવા સાથે સખતાઇથી કામ ન લેતાં તેને સગવડ કરી આપવી જોઇએ.

આટલું કહી હું તમો સર્વે ભાઇઓને પ્રમુખની ચુંટણી કરવાની અને આજનું કામકાજ શરૂ કરવાની વિનંતિ કરૂં છું. રાવ સાહેબ લક્ષ્મીદાસ રવજી સંપત ઘણાજ ઉંચા ખવાસના બાહોશ ગ્રહસ્થ છે. અને તેમના માનવંતા પ્રમુખપણાં હેઠળ આપણે જે ઉદ્દેશોથી અત્રે એકઠા થયા છીએ તે સર્વે પાર પાડવા આપણે શક્તિમાન થઇશું એવી મને ખાતરી છે.

પ્રમુખની ચુંટણી

પોતાના ભાષણના અંતે મી૦ મથરાદાસે પ્રમુખ સાહેબ નીમવાની દરખાસ્ત કરવાની મી૦ કીસનદાસ ઝામરાયને સુચના કરી હતી, જેણે ભાષણ કરતાં રાવ સાહેબ મી૦ લક્ષ્મીદાસની લાયકાતો, ભાટીઆ કોમ માટેની તેમની ઉત્તમ લાગણીઓ, અને વિશાળ અનુભવ વિષે વિવેચન કરતાં તેમને પ્રેસીડન્ટ તરીકે નીમવાની દરખાસ્ત કરી હતી. જેને લાલા કીરપારામ તથા બાબુ મદન ગોપાળે તેવાજ લાગણી ભરેલા શબ્દોમાં ટેકો આપ્યો હતો.

પ્રમુખની ચુંટણીને ટેકો આપતાં બાબુ મદન ગોપાલના ભાષણનો સાર.

પ્રમુખ અને સદ્‌ગ્રહસ્થો,

સંયુક્ત પ્રાંતોના ભાટીઆની વતી આ સભાના આપણા પ્રેસીડન્ટ તરીકે ના રા૦ રા૦ લક્ષ્મીદાસ રવજી સપટની ચુંટણીને હું ટેકો આપું છું. પ્રમુખ તરીકેની તેમની ચુંટણી આપણી જ્ઞાતિના હિત માટે ફાયદાકારક છે. કારણ કે તે ભાટીઆઓની ઉત્પતિ વિષે પોતાના વિચારો બ્હાર પાડીને આપણા તે સંબંધી જ્ઞાનમાં વધારો કરશે. ભાટીઆના મુળ ઉત્પતિ સ્થાન- જેસલમીરમાં તેઓના ૬ વર્ષના રહેઠાણથી અને બીજા દેશોના જ્ઞાનથી તેઓ આપણું દાવો કરીએ છીએ તેમ આપણે ખરે ખરા યદુવ શી છીએ કે નહીં તે અગત્યના પ્રશ્નનું નિરાકરણ કરવા માટે યોગ્ય માણુસ છે. આપણી ઉત્પતિ વિષે ઘણા ભુલભરેલા ખુલાસાઓ કરવામાં આવેછે. તેથી ચાલુ જમાનાના આ સૌથી અગત્યના પ્રશ્નના નિરાકરણના અંધારામાં આપણા ઉપર મુકવામાં આવતા ખોટા આરોપોનો પ્રત્યુત્તર આપવાનું તથા સત્ય હકીકતને પ્રકાશમાં લાવવાનું અત્યંત જરૂરી છે.

સહાનુભુતિ દર્શક તારો તથા કાગળો.

મી. મુલચંદ થાવરદાસ અસરપોટા સેક્રેટરીએ જુદા જુદા ભાટીઆ ગ્રહસ્થો તરફથી મળેલા સહાનુભુતી દેખાડનારા પત્રો તથા તારો વાંચી સંભળાવ્યા:—

પ્રમુખ સાહેબ અને ગ્રહસ્થો,

મને આ કોન્ફરન્સની વતી જે જે ગ્રહસ્થોએ આ કોન્ફરન્સ પ્રત્યે પોતાની સહાનુભુતિ દર્શાવી છે તેવાઓનાં નામો તમારી પાસે રજુ કરવાને કહેવામાં આવ્યું છે. કેટલાક ગ્રહસ્થોએ પત્રો અને બીજાઓએ તારો મોકલેલ છે. એ વાંચતાં મને માલુમ પડે છે કે તેઓ આપણો સ્નેહમંદ થયએ એવું ચાહે છે. જોકે આ સભામાં મળેલા પ્રતિનિધિઓ તથા મીજમાનોની સંખ્યા ઘણી મોટી છે

અને દરેક વિભાગનો તેઓમાં સમાવેશ થાય છે છતાં આ લાગણી બતાવનારા ગ્રહસ્થો આ સભામાં હાજર છે એમ માનવું જોઇએ. તેઓના લખાણ તરફ દ્રષ્ટી કરતાં એમ યાદ આવે છે કે જાણે તેઓ આ મકાનમાં હાજર હોય અને આપણી સાથે વાતચીત કરતા હોય.

જુદા જુદા સહાનુભુતિ દર્શાવનારા ગ્રહસ્થોના નામ નીચે મુજબ છે, અને તેઓના લખાણનો સાર પુરવણીમાં આપેલો છે.

૧ સર વીઠલદાસ દામોદર ઠાકરસી નાઇટ, ૧૨ હમમ સ્ટ્રીટ કોટ મુંબઇ

૨ હંસરાજ પ્રાગજી ઠાકરસી નં. ૧૨ હમમ સ્ટ્રીટ કોટ મુંબઇ.
(તાર અને પત્રો)

૩ મી. લક્ષ્મીદાસ રવજી, તેરસી હોમીજી સ્ટ્રીટ સરકલ કોટ મુંબઇ.
(તાર અને પત્રો)

૪ મી. દ્વારકાદાસ ગોરધનદાસ પરમાનંદદાસ. નેપીઅન ગ્રેન્જ નેપીઅન સી રોડ મુંબઇ

૫ મી. જીવણદાસ ડી. સરૈયા જામ ખંભાળીયા

૬ મી. નારાણદાસ ઠાકરસી મુલજી ગીરગામ બેક રોડ "આનંદ ભુવન" મુંબઇ.

૭ રા. બ. સુંદરદાસ નારાયણદાસ બી. એ. એલ. એલ. બી. સોલીસીટર અને નોટરી પબ્લીક જે. પી., મ્યુનીસીપાલ કોરપોરેટર ૧ હમમ સ્ટ્રીટ મુંબઇ

૮ મી. લાલજી નારાણજી (મેસર્સ મુલજી જેઠાભાઇની કું વાળા) નં. ૩ ટેમેરીન્ડ લાઇન મુંબઇ.

૯ મી. ગોરધનદાસ ગોકલદાસ તેજપાલ વીલ પરેલ આન્દ્રા મુંબઇ.

૧૦ રા. બ. વીશનજી ખીમજી નં. ૩ પોલ સ્ટ્રીટ કોટ મુંબઇ.

૧૧ મેસર્સ ગોપાલદાસ અને રણછોડદાસ ત્રીકમજી મુંબઇ.

૧૨ દ્વારકાદાસ પી. સરૈયા જજ જામનગર.

૧૩ મી. દામોદરદાસ દેવસરામ, છીપીવાડા મુંબઇ.

૧૪ રા. સા. ખીમજી કુંવરજી, ૩૧ નેપીઅન સી રોડ મુંબઇ.
(તાર અને પત્રો)

૧૫ મી. જાદવજી હંસરાજ, કચ્છ ભુજ.
(તાર અને પત્રો)

૧૬ રા. બા. દુલભજી ધરમસી વેદ રાજકોટ.

૧૭ મી. દામોદરદાસ હેમનદાસ કશાની છીપીવાડા મુંબઇ.
૧૮ મી. પ્રાગજી વંદરાવન મુંબઇ.
૧૯ મી. હરીદાસ ગોકલદાસ કલકતા.
૨૦ મી. મથરાદાસ ગોવીંદજી મુંબઇ.
૨૧ મી. ગોવરધનદાસ ખટાઉ મકનજી મુંબઇ.
૨૨ મી. ગોવીંદજી મેઘજી પોરેચા મિત્ર મંડલના સેકરેટરી મુંબઈ
૨૩ મી. જેઠાભાઇ વાલજી મુંબઇ.
૨૪ મી. મુલજી રણુછોડ વેદ મુંબઇ.
૨૫ મી. મેઘજી રણછોડદાસ.
૨૬ મી. ગોપાલદાસ વેરેજી કલકતા.
૨૭ મી. ચત્રભુજ, પ્રેસીડન્ટ કચ્છ માંડવી મંડળ
૨૮ મી. દ્વારકાદાસ ભાટીઆ મંડલના સેકરેટરી કચ્છ માંડવી.
૨૯ મેસર્સ ખુબચંદ દામોદરદાસ કેવલરામ છીપીવાડા મુબઇ.
૩૦ મી. પરશોતમ દામોદર આરોર તેરૂપુર.
૩૧ રા. સા પરશોતમ આધવજી બનારસ (બંગાલી તોલા)
૩૨ મી. પ્રેમજી ચતરભુજ મુંબઇ.
૩૩ મી. નારાણદાસ દયાળ પુરેચા કલકતા.
૩૪ મી. લક્ષ્મીદાસ વીશનજી લીલાણી મુંબઇ.
૩૫ મી. મથરાદાસ પરશોતમ આશેર તેરૂપુર.
૩૬ મી. લક્ષ્મીદાસ વીશનજી ટોપરાણી. કચ્છ માંડવી
૩૭ મેસર્સ વીરજી રતનશીવાળા મી. પરશોતમ જે. સંપટ ભાટીઆ ગૃહ ગીરગામ બેક રોડ મુંબઇ.
૩૮ ડા. હીરાલાલ એલ. એમ. એન્ડ એસ. નીલાબેત રોડ લાહોર.
૩૯ મી. દેવીદાસ જેઠા, હોડેદા (રેડ સી અરેબીઆ)
૪૦ મી. ધમનમલ દેવકીશનદાસ (એડન થઈને) મરચંટ મુંબઇ.
૪૧ મી. સંપટ જેશલમીર.
૪૨ મી. વલભદાસ રણછોડદાસ દીલ્હી.
૪૩ મી. ગુલાબરાય પીલીભીત
૪૪ મી. મકનજી વાલજી વેદ, વઢવાણ
૪૫ ધી સેક્રેટરી ભાટીઆ સભા લાહોર.
૪૬ મી. બાલમુકુન્દ ભાટીઆ અમૃતસર.
૪૭ ધી ભાટીઆ મહાજન દેરા ઇસ્માલખાન.

૪૮ ભાટીઆ મહાજન જામ ખંભાળીઆ.
૪૯ ભાટીઆ મંડલ કચ્છ માંડવી
૫૦ મી. જેઠમલ થાઓભાઇ રીઆણી.
૫૧ મી. ગોરધનદાસ જેઠા આચર.
૫૨ મી. પહલાજરાય શેવારામ જેટી.
૫૩ મી. નરોતમ મોરારજી મુંબઈ.
૫૪ મી. વીશનજી વેલજી મુંબઇ.
૫૫ સલાયાનું ભાટીઆ મહાજન સલાયા.
૫૬ મી. કલ્યાણજી બાર. એટ. લો. રાયપુર
૫૭ ભાટીઆ મહાજન કલકતા.
૫૮ મી. પરશોતમ વીશરામ માવજી મુંબઇ.
૫૯ મી. રતનશી મુલજી કચ્છ માંડવી
૬૦ મી. દેવનદાસ લાલદાસ જમીનદાર, મ્યુનીસીપાલ કમીશનર સ્થાનિક બોર્ડના મેમ્બર અને ભાટીઆ પંચાયતના મુખી શેહરી.
૬૧ ભાટીઆ મહાજન મોરબી.
૬૨ યદુવંશી ભાટીઆ મિત્ર મંડલ મુંબઇ.
૬૩ મી. બીહારીલાલ ભાટીઆ યુનાઇટેડ પ્રોવીન્સીસના ભાટીઆ એસોશીએશનના આસીસટન્ટ સેક્રેટરી મીરત.
૬૪ મી. બી. આર. સોની ભાટીઆ ટ્રીઝરી ઓફીસના હેડ કલાર્ક મુઝફરગઢ.



પ્રમુખ રાવ સાહેબ લક્ષ્મીદાસ રવજી સંપટનું ભાષણ

પ્રમુખ રાવ સાહેબ લક્ષ્મીદાસ રવજી સંપટે કોનફરન્સના કામ કાજની શરૂઆત કરતાં અંગ્રેજીમાં આપેલા ભાષણનો ગુજરાતી તરજુમો નીચે મુજબ છે:—

સજ્જનો

સમસ્ત હિંદના ભાટીઆઓ એકજ જગ્યાએ મળ્યાને આજે છસો કરતાં વધુ વરસો વહી ગયાં છે. તેટલા માટે આપણી કોમનાં હિતના આવા મહત્વના પ્રસંગે મને પ્રમુખ તરીકે ચુંટી કાઢી જે માન આપ્યું છે તે માટે તમારો ઉપકાર માનવાને મારી પાસે પુરતા શબ્દો નથી. વળી તમોએ મને જે માયાળુ આવકાર આપ્યો છે તેને માટે પણ હું તમારો ઘણો આભારી થયો છું. જોધપુર છોડવાને હજુ એક કલાક થયો નહોતો એટલામાં લુણી જંકશન પર આવતાં તમારા તરફથી પાઠવવામાં આવેલ ડેપ્યુટેશન મારી રાહ જોઇ ઉભું હતું. હૈદ્રાબાદ પહોંચતાં સ્વાગત કમીટીના પ્રમુખ ભાઇ મથરાદાસ ભાટીઆ મિત્રના અધિપતિ અને મારા મિત્ર મી. ઝવેરી તેમજ અન્ય ગ્રહસ્થો તરફથી મને આવકાર આપવામાં આવ્યો. જુંગશાહી આવતાં એક બીજું ડેપ્યુટેશન મારા આવવાની રાહ જોઇ ઉભું હતું. જ્યારે કરાચી ખાતે આવતાં મને જોવામાં આવ્યું કે તમારો ઉત્સાહ હદપાર હતો. ખુશાલીના પોકારોથી આકાશ ગાજી રહયું હતું. ગરીબ તેમજ તવંગર, યુવાન તેમજ જઇફ અને બળકો તેમજ બાળાઓ મને આવકાર આપવામાં હરીફાઇ કરતાં જોવામાં આવ્યાં, અને તેમની આંખોમાં જે પ્રકાશ દેખવામાં આવ્યો, તે શબ્દે. જણાવી શકે તે કરતાં વધારે જોરથી અને સ્પષ્ટતાથી જણાવતો હતો કે ખુશાલીના આ ઉદગારો માત્ર ઉપરના નહોતા પરંતુ ખરા અંતઃકરણના હતા. એ પ્રકાશની ગેર હાજરીમાં તમો લોકોએ તૈયાર રાખેલી સેંકડો બતીઓ છતાં પણ અંધારૂં ભાસત. જ્યારે તેની હસ્તીએ રાત્રીના ઘોર અંધકારને પણ પ્રકાશીત કર્યો હોત. હું આ બિના કદી પણ વિસરીશ નહિ, અને તે મારી જીંદગી પર્યંત મારા સ્મરણ પટ પર કોતરાઇ રહેશે.

એ ચિત્ર હજુ મારી આંખો સામે તાજુંજ હોય, એ સ્તુતિના પોકારો ના અવાજના ભણકારા હજુ મારા કર્ણેમાં વાગ્યા કરતા હોય એટલામાં હું શાંન્તિનો આશ્રય લઈ બેસી રહેત. પરંતુ મારૂં ભાષણ વિદ્વતા ભરેલું કે રૂઢી સરનું નહીં હોય તો તે પર લક્ષ નહીં આપતાં એક પરિક્ષકની દ્રષ્ટીથી નહીં પરંતુ જેટલી છુટ અને આતુરતાથી પ્રેમાળ પિતા પોતાના પુત્રને, ભાઈ ભાઈને અને મિત્રો મિત્રોને સાંભળે તેટલી છુટનો લાભ મને પણ આપશો એવી આશા મને આજે બોલવાને પ્રેરે છે. હું આવી આશા મારા ગત અનુભવ ઉપર બાંધું છું, તમો સર્વે જાણો છો કે હું વિલાયત ગયો ત્યારે કેવી ચુપકીથી પસાર થઈ ગયો હતો. મારા ત્યાં જવા વિશે મારા માંડવીના મિત્રોને એક શબ્દ સરખો પણ જણાવ્યો નહતો. તેઓએ એકે ઠરાવ પસાર કર્યો નહતો. પણ જ્યારે હું પાછો આવ્યો ત્યારે મારા દોષો તરફ લક્ષ ન આપતાં જેવો હું હતો તેવો મને ખુલ્લા દીલે વધાવી લીધો અને આ સમયે પણ મારા સ્વભાવની સર્વ જાતની ખામીએ.થી તમો વાકેફ હોવા છતાં શું કરો છો? મારામાં જણાતી ખામીઓને એક બાજુએ મુકી મારામાં જે કાંઇ સારૂં જણાય છે તે તરફજ નજર કરો છો. તો મને ખાત્રી છે કે જો હું તમારી સમક્ષ એક વ્યાખ્યાન કરવાને બદલે જેમ મિત્રો મિત્રોમાં વાતચિત કરે તેમ વાતચિત કરૂં તો તે ઉપર કાંઇ પણ લક્ષ ન આપતાં મારૂં કહેવું ખરા અંતઃકરણનું છે એમ માની તેમાંથી જે સારૂં હોય તે ગૃહણ કરશો. અને બાકીનું છોતા ને કચરો છે એમ માની છોડી દેશો એમ સમજવામાં હું ભુલ તો નથીજ કરતો.

તમોએ મારા જે વખાણ કરવાની મહેરબાની કરી છે તેના માટે મારામાં જો કંઇ પણ યોગ્યતા હોય તો તેનું સઘળું માન કચ્છ રાજ્યને ઘટે છે કે જે રાજ્યનો રહેવાશી હોવાનું મને અભિમાન છે. એજ રાજ્યે મને કેળવણી તેમજ નોકરી આપી એટલુંજ નહિ પરંતુ મારા ઇંગ્લાંડ જવાનો ખર્ચ પણ આપ્યો. તેમજ તે માન માંડવીનાં મહાજન અને માંડવી તથા મુંબઈના ભાટીઆ મિત્ર મંડળના સભાસદોને ઘટે છે, જેમણે ઇંગ્લાંડથી પાછા ફરતાં મને માન પૂર્વક વધાવી લીધો, મારામાં ઉત્સાહ પુર્યો અને મારી પ્રશંસા કરી માન પત્ર આપ્યાં કે જે માન અને પ્રશંસાને લાયક થવા માટે હું હમેશા પ્રયત્ન કરતો-જ રહું છું.

પરિષદ્‌ના અધ્યક્ષ તરીકે પ્રહરવો મારૂં લક્ષ એક બાબતી વર્તમાન પત્રનાં લખાણ તરફ ખેંચાયું હતું, જેમાં આપણને હાથ ધરવા જોઇતા વિષયોમાં સા-માજીક જરૂરીઆતના કેટલાએક વિષયોનો સમાવેશ નહી કરવા માટે એક દર્શા-

ળ્યો હતો. પરંતુ મને શંકા રહે છે કે તે પત્રના લેખકને આપણી સ્થીતિ તેમજ આપણી મુશ્કેલીઓનું ભાન જણાતું નથી.

પારસીઓ—પછે ગમે તો તેઓ હિંદના ઉત્તર, પુર્વ, દક્ષિણુ કે પશ્ચિમ ભાગમાં રહેતા હોય અથવા ગમે તો તેઓ ઇરાન કે દુનિયાના કોઇપિણુ ભાગમાં વસતા હોય તોપણુ તેઓ એકજ છે. તેઓ બધા પારસીજ છે. એકજ કોમની જુદી જુદી વ્યક્તિઓ છે એમ માને છે અને તે પ્રમાણે રહી શકે છે—નહીં, રહે છે. જ્યારે આપણે અહીંઆં વસ્તુ સ્થીતિ તેથી ઉલટી છે. કચ્છના ભાટીઆઓ તેમના સિંધી ભાઇઓથી પોતાને જુદા સમજે છે. સિંધી ભાટીઆઓમાં પણુ મને કહેવામાં આવ્યું છે કે એક બીજાઓ વચ્ચે માત્ર થોડાજ માઇલનો અંતર હોવા છતાં પણુ કરાચીવાળાઓ હૈદ્રાબાદીઓથી, હૈદ્રાબાદવાળાઓ ઠઠા વાસીઓથી અને ઠઠાવાળા સિંધના અન્ય ભાગોમાં વસતા તેમના ભાઇઓથી અલગ રહે છે. આપણી કોમના પેટા વિભાગોને એક બીજાથી છુટા પાડનારી આવી આડો છે. પરંતુ આજની પરિષદ્ એવા ભેદો દુર કરવાનો પાયો રચે છે. આ સંમેલન આપણામાં એવી માન્યતા લાવે છે કે આપણે બધા એકજ છીએ. આને હું આપણી પ્રગતિની શરૂઆતનું એક મહાન પગલું ગણું છું. જો આપણા લોકો તેની કીંમત સમજી શકતા ન હોય તો તેઓ આપણી આ હીલચાલમાં રહેલા ઉચ્ચ આશયો જોવાની ભુલ કરે છે એમ મારે કહેવું જોઇએ.

આ પ્રસંગે મને આજથી તેર વર્ષ પર લંડનમાં અધ્યક્ષોની કોલેજમાં લંડનના ધર્માધ્યક્ષનું ભાષણુ સાંભળવાની મળેલી તકનું સ્મરણુ થાય છે. અત્રે તેમનાં વ્યાખ્યાનના બોલે બોલ રજુ ન કરતાં તેનો સાર માત્ર આપીશ.

તેમણે પોતાનાં વ્યાખ્યાન દરમ્યાન જણાવ્યું કે મને લંડનના ધર્માધ્યક્ષ નો માનવંતો હોદ્દો મળ્યો તે પહેલાં લાંબો વખત સુધી હું તથા મારી સ્ત્રી છોકરાઓ તથા છોકરીઓને બાઇબલ શીખવતાં. અમારી શિક્ષણુ શક્તિ વિષે અમને સારો મત હતો અને આખું એક વર્ષ અમે ખંતથી શિક્ષણુ આપ્યા કર્યું. વર્ષની આખરે સરકારી પરીક્ષક નિશાળની તપાસ અર્થે આવ્યો. તેની પરિક્ષાનું પરિણામ શું આવ્યું હશે? વારૂ, એકે એક છોકરો તેમજ છોકરી ના પાસ થયા. તે માટે ઠપકાને પાત્ર કોણ ગણવું જોઇએ? કાં તો હું યા તો મારી સ્ત્રી અથવા તો છોકરાં કે સરકારી પરિક્ષક. હું ધારૂં છું કે હું તો ઠપકાને પાત્ર નહોતોજ. કારણુ જો મારી ધર્મ શિક્ષણુ શક્તિ એટલી દુર્બળ હોત તો હું ધર્માધ્યક્ષ જેટલી ઉંચી પાયરીએ ચડયો ન હોત. અને હું ખાત્રી પુર્વક કહું છું કે મારી સ્ત્રી એક ઉત્તમ શિક્ષક હતી. તેમજ છોકરાંઓનો મોટો ભાગ હોશીઆર

હતો. દોષ માત્ર સરકારી પરીક્ષકનોજ હતો. તેણે છોકરાંઓને રાજાનાં નામો, સાલો અને એવા બીજા સવાલો પુછ્યા. અમોએ આવી બાબતો વિદ્યાર્થીઓનાં મગજમાં ભરી નહોતી. અમોએ તેમના કુમળાં મગજમાં ઇશ્વર પ્રત્યે પ્રીતિ ભાવના અને શ્રદ્ધાનાં બીજ વાવ્યાં હતાં. અને આ ભાવનાઓમાં તેઓ ધીમેથી પણ મક્કમપણે આગળ વધે છે એ જોવાની અમોએ કાળજી રાખી હતી. જે બાજુ એ લક્ષ આપવાની સરકારી પરીક્ષકે કાળજી પણ કીધી નહીં.

ગ્રહસ્થો, જે પ્રમાણે સરકારી પરિક્ષકે પુછેલા સવાલોના જવાબો ઉપરથી વિદ્યાર્થીઓની હોંશીઆરીનું માપ કાઢવામાં આવ્યું હતું, તેમજ સાધારણ રીતે આજકાલ પરિષદ્‌ની કીંમત તેમાં કેટલા ઠરાવો પસાર થાય છે તે પરથી કરવામાં આવે છે.

આપણે અત્રે ઠરાવો કે જેઓ ઘણીક વેળાએ તે લખવામાં વાપરવામાં આવેલી શાહી અને કાગળ જેટલા પણ કીંમતી નથી હોતા એવા ઠરાવો પસાર કરવાને ભેળા થયા નથી. પરંતુ આજે આપણે એટલા માટેજ મળીએ છીએ કે આપણને એક બીજા પર શ્રદ્ધા બેસે, આપણે એક બીજાને ભાઇઓની માફક ચાહીએ અને આપણે હાથથી હાથ, દિલથી દિલ અને આત્મા સાથે આત્મા મેળવી કામ કરીએ. તમો સર્વ મારા સામે એકાગ્ર દ્રષ્ટીથી જોઇ રહ્યા છો તેમાંથી શું વિજળીનો એક પ્રવાહ પેદા નથી થતો? કે જે મારી આંખોને મળી આપણાં અંગો અંગમાં પ્રવેશે છે, આપણા અંતરોને જોડે છે, આપણા દ્વૈત ભાવને તોડે છે, અને આપણે બે નહિ પણ એક છીએ એવું ભાન કરાવે છે. આપણે અત્રે એટલા માટેજ મળ્યા છીએ કે આપણી અઇકયતાની આ ભાવના વખત જતાં વધારે અને વધારે દ્રઢ બને. તે આપણા વંશજોમાં ઉતરે, અને આ પ્રમાણે તે વિસ્તાર પામી ફળવતી બની ચીરંજીવી બને. આપણે એવા ઉદ્દેશથી મળીએ છીએ કે આપણા એક બીજાના વિચારોની આપલેથી આપણું ઐકય દ્રઢતર થાય અને આપણે જે વિષયોની ચર્ચા કરીએ તે આપણા અંતરનાં ઉંડાણમાં એવા ઠરાવો પ્રકટાવે કે જે માત્ર ઠરાવ રૂપે નહીં પરંતુ કાર્ય રૂપે બહાર દેખાવ દે.

આપણા આજના સંમેલનનો આ પહેલો અને પ્રધાન હેતુ છે. અને નહીં કે ઠરાવો માત્ર પસાર કરવા. ચાહે આપણી કોમની, ચાહે આપણા પુર્વજ ભટી રજપુતોની શાહ રસમ જુઓ. આપણી કોમનો તરીકો એજ છે કે "પ્રથમ કામ પછી જાહેર ઠરાવ".

આપણા પુર્વજ ભાટીઓએ જ્યારે મુલકો સર કર્યા ત્યારે તેઓની ચડાઇની ખબર આપનારા ઠરાવો તેઓએ પહેલાંથી જાહેર નહોતા કર્યા. જે રાજાઓના મુલકો ઉપર તેઓ ચડાઇ લઇ જતા તેમને તેઓ ખબર નહીં કરતા કે અમો આવીએ છીએ. તેઓ એકદમ ધસી આવતા અને વિજય મેળવતા ત્યારેજ તે રાજાઓને માલુમ પડતું જે ભાટીઓ આવ્યા છે, અને તેમણે આપણને જીત્યા છે. અને હાલમાં વ્યાપારના ક્ષેત્રમાં પણ કપાસના કે ઉનના વ્યાપારી શાહો તરીકે લાખો રૂપીઆ કમાવાની તમારા મનમાં જે યોજનાઓ ઘડો છો તેની જાણ શબ્દથી કે બીજા કોઇ ઇશારા માત્રથી બીજાને થવા દો છો ખરા? તમો જુઓ છો, વિચાર કરો છો અને કાર્ય કરો છો, પરંતુ તમો જે કંઇ કરવાના છો તે તમો પ્રથમથી જાહેરમાં લાવો છો ખરા? જુઓ તમો લાખો રૂપીઆનો વ્યાપાર ખેડો છો, મોટી મોટી ઓફીસો ચલાવો છો, તમારી પાસે બહારના બાહોશ માણસો સોદાગીરી કરવા આવે છે પરંતુ તેમને અથવા અથવા તમારી ઓફીસમાં સવારથી સાંજ સુધી નીચી મુંડી કરી કામ કરનારા કલાર્કોને તમારા યા તમારા મેનેજરના મગજમાં શા વિચારો ઘોળાયા કરે છે તે ઇશારા માત્રથી પણ જાણમાં આવે છે ખરા? તમો બજારની રૂખ દેખો છો, હજારો વાતોના ખ્યાલ તમારા મનમાં ને મનમાં કરી લ્યો છો, કાર્ય કરો છો અને જ્યારે તે કાર્ય સફળ થાય છે, જ્યારે જય ડંકો વાગે છે ત્યારેજ બીજા લોકોને માલુમ પડે છે કે તમોએ શું ઠરાવ કર્યો હતો.

જો આપણા પુર્વજો ઠરાવો જાહેર કર્યા શિવાય આવાં હેરત પમાડનારાં કામો કરી શકતા હતા, જો તમે તમારી વ્યાપારી શકસી હીલચાલો, તમો શું કરવા માગો છો તેની દુનિયાને જાહેરાત કર્યા વગર, પાર પાડી શકો છો તો આ સભા સમક્ષ પડેલું કામ એટલું સરળ છે કે તેને જાહેરાતની બીલકુલ જરૂર નથી. વિવિધતાને બદલે આપણે અઇક્યતા લાવવા માંગીએ છીએ, અથવાતો બીજા શબ્દોમાં કહીએ તો આપણે ઇચ્છીએ છીએ કે આપણી કોમની અઇક્યતા થાય. આપણા ઉપપ્રમુખે સુચવ્યા પ્રમાણે આપણે આપણી જ્ઞાતિમાં બાળ લગ્નનો અટકાવ કરવા ઇછીએ છીએ. લગ્ન પ્રસંગે અને બીજા પ્રસ્તાવોને અંગે થતાં ખર્ચ ઘટાડવાનો ઇરાદો રાખીએ છીએ તેમજ આપણી જ્ઞાતિની શારીરીક, નૈતિક અને માનસિક ઉન્નતિ થાય એવા પગલાં ભરવા આપણે માગીએ છીએ. જ્ઞાતિ એ તેની અંગભુત વ્યક્તિઓનો સમુદાય છે. જો દરેક વ્યક્તિ આપણે જે કંઇ કરવાનો ઇરાદો રાખીએ છીએ તે કરવાનો તેમજ તે કામમાં પોતાનાથી બની શકતી બીજાને મદદ આપવાનો દ્રઢ નિશ્ચય કરે તો આપણું ધારેલું કામ થઇ ચુક્યું સમજવું. તેટલા માટે આપણે કરવા ધારેલા સુધારાનો બધો આધાર

આપણે આપણા દિલની અંદર જે ઠરાવો કરીએ અને તેને જેટલી ત્વરાથી અને દ્રઢતાથી અમલમાં મુકીએ તે પર રહેલો છે.

મારા યુવાન મિત્રો, આ બાબતમાં મારે ખાસ કરીને તમનેજ કહેવાનું છે. તમો આપણી જ્ઞાતિની ભવિષ્યની ઓલાદના પિતા છો. અને તમારા ઉપરજ આપણી જ્ઞાતિની ઉન્નતિનો આધાર રહેલો છે. માટે તમો જે કંઇ સારૂં કામ કરવાના છો તે હાથ ધરવામાં નડતી મુશ્કેલીઓથી ઠગી કે ડરી ન જતાં આજેજ આજ પળે તે કરવાની પ્રતિજ્ઞા કરો. તમારામાંના કેટલાએક વિદ્યાર્થીઓ છો તો તેમનું કામ હાલમાં વિદ્યા સંપાદન કરવાનું છે. વિદ્યા પ્રસારનું કામ તેમના માથે હવે પછી આવશે. પરંતુ આ અવસ્થામાં જો તમો તમારી ફરજ બજાવવામાં પાછળ પડતા હો, જો કદાચ તમો અંક ગણિત કે એવા કોઇ વિષયમાં કાચા હો તો તે પાકો કરવાને બદલે ચોપડીઓને કે તેના કર્ત્તાને શાપ આપ્યા કરો અને તે કામ નહિંજ થઇ શકે એમ નિરાશ થઇ, રોઇ બેશી રહો તો તમો તમારી ફરજ બજાવવામાં પાછળ પડો છો અને તમો મોટા થતાં કોઈ અઘરૂં કામ કરવા અશકત નીવડો અથવા તમારી ફરજ ન બજાવી શકો તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. માટે આજ પળે મુશ્કેલીથી ડરી નહિં જવાનો અને તેને મહાત કરવાનો નિશ્ચય કરો. જો કોઇ દિવસે તમો ના હિંમત બનો તો પરિષદ્‌નો આજનો દિવસ સ્મરણમાં લાવી યાદ કરજો; ને તમોએ મુંગે મહોડે, પણ ખરાં દિલથી મુશ્કેલીઓને પાર કરવાનો નિશ્ચય કરેલ છે, આવા સ્મરણ માત્રથી તમારી માનસિક દ્રષ્ટી સમક્ષ જે ચિત્ર ખડું થશે તે તમને એક ફીરસ્તાના માફક મદદ કરશે.

મારા તરૂણ મિત્રો, હું જે કહું છું તે જાત અનુભવ પરથીજ કહું છું. જોકે હું વિસ્તાર પુર્વક જણાવી શકતો નથી. પરંતુ મારા કહેવાની મતલબ એ છે કે હું જે રાજ્યની નોકરીમાં હતો તેના લાભનું એક કામ કરવાનું મેં મારે માથે ઉઠાવ્યું. રાજા તેમજ બ્રિટીશ અમલદારોની પુરે પુરી સહાનુભુતિ હોવા છતાં પણ મને કોઇ કોઇ વખતે એવી નિરાશા થતી કે હું તે કામ પાર ઉતારી શકીશ નહિ. તેમ હું તે કામ છોડી શકતો પણ નહતો. શું કરવું તેની કંઇ સુજ ન પડવાથી હું કલાકોના કલાકો સુધી અરધો જાગતો અરધો ઉંઘતો પડી રહયો. શું થયું તે હું કહી શકતો નથી. પરંતુ મારા વિલાયત જવા વખતે કચ્છમાં મારા વિદ્યાર્થીઓએ અને માંડવી તેમજ મુંબઇના ભાટીઆ મિત્ર મંડળોએ મારા સંબંધમાં ઉચ્ચારેલા ઉતેજનના બોલ મારા સામે પ્રત્યક્ષ થઇ આવી ઉભા, અને મારા નિરૂઉત્સાહી મગજને જોશ

આપ્યો. મને વધારે શાંતિથી અને ઠંડા મગજથી કામ કરવાને શક્તિમાન કર્યો, અને પ્રભુ કૃપાએ મેં હાથ ધરેલું કામ સફળ થયું. ભગવાન ભલું કરે. તેમનું—જો તે દિવસે તેમનું ઉતેજન મને ન મળ્યું હોત તો આજે મારામાં જે કંઈ લાયકાત તમો જુઓ છો તે ન હોત,

"મારા તરૂણ મિત્રો" આ શબ્દોમાં હું વિદ્યાર્થીઓ, વ્યપારીઓ અને અન્ય યુવાન ગ્રહસ્થોનો સમાવેશ કરૂં છું. હું તમોને ફરીથી કહું છું જે તમો તમને પોતાને તેમજ બીજાને પણ મદદ કરવાનો નિશ્ચય કરો. તમારા પોતાના કામમાં અથવા તમારી કોમમાં સુધારા દાખલ કરવાના કામમાં આવતી મુશ્કેલીઓથી ન ડરી જવાનો નિશ્ચય કરો. અને આવી રીતે ઠરાવ કરવા છતાં પણ જો કોઇ વેળા તમો તમારી ફરજોમાં ડગતા જણાઓ તો આ મેલાવડાના ચિત્રનું સ્મરણ કરજો. તમારો નિશ્ચય જો આ વખતે દ્રઢતા પુર્વક થયેલો હશે, જો તમને તમારા પોતાનામાં અને ઇશ્વરમાં શ્રદ્ધા હશે તો આજની સભાનો ચિતાર તમો ઇચ્છશો કે તરતજ અને કોઇ કોઇ વેળા તો તમારી ઇચ્છા વગર આપો આપ તમારી સામે આવી ખડો થઇ તમને એક મદદગાર ફીરસ્તા માફક સહાય કરશે. હું આવી જાતના ઠરાવો કરવાનું કહું છું. કાગળ પર શાહીથી લખેલા ઠરાવો નહિં. પરંતુ તમારા દિલ રૂપી કાગળના તખ્તા પર ન ભુસાય એવી શાહીથી છપાયલા આવા ઠરાવો થીજ તમારૂં, તમારા કુટુંબનું, તમારી સ્વજ્ઞાતિનું અને તમારી સમસ્ત જન સમાજનું શ્રેય ધીમેથી પણ દ્રઢતાથી થઇ શકશે, અને એજ ઠરાવોમાંથી આવાં શ્રેયનાં કાર્યો જન્મ પામશે.

મારા તરૂણ મિત્રો, શબ્દો આ દુનિયાની પુત્રીઓ રૂપ છે, જ્યારે કાર્યો સ્વર્ગના પુત્રો સમાન છે અને કુદરતના નિયમ પ્રમાણે પુત્રો પ્રથમ જન્મવા જોઇએ, અને પુત્રીઓ પાછળથી, કે જેથી કરી એ પુત્રો એ કન્યાઓને પરણી પોતાની પત્નિઓ કરી લે.

માટે શબ્દો પહેલાં કાર્યો.—કામ પ્રથમ ઠરાવ પાછળથી—કોમના સુધારાનું કોઇ પણ કાર્ય હાથ ધરતાં પહેલાં વિચાર કરો. વિકટ જણાય તો તે શરૂ ન કરો પરંતુ જો એક વખત શરૂ કર્યું તો કોઇ દિવસ પણ તે છોડજો નહિ.

ગ્રહસ્થો, હું જે કંઈ બોલ્યો છું તે આપણી કોમનાં હિતને માટે કરેલા ઠરાવો કેવા હોવા જોઇએ તે દ્રષ્ટી બીંદુથી. આપણે જે કરવાનું છે તે એજ કે આપણે આપણામાંથી સારા બોલનારાઓને આજે ચુંટી કાઢવા, આવતી કાલે તેઓના વ્યાખ્યાનો સાંભળવા અને તેમના કીમતી અક્ષરોને આપણા અંતરમાં સોનેરી અક્ષરે કોતરી રાખવા. એટલુંજ નહિ પરંતુ તેને આપણા પ્રાણુનાડી

તત્વોમાં ઓતપ્રોત કરી દેવા અને કોઈને પણ કહ્યા વગર આપણાં મનમાંજ આપણાથી બની શકે તે પ્રમાણમાં તે પ્રમાણે વર્તવાનો દ્રઢ નિશ્ચય કરવો.

આટલું છતાં પ્રહરથી આજ આ વીસમી સદીના જમાનામાં શબ્દતા મુજબ ઠરાવો પસાર થઇ કાગળ ઉપર ન ચડે ત્યાં સુધી એક સામાજીક પરિષદનો કાર્ય ક્રમ પુરો થયો ગણાય નહિં. આ જમાનો ઠરાવોનોજ છે અને જમાનાને અનુસરવામાં મને કાંઈ દોષ જણાતો નથી. વળી મારા જેવા છુટ વિચારના માણસને પણ એવા એકાદ બે ઠરાવોની જરૂર જણાય છે. માટે આપણે જરૂર જોગા ઠરાવો રૂઢી સર પસાર કરવાના છે.

હું તમો સર્વેની અનુમતીથી દરખાસ્ત કરૂં છું કે વિષયો મુકરર કરવા અને તે પર બોલનારાની એક કમીટી ચુંટી કાઢવી જોઇએ. આપણે એવી રીતે ચુંટી કાઢેલા બોલનારાઓને સાંભળીશું અને આપણા મનમાંજ ઠરાવો કરીશું અને તમો ઇચ્છશો તો તેમાંથી થોડા રૂઢી સરના આ જમાનાને અનુસરી ઠરાવો ઘડી કાઢશું અને મને ખાત્રી છે કે કાગલ પર ઠરાવ લખવાથી આપણા દિલ રૂપી તખતા પર લખેલા ઠરાવ ભુંસાઇ નહિ જાય. આગળ આપણ દિલમાં કરેલા ઠરાવ પર હમેશાં મનન કરીશું. કોનફરન્સનો વિચાર આપણ હૃદય ચક્ષુ સામે ખડો કરીશું. આપણામાં જે આજે ઐક્યતાની ભાવના સ્ફુરી છે તેને દિન પ્રતિ દિન મજબુત કરીશું અને ઉમેદ છે કે એ અસર આપણી રગોમાં, આપણા છોકરાના છોકરાઓના લોહીમાં દાખલ થઇ ફેલાતી રહેશે અને કોમની ઉન્નતિના કાર્યો કર્યા કરશે. यावत् चंद्र दिवाकरौ

પ્રમુખનું હિંદી ભાષણ

સજ્જનો,

મેં આપકી પાસ કોઇ વ્યાખ્યાન નહીં કરતા પરંતુ જેસે બહુત સાલસે બીછુરે હુવે ભાઇ એકઠે હોને પર એક દુસરે સેં બાતે કરતેં હૈં ઉસ્તરહ મેં બાત કરના ચહાતા હું.

એક કવિને કહા હે કે:—

"મિટત નહીં અન મિલન તેં, ઉત્તમ જનકી લાગ";
"જો જુગ પાનીમેં રહે, મિટે ન ચકમક આગ."

જોધપુરસેં નીકલા હુવા મેં જબ લુની જંકશન આયા, જો કે અંધેરા થા, વોહી ચમક, કે જો દિલકે ચકમકમે પેદા હોતી હે, આપકે ભેજે હુવે ડેપ્યુટેશનકે આંખમેં ચલક રહીથી હેદ્રાબાદ કે ડેપ્યુટશનમે ઉસકા પ્રકાશ જ્યાદા ફેલતા નજર આયા. જંકશાહી સ્ટેશન પર ઉસ્સે ભી બડા, ઓર કરાચી સ્ટેશન પર સેંકડો ભાઈ ક્યા જઇફ ક્યા જવાન, ક્યા ગરીબ. ક્યા તવંગર, ક્યા લડકે ક્યા લડકીયેં, જો એકઠે હુવે થે યે સબકી આંખમેં સે વોહી પ્રકાશ નિકલકે ગોયા ઉસ્કા શોલા ઉઠા હો માલુમ દેતા થા. ઉસ પ્રકાશસેં અંધેરેમેં ભી ઉજાલા હે.— ઉસ્કી ગેરમોજુદગીમેં સેંકડો ચિરાગ હોને પર ભી અંધેરા હે. તો અગર કોઇ લોક કહે કે દેશાટન આદી વિષય અપની કોન્ફરન્સ લીએ નહીં. ઉસ્સે અપની કોનફરન્સ કુછ કામકી નહિ હે, કહેને દો ઉનકો એસા--તો અપન દોઇકે કહેનેકી કુછ પરવા નહીં કરતે.

"કહા કરે રસખાનકો, લંપટ લોગ હજાર;"
"જો પત રાખન હાર હે, માખન ચાખનહાર."

ઉસ્ને અપની પત રખ લહી હે. જો કે અપન કરીબ ૬૦૦ સાલકે બાદ મીલતે હે, જો કે અપન હિંદુસ્તાનકે જુદે જુદે પ્રદેશમેં રહેતેં હે, જો કે અપના બહોંતોકા પ્રહેલે મિલનેકા કભી કામ નહીં પડા, જો કે સાથ મીલકે ઇતીહાંસોંકે સબુતસે અપને સાબીત નહીં કીઆ કે અપન ઉસી પુર્વજકી ઓલાદ હેં.—બીના પુછે—ખુદબખુદ અપના દિલહી ગવાહીદે રહા હે—કે અપન સબ એક હેં.— અગર હજાર હા સબુત હોને પર ભી વો દિલકો મંજુરં નહીં સબુતસેં ક્યા ફાયદા ? --અગર બીના સબુત દીલકો મંજુર હે સબુતસે ક્યા ગરજ ?

અપને હાથસેં હાથ, આંખસે આંખ, દિલસે દિલ, આત્માસે આત્મા મીલ ગયા હે ઓર ઉસ મીલનેસે જો બિજલી પેદા હુઇ હે ઉસકા પ્રકાશ અપને સબ ભાઇઓ કે આંખમેં પ્રગટ હોકર જબ સુંહી પુકાર રહા હે કે **"અપન સબ એક હે અપન સબ એક હે"**—જબકે અપને રોમ રોમસે યહી આવાજ ઉઠતા હે. અપને મીલનેકા મુખ્ય હેતુ પરિપુર્ણ હો ચુકા હે—મેં તો વહી કહુંગા કે મેં પહેલે સે કહે ચુકા હું કે.

"કહા કરે રસ ખાનકો. લંપટ લોગ હજાર;"

"જો પત રાખન હાર હે, માખન ચાખનહાર."

અપની પત ઇશ્વરને રખલહી હે. મગર અપને કો ઓર એક કામ કરનેકા હે. ઠરાવ પસાર કરકે કાગજ વ રૂનાઇ ખરાબ કરનેકા નહીં. અપની કોમકા યહ તરીકા નહીં હે. ચાહે અપને પૂર્વજ ભાટી-રાજપુતોકી રાહ દેખો, ચાહે અપકે "મરચન્ટ પ્રિન્સિઝ" ભાટીઓંકી રાહ દેખો, યહી દેખનેમેં આવેગા કેઃ—**"પહેલે કામ પીછે જાહેર ઠરાવ."**

ભાટી કોમને જબ મુલક સર કીયે પહેલે સેં કોઇ ઠરાવ નહિ નીકાલા.—અપને દુશ્મનો કો નોટીશ નહીં દીયા કે હમ આતે હે. આ ગયે, હરાયા, મુલક લેલીયા જબ દુશ્મનકો માલુમ હુવા કે ભાટી જીત ગયે. બાદ લોગોકો માલુમ હુવા કે ઉન્હોને ક્યા ઠરાવ કીયા થા.

અચ્છા, અબ ખતોર ભાટીએ જો આપ વ્યાપાર કરતે હે. લખો રૂપયે કમા લેતે હે, કોઈ ઠરાવ પહેલેસે જાહેર કરકે આગાહી દેતે હેં કે આપકે દિલમેં ક્યા હે?

જો સેંકડો કારકુન નીચી મુંડી કરકે શુબેસેં શામ તલક આપકી ઓફી ઓમેં કામ કરતે હે, જો બાહોશ આદમી આપકી પાસ સોદા કરને આતે હે, ઉનકો મેનેજરકે મગજમેં ક્યા ઠરાવ ભરે હે ઉસ્કા કુછ ઇસારા ભી માલુમ હોતા હે? આપ બઝારકી રૂખ દેખતેં હે, હઝારો બાતોકા ખ્યાલ મનહી મનમેં કર લેતે હે. કાર્ય કરતે હે. ઓર જબ વો કાર્ય સફળ હોતા હે જબ ડંકા બજતા હે, ઓરો લોગોકો કુછ કુછ માલુમ હોતા હે કે આપને ક્યા ઠરાવ કીયા થા.

લીહાઝા.

મેં યહી અરજ કર રહા હું કે ચાહે ખતોર ભાટી દેખો, ચાહે ખતોર ભાટીઓ દેખો, અપની કોમકા યહી તરીકા હે કે—**"પહેલે કામ પીછે ઠરાવકા જાહેર હોના"**

સુધરેકે કામમેં ભી યુંહી રહા હે. શેઠ ગોકલદાસ તેજપાલને લખો રૂપયે ખર્ચકે સ્કુલેં વ ઓસ્પીટલેં નીકાલી. શેઠ ખટાઉ મકનજી, મોરારજી ગોકલદાસ, રતનશી મુલજીને મેં કીતને નામ દર્શું ? પહેલે સેં ઠરાવ જાહેર ન કરકે કામ કર દીયા, પીછે જાહેર કીયાકે દીલમેં કયા થા. ઓર પ્રીહવી [મેં] જબ વિલાયત ગયા કોનસા ઠરાવ કચ્છ કે મહાજનને પસાર કીયા થા? મેં વાપસ આયા બાદ ઠરાવ હુવે ઓર જો કે મેરેકો વાપસ આયે કરીબ તેરા સાલકા અરસા હુવા અબતકભી ઠરાવ હોતે ચલે આતે હેં. તો અપની કોમકા તો યહી તરીકા હે. —"**પહેલે કામ પીછે જાહેર ઠરાવ—"ગોકુલ ગાંવકો પેંડોહી ન્યારો.**"

તો જબ અપને પુર્વજો ને પહેલે ઠરાવ જાહેર કરને બગેર રાજ લીયે હેં ઓર જબ આપ બતોર ભાટીએ બીના જાહેર કરને પહેલે અપને દીલકી નકસદ "મરચન્ટ પ્રિન્સિઝ" બન શકતે હો. અપની કોનફ્રન્સકી પાસ જો કામ હે બનિસ્બત ઉસકી બહોત આશા ન હે.

વિદ્યાકા પ્રસાર, બાલ લગનબંધ કરના—એસી એસી બાતે હેં. ઇસ્મે કયા મુશકલી હે? એક કોમ અંગભુતોકી યાને ઉસકોમમેં જો આદમી હે ઉનકી બની હુઇ હે. અગર અપની કોમકા હરયક આદમી જો સુધારા અપન કરના ચહાતે હેં વો ખુદ કરનેકા. દુસરો વો કરને મેં મદદ દેનેકા ઠરાવ દિલસે કર લેવે ઓર ઉસી માફક નાઇંદગી વર્તાવ રખે કામ હો ગયા. કાગજ કાલે કરનેકી કુછ જરૂરત નહિ. સજ્જનો, અપની કોનફ્રન્સકા ઢંગહી નિરાલા હે અપને કીયે હુવે ઠરાવ દિલકે તખ્તે પર લીખે જાતેંહે. તો દેખો. અબ અપનેકો કયા ઠરાવ કરનેકા હે? આજ અપન એકઠે હુએ હેં ઉનમે જો લોગ વિદ્યા પ્રસાર બાળ લગ્ન આદિ વિષયો પર બોલને વાલે હે ઉનકો અપન ચુન લેંગે. કલ ઉનકા વ્યાખ્યાન અપન ધ્યાનસે સુનેંગે જો વો કહે ઉસ્મેંસે જો જો અપનેકો ઉચિત લગેંગા અપન ઉસકો અપને દિલમેં જમાયેંગે, ઉસ પર ગોર કરેંગે. અપની રગોમેં બતોર ખુન ઉસકો બહાયેંગે. મનહી મનમેં ઠરાવ કર લેંગે. ઓર જબ કાર્ય કરેંગે લોગોકો માલુમ હો જાયગા કે આજકી કોનફ્રન્સમેં અપની જાતીકી ઉન્નતિકે વાસ્તે અપને કયા ઠરાવ કીયા થા.

મેરે જવાન મિત્ર, મેરા જયાદા તર તુમકો કહેના હે. હમ જઇફ લોગ તો અબ થોડે દિનોંકે મહેમાન હે. અપની જ્ઞાતિકે ભવિષ્યકે પુત્રોંકે તુમ પિતા હો. જ્ઞાતિકી ઉન્નતિકા આધાર જ્યાદાતર તુમ્હારે પર હે. મુશ્કેલી હરયક

કામમેં આતી હે. મુશ્કેલીસે મત ડરે.—અબ તુમ્હારા કામ વિદ્યા પ્રસાર કરનેકા નહિ હે તો વિદ્યા પડનેકા હે. અબ જો તુમ પડનેમેં સુસ્તી કરો અગર ઇમ્તીહાનમેં એક દફે નાપાસ હો ગયે દિલ કુન્દ કરકે હિંમત હારકે બેઠ જાઓ ગે આયંદે વિદ્યા પ્રસાર કરનેકા કામ કૈસે બન સકેંગા? તો મેરે જવાન મિત્ર, અબસેંહી મનકી યહ આદત ડાલો કે તુમ્હારા મન અગર કોઇ મુશ્કેલી હો ઉસ્સે ડરકે બેઠ ન રહે, બલકે પુરે તોરસે ઉસકી સાથ લડકે ઉસકો મહાત કરે.

મુશ્કેલી હરયક બડે અચ્છે કામમેં આતી હે મગર અપના દિલ એસા નહિં ચાહીએ કે જો ઉન મુશ્કેલીસે ડિગ જાવે. મગર બાજે વક્ત અપને દિલમેં દ્રઢ કીયે હુવે ઠરાવ ચલાયમાન હો જાતેંહેં. મેં મેરા ખુદકી બાત કહેતાહું. સબ વિવેચન નહિં કર સકતા, મગર મતલબ યહ હેકે મેં એક રાજ્યકી નોકરી કરતા ઓર ઉસ રાજ્ય ઓર પ્રજાકી મેં નોકરી કરતાથા ઉનકે ફાયદેકા એક કામ મેરે સર પે ઉઠાયાથા. રાજા મેરેકો મદદ દે રહાથા. બ્રિટીશ ઓર પ્રીસરણી મેરેકો મદદ દે રહેથા જોભી મેરે દીલમે એક દફે યું ખ્યાલ આ ગયા કે જો કામ મેને સર પર ઉઠાયા હે પુરા નહીં હો સકેંગા. ઓર તો ભી મેં ઉસકો છોડ નહી સકતા. મેં આધા સોતા આધા જાગતા બેઠા રહા. કીસ સબબસેં? મે અબ તક નહીં કહ સકતા. મેં વિલાયત ગયા ઉસ વખ્ત જો ઉત્તેજન કે અલફાઝ મેરે વિદ્યાર્થીઓંને કહેથે, મેં વાપસ આયા જબ જો શબ્દ મુંબઇ ન માંડવી ભાટીયા મિત્ર મંડળને કહેથે ઉસકા અવાજ મેરે કાનમેં આયા. મેં બેઠ ગયા જ્યાદા ઠંડે મગજસેં કામ કરને લગા, ઓર ઇશ્વર કૃપાસેં મુશ્કેલ આસાન હુવા. ઇશ્વર ભલા કરે ઉન લોગોકા, અગર ઉનકા ઉત્તેજન નહોતા મેં જો અબ હું ન હોતા.

મેરે કહેનેકા યહી મતલબ હે કે જો મેરા અનુભવ હે તુમારાભી હોગા. અગર કોઇ અચ્છા કામ તુમને કરનેકી કોશીશ કી ઓર જો મુશ્કેલી આઇ હીંમત મત છોડો. ઓર જો તુમ્હારા ઓર તુમ્હારે ભાઇબંધોકા ભલા કરનેકા ઠરાવ તુમને પુરે તોરસે કર લીયા હે, જો તુમકો તુમારે દિલમેં વ ઇશ્વરમેં શ્રદ્ધા હે. ઇસ કોનફરન્સકા નકશા તુમ્હારી ચસમોંકે આગે ખુદ બખુદ ખડા હો જાયગા. ઓર એક ફીરસ્તેકે માફક વો તુમકો મદદ કરેગા ઓર સબ મુશ્કેલી દફે હોજાયગી. તો મેરી યહી અરજ હે કે કામ સર પર મત લો અગર લો પુરા કરો. કવીને કહા હે—

> બેર પ્રીત કર નેમેં, મનમે ન શંકા આન,
> શાળા રંક દેખકે, ન છાતી ધક ધકરી.

અપની ઉમેરી ઉબા હનેકી આઙ જિને
એક સમ દેખ પરત બાગ ઔર બકરી
ઠાકુર કહત હમે બિબિધ બિચાર દેખ્યો
યેહી મરદાનગીકી રીત એક અકરી.
ગ્રહી જો ન ગ્રહી ઔર છોડી જો ન છોડ દઇ.
કરી સો તો કરી ફેર ન કરી સો ન કરી.

મગર અપને કામ લેતે હે ઉસ્મે કુછ મુશ્કેલી નહીં હે. વિદ્યાકા પ્રચાર કરના, બાલ લગન બંધ કરના એસે કામોંમેં કયા મુશ્કેલી હે? મુશ્કેલ કામ ભી હીંમતસે આસાન હો જાતા હે. કહા હે કેઃ—

હીંમતી કીયેસે કહો કહા ન સુધરી જાત
ચારહી જન ચારહી દિશામે, ચાર હી કોન ગ્રહી
મેરૂકો હિલાહુ ઉખારે તો ઉખરી જાત.

તો હયાં પર તો કોઇ મેરૂકો ડીગાના નહીં હે મગર કોઇ ખરાબ રૂઢી ન્યાતમેં દાખલ હુઇ હે ઉનકો નીકાલના હે . ઉસ્મે મુશ્કલી કયા હે !

તો અબ અપન એક કમીટી વિષય વ વ્યાખ્યાન દેને વાલોંકો પસંદ કરનેકે લીએ મુકરર કરેંગે વ જેસે પહેલે મેં કહ ગયા કલ ઉનકા વ્યાખ્યાન સુનેગેં મનહી મનમેં ઠરાવ કર લેંગે. ઔર અગર તુમ ચાહો આજ કલકે ઢંગકી માફક કાગજ પરભી લીખ લેંગે. કાગજ પર લીખનેંસે દિલકો તખ્તે પર લીખા હુવા ઠરાવ મિટ નહિં જાયગા. વો દિલમેં કીયે હુવે ઠરાવો પર અપન હંમેશ મનન કરેંગે, આજકી કોનફરન્સકા ચિત્ર અપની હૃદય ચક્ષુકે પાસ ખડા કરેંગે ઔર જો અસર એકતાકા આજ આપને દિલ પર પેદા હુવા ઉનકો દિન બ દિન મજબુત કરેંગે ઔર ઉમેદ હે કે ઇશ્વર કૃપાસે વો અસર અપની રગોમેંસે અપને બેટા બેટીકે લહુમેં દાખલ હોકર જહાં તક યહ દુનીયા હે જ્યાદા વ જ્યાદા ફેલતા રહેગા. જ્ઞાતિકે ફાયદે વ ઉન્નતિકા કામ કરાતા રહેગા ઔર યહી પુકારતા રહેગા કે " અપન એક હે એક હે "

વિષય વિચારક કમીટી

પ્રમુખના ભાષણના અંતે સર્વાનુમતે નીચેના ગ્રહસ્થોની વિષય વિચારક (સબજેક્ટસ) કમીટી નીમવામાં આવી હતી.

અધિકારીવર્ગમાંથી

૧. રાવ સાહેબ લક્ષ્મીદાસ રવજી સંપટ (પ્રમુખ.)
૨. મી. મથરાદાસ રામચંદ જવેરી (સન્માન કારિણી કમીટીના પ્રમુખ.)
૩. મી. ગોરધનદાસ મોરારજી } સામાન્ય સેક્રેટરીઓ.
૪. મી. મુલચંદ ટી. અસરપોટા } સામાન્ય સેક્રેટરીઓ.
૫. કીશીનદાસ આમરાય, શીકારપુરના સેક્રેટરી.
૬. મી. નરસીંગદાસ કે. જવેરી, હૈદ્રાબાદના સેક્રેટરી.
૭. મી. દામોદર વાઘજી વોલંટીઅર કોરના કેપટન.
૮. મી. જી. એ. ઢીકલા વોલંટીઅર કોરના સામાન્ય લેફ્ટેનન્ટ.

અન્ય ચુંટાએલા.

૧. મી. સુંદરદાસ વલ્લભદાસ
૨. ,, વીશીનજી ઠાકરશી હાલાઈ
૩. ,, રવજી વાલજી
૪. ,, હરિદાસ લાલજી
૫. ,, જમનાદાસ માધવજી
૬. ,, પરશોતમ ધનજી જેસરાણી
૭. ,, ભીમજી જેરાજ મકનજી
૮. ,, રૂપચંદ રૂગનાથ
૯. ,, વીરજી જીવનદાસ
૧૦. ,, માગજી માવજી
૧૧. ,, દામોદર રવજી
૧૨. ,, લક્ષ્મીદાસ મથરાદાસ
૧૩. ,, છોટાલાલ વીશીનજી
૧૪. ,, જેઠા કાનજી
૧૫. ,, વીઠલદાસ વીશીનજી જેશાણી

પંજાબ અને સંયુક્ત પ્રાંતો.

૧૬. ,, લાલા કીરપારામ
૧૭. ,, છબીલદાસ વીશીન્દરામ
૧૮. ,, બાબુ મદન ગોપાલ
૧૯. ,, દીવાન રામચંદ પીતાંબરદાસ

૨૦. ,, ઠાકર ધમનમલ ફતેહચંદ

૨૧ મી. જેરામદાસ વેરસીમલ

૨૨ ,, એદલદાસ

૨૩ ,, સંતદાસ કીમતરાય

૨૪ ,, મુલચંદ ગોપાલદાસ

૨૫ ,, લધારામ આલુમલ

૨૬ ,, દ્વારકાદાસ વીશીન્દાસ

૨૭ ,, વલીરામ અલીમચંદ

૨૮ ,, નરસીંઅદાસ દેવનમલ

૨૯ ,, ટીકમદાસ બુધરમલ

૩૦ ,, એમ. એ. કીકલા

૩૧ ,, મુરલીધર શીકારપુરવાળા

૩૨ ,, મુખી રૂપચંદ કેવળરામ

૩૩ ,, ટેકચંદ પરશોતમ

૩૪ ,, કોડુમલ

૩૫ ,, લીલારામ તેજભાણદાસ

૩૬ ,, ધમનમલ ઠાકુરદાસ

૩૭ ,, હીરજીમલ મધુમલ

૩૮ ,, મુલજીમલ મધુમલ

૩૯ ,, નરસીંગલાલ ધમનમલ

૪૦ ,, મુખી ખુશાલદાસ આંબોમલ



સર્વાનુમતે પાસ થયેલા ઠરાવો.

ઠરાવ ૧ લો.

" અખીલ ભારતવર્ષીય ભાટીઆ પરિષદ્દની આવતા વરસ માટે નીચેના ગ્રહસ્થોની એક સ્ટેન્ડીંગ કમીટી નીમવામાં આવે છેઃ-(૧) મી. મથરાદાસ રામચંદ્ર (૨) ભાઇ મોરારજી સુંદરજી, (૩) ભાઇ લાલજી લખમીદાસ, (૪) મી. મુલચંદ થાવરદાસ અસરપોટા, (૫) મી. નરસીંહદાસ કે ઝવેરી, (૬) ભાઇ ધમનમલ ફતેચંદ, (૭) મી. ગોકલદાસ એ. ફીકલા,—સેક્રેટરી મી. મુળચંદ થાવરદાસ અસરપોટા. "

પ્રમુખનું ભાષણ.

ઉપરનો ઠરાવ રજુ કરતાં પ્રમુખે નીચે મુજબ ભાષણ કર્યું હતુંઃ-

ગઇ કાલેજ મેં જણાવ્યું હતુ તેમ હું પોતે કોઇપણ ઠરાવો પસાર કરવાની વીરૂદ્ધ છું અને ઠરાવો પસાર કરવાથીજ કાંઇ લાભ થવાનો સંભવ હું માનતો નથી. પણ સઘળી કોનફ્રંસોનો એ રીવાજ પડી ગએલો હોવાથી મારે પણ એ રૂઢીને અનુસરવાની ફરજ પડી છે. ગઇ કાલે નીમવામાં આવેલી સબજેકટસ કમીટીમાં જે ઠરાવો મુકરર કરવામાં આવ્યા છે તેમાંનો પહેલો મારેજ રજુ કરવાનો છે, અને તે ઠરાવ એવો છે કે આપણી ઉમેદો પાર પાડવા માટે ઉપર કહ્યા ગ્રહસ્થોની એક સ્ટેનડીંગ કમીટી નીમવી જે જરૂરી પત્ર વહેવાર કરે, અને કોનફ્રંસના ઠરાવો અમલમાં મુકવા માટે જોઈતાં સાધનો મેળવવા કોશેશ કરે.

ઠરાવ ૨ જો

"ભાટીઆ કોમનો ઇતીહાસ બનાવવાનું આ કોનફ્રંસને જરૂરી જણાતું હોવાથી એવો ઠરાવ કરવામાં આવે છે કે આ કામ માટે કોમના જુદા જુદા ભાગના લોકોએ સામગ્રી એકઠી કરી મુંબઈના ભાટીઆ મિત્ર મંડળવાળા મેસર્સ દામોદર રવજી પુરેચા તથા વિસનજી ઠાકરસી હાલાઇ પર મોકલવી, અને આ બાબતને આવતી કોનફ્રન્સ આગળ રજુ કરવી."

લાલા કીપારામનું ભાષણ

ઉપરના ઠરાવની દરખાસ્ત કરતાં ગુજરાત (પંજાબ) ના વકીલ લાલા કીપારામે કરેલા ભાષણોનો સાર નીચે મુજબ છે:—

આ ઠરાવ રજુ કરતાં, આપણી કામની તવારીખની અત્યારની નોંધની જરૂર બતાવનારા મુદ્દાઓ આપની પાસે મુકતાં મને હર્ષ થાય છે. કામની તવારીખ વગર આપણને કેટલું સહન કરવું પડે છે તે થોડાજ જાણે છે. જુદા જુદા પ્રાંતના ભાટીઆઓ વચ્ચેનો વહેવાર માત્ર અવાર નવારજ થતો હોવાથી એક બીજાનો મોભો, સમાજીક રીતીરીવાજો વિગેરે જાણવાનું બહુ મુશ્કેલ થાય છે. નોંધ વગર આપણા ભાઇઓ કયાં કયાં વસે છે તે આપણે જાણતા નથી. આપણે એટલું જાણીએ છીએ કે તેઓ મુખ્યત્વે કરીને ઉત્તરના ડુંગરાળ મુલકમાં અને પશ્ચિમ હિંદુસ્તાનમાં વસે છે. પણ તેઓ હિંદના બીજા ભાગોમાં અને હિંદની સરહદ બહાર મળી આવે છે. અફગાનીસ્તાનની રાજધાની ગીઝનીમાં પણ કેટલાક ભાટીઆ મળી આવે છે, અને આ શહેરની સ્થાપના તેના ભાટી રાજકર્તા "રાજા ગજ"ના નામ ઉપરથી થઈ છે. ત્યાંના ભાટીઆઓ રાજા ગજના વંશમાંથી ઉતરેલા છે, અને સમાજમાં ઉંચો દરજ્જો ભોગવે છે, તેઓમાંના એક ભાટીઆ ગ્રહસ્થ કાબુલના અમીરના દીવાનના પદ ઉપર છે. તેઓમાંથી ઘણાખરા ઠીક જેવા માલદાર વેપારીઓ છે, અને દેશના વેપાર પર કાબુ ભોગવે છે. જો વાયવ્ય ખુણાવાળા પ્રાંતો તરફ આપણે આવીએ તો ત્યાંથી ડુંગરાળ મુલકોમાં ભાટીઆઓને વસેલા આપણે જોઈએ છીએ. આ લોકો પોતાને ચઢતા વર્ગના તરીકે ઓળખાવે છે, અને બહુ પઇસાદાર છે. છેલ્લી ધાડફાડોમાં તેઓ ભોગ બન્યા છે. થોડા વખત પર બનેલો એક દાખલો હું તમને જણાવીશ, તેથી તેમની સમાજીક સ્થિતિ કેવી છે તે સહેલાઈથી માલુમ પડશે. એક વખત પાડોશના લુંટારાઓ એક ભાટીઆ છોકરાને ઉપાડી ગયા હતા, જેને પાછો મેળવવા માટે તેના બાપને રૂા. ૧૫,૦૦૦ની રકમ દંડ તરીકે આપવી પડી હતી. આપણે નથી સમજી શકતા કે જે આવડી મોટી રકમ દંડ તરીકે ભરી શકે તેનો સમાજમાં ઉચો દરજ્જો હોવો જોઇએ? રાવળપીંડી ડીસટ્રીકટમાં ભાટીઆઓની વસ્તિ સારી જેવી છે, અને કાંઇ હલકો દરજ્જો ભોગવતી નથી. જેલમ ડીસટ્રીકટમાં ભાટીઆઓ પોતાને ક્ષત્રી નામથી ઓળખાવે છે. શાહપુર ડીસટ્રીકટમાં ઘણાખરા જમીનદારો છે. અને પોતાને ભાટીઆ રજપુત કહેવડાવે છે. તેમનો પોશાક અને બહારનો દેખાવ એવો છે કે તેને ભાટીઆ કહેતાં અચકાઇએ, પણ તેમના નામમાં "ભાટીઆ" શબ્દ છે તે તેમના યદુવંશી પણાનો પુરતો પુરાવો છે. જેઓ ગુજરાત (પંજાબનો પ્રાંત) તરફ ગયા છે તેઓ જમીનના મોટા ટુકડાના અને ગામડાંઓના માલીક છે, અને બહુ બુદ્ધિશાળી ગણાય છે. તેઓ બહુ શાણા છે, અને તેમણે તેમની અસલી આદતો જાળવી રાખી છે. અરોરાઓ તેમને પોતાના કરતાં ઉતરતા દરજ્જાના ગણાતા નથી, પણ તેમને

ઉચ્ચ જાતના હિંદુઓ ગણે છે. ગુજરાતે ડીસ્ટ્રીકટમાં ભાટીઆઓની વસ્તી ૭ થી ૮ હજારની છે. તેમાંના ૩/૪ શીખધર્મ પાળે છે, અને બાકીના સનાતની છે. શીઆલકોટ ડીસટ્રીકટમાં તમને ૭ થી ૮ હજાર ભાટીઆ મળી આવશે. લાહોર ડીસટ્રીકટમાં ૪ થી ૫ હજાર ભાટીઆ હોવા જોઈએ. આમ આખા પંજાબમાં ઓછામાં ઓછા ૨૦,૦૦૦ ભાટીઆ હશે. ઉપર કહેલા શીખો સિવાય બધા શ્રીકૃષ્ણના ભકત છે, જો કે તેમનો દરજ્જો આપણા મુંબઇ અને કચ્છના ભાટીઆઓના જેવો નથી, પણ તેમની નસોમાં અસલની ભાટી જાતનું લોહી છે, અને તેમની ટેવો, અને રીત રીવાજો ચોખ્ખી રીતે સાબીત કરે છે કે તેઓ યદુવંશી છે. તેઓ પોતાને ભાટીઆ રજપુત નામથી ઓળખાવે છે. તેમને ભાટીઆ રજપુત કહીને હું એમ નથી કહેવા માગતો કે તેઓ ઊંચી ઓલાદના છે, પણ તેઓ ભાટીઆ રજપુત છે તે તેમની ટેવો, અને રીતરીવાજો પરથી સહીસલામત રીતે અટકળી શકાય છે. અલબત તેઓ ગરીબ છે, પણ છોકરીઓના દામ લેવાનો ચાલ તેમનામાં પ્રચલીત નથી. તેઓ તેમની દીકરીઓને પોતાની જાત વાળાને આપેછે. તેઓ બીજી જાતવાળાઓની દીકરીઓ લેતા નથી તેમ તેને દેતાં નથી. તેમનામાંથી કોઇ ભીખ માગતું નથી. ભાટીઓ ભુખ્યો સુઇ રહેશે, પણ ભીખ કદી નહિ માગે. તે પોતાની પ્રમાણીક રોજી ઉપર ગુજારો કરેછે, અને ભીખ કદી માગતો નથી. અલબત આપણા મુંબઇ તરફના ભાટીઆ ધન અને દરજ્જામાં અમારાથી ચઢીઆતા છે, પણ આપણા પંજાબના ભાઇઓ કન્યાની કીમત લેવાથી અને ભીખ માગવાથી નીરાળા છે અને તે માટે અમે મગરૂર છીએ. મારા પ્રાંતમાં છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા વધારે છે. અને તેથી કોઇ કોઇ વખત અમને અમારી છોકરીઓ માટે ઘર ગોતવામાં મુશ્કેલી તો પડે છે. બીજી મુશ્કેલી અમારામાં "બાધરી" નામના વિભાગો છે તેથી નડે છે. એમાં બે તડાં છે, "બરાહી" (એટલે કે ૧૨) અને બીજા "બીનજાબી" (એટલે કે ૫૨) કહેવાય છે. બરાહીઓ ચઢીઆતા ગણાય છે. તેઓ બીજા તડાવાળામાંથી કન્યાઓ લેતા, પણ કદી તેમને દેતા નહિ. આથી ગરીબ બીનજાબીઓને કન્યા મેળવવાની મુશ્કેલી ઉભી થઇ. પરિણામ એ આવ્યું કે જ્ઞાતિમાં સાટાં કરવાનો રીવાજ પેઠો. સાધારણ પ્રજા આ રીવાજને ધિક્કારતી શીખ ભાટીઆઓ સિવાયમાં આ રીવાજ ઘસાતો જાય છે. ગુજરાત અને શીઆલકોટ ડીસટ્રીકટમાં તે બહુ પ્રચલિત છે. સાટાના રીવાજની સાથે બરાહી વર્ગમાં કન્યાઓની સંખ્યાનો વધારો થયો છે. છેલ્લાં ત્રણ વરસ થયાં બંને તડાવાળાએ સલાહ કરી છે, અને માંહોમાંહે કન્યાઓની લેવ દેવ અને અદલા બદલી કરે છે. મુંબઇ ઇલાકામાં "ઓરથોડાક્સ" શબ્દ જે અર્થમાં વપરાય છે તે અર્થમાં પંજાબના ભાટીઆ "ઓરથોડાક્સ" નથી. તેઓ છુટા વિચારના છે. શીખ ભાટીઆઓમાં છુટા

છવાયા દાખલા સિવાય પંજાબના ભાટીઆમાં વિધવા પુનરલગ્નનો રીવાજ નથી. અને આ છુટાં છવાયાં પુનર લગ્ન વાળાં જોડાં બ્રાધરીના વિચાર પ્રમાણે ઉતરેલ ગણાય છે. બ્રાધરીઓએ આ રીવાજને મંજુરી આપી નથી. પંજાબમાં એક ગરીબ ભાટીઆને પણ તેના વંશ વિષે પુછો તો તે તમને જણાવશે કે પોતે શ્રીકૃષ્ણ ભગવાનનો વંશજ છે. પંજાબી ભાટીઆનું લોહી અન્ય જ્ઞાતિના લોહીના મિશ્રણથી ભ્રષ્ટ થયું નથી. લાહોર અને અમ્રીતસર ડીસ્ટ્રીકટમાં ભાટીઆઓ સારા હોદ્દા ભોગવતા માલુમ પડે છે. બીજા ડીસટ્રીકટમાં તેઓ ગરીબ હાલતમાં છે, અને ઘણું ખરૂં ગામડાઓમાં વસે છે. તેમને અંગ્રેજી ભાષાનું થોડું ઘણું જ્ઞાન છે. પંજાબમાં ભાટીઆઓની મોટી સંખ્યા જમીનદાર છે, અને પોતાને ભાટીઆ રજપુત કહેવડાવે છે. શાહપુર ડીસટ્રીકટમાં તેમણે રેવન્યુ અધિકારી પાસે એવી માગણી કરી હતી કે તેઓ રજપુતોની [illegible]ટી જાત માંથી ઉતરેલા હોવાથી તેમને રજપુત નામ આપવું જોઈએ. મુસલમાન વખત માં આ "ભટી" નામને બદલીને ઓળખાણ [illegible] જુલમમાંથી બચવાને ભાટીઆ નામ રાખવામાં આવ્યું હોવું [illegible] અધિકારીઓએ આ બાબત-તપાસ ચલાવી હતી, અને પાડો[illegible] ડીસટ્રીકટના ભાટીઆઓની [illegible]બાનીઓ લીધી હતી. તેમણે કહ્યું કે "ભાટીઆ" અને "ભટી" તે એકનું અ[illegible] નામછે. તફાવત માત્ર ધર્મનો છે. ૧૦ મા સઇકામાં મહમદ ગીઝનીએ હલ્લો કર્યો તે પહેલાં શાહપુર ડીસટ્રીકટનું ભેરા ગામ તે ભાટીઆઓનું મધ્ય સ્થળ હતું. તે વખત તે "ભાટીઆ" (ભાટીઆનું વતન) કહેવાતું. ઉપર કહેલી અરજી વડા રેવન્યુ અધિકારીએ કાઢી નાખી છે, અને અરજદારો પોતાને રજપુતના વર્ગમાં મુકાવવાને હકદાર છે એવી ફરિયાદ હિંદી સેક્રેટરી ઓફ સ્ટેટ સામે માંડવાનો ઇરાદો રાખે છે. રેવન્યુ અધિકારીઓએ તેઓ રજપુત છે એ વાતની ના નથી પાડી પણ તેઓ તેમને ખેડુત વર્ગના હકો એટલે કે જમીન ખરીદવાના હકો આપવાની ના પાડે છે. મુલતાનના ભાટીઆઓને સરકાર તરફથી રજપુત ગણવામાં આવે છે. ૧૯૦૦ની સાલમાં જ્યારે પંજાબમાં જમીનના પટાનો કાયદો પાસ થયો ત્યારે તેમને રજપુત તરીકે કબુલ રાખવામાં આવ્યા હતા. ૧૯૦૪ સુધી તેઓ ખેડુત વર્ગો આગળથી જમીન ખરીદતા, ૧૯૦૪ ની સરકારી નોટીસથી તેમને જમીન ખરીદ કરવાની મનાઇ કરવામાં આવી છે. અને બીજા ક્ષત્રીઓ કરતાં વધારે સારી હાલતમાં નથી. સરકારી જાહેરનામામાં "ભાટીઆ સિવાયના રજપુતો" એવા શબ્દો છે, જે પંજાબ રેકર્ડ ભાગ ૨જો પૃષ્ટ ૨૩ ઉપરથી માલુમ પડશે. ૧૯૦૦નો કાયદો ભાટીઆઓને રજપુત તરીકે કબુલ રાખે છે, પણ તેમને ખેડુત તરીકે જાહેર કરતા નથી. પંજાબની જાતો સબંધી મી. ઈબિટસનના પુસ્તક પ્રમાણે ભાટીઆઓ ત્રીજ ગણાય છે,

પણ અરોરા અને વાણીઆથી ઉતરતા લેખે છે. તે તેમને "બહુ ચુસ્ત" હિંદુ, માંસ મદીરા નહિ ખાનારા પશ્ચિમ પંજાબના બીજા વેપારી વર્ગો કરતાં ઘણા વધારે ચઢીઆતા કહે છે. તેઓ વિધવા પુનરલગ્ન કરતા નથી. મી. રોઝ પોતાના પુસ્તકમાં ભાટીઆઓ સંબંધી આ જ વિચાર જણાવે છે. પંજાબની વરીષ્ટ અદાલતના ચુકાદામાં (જુઓ, પંજાબ લો રીપોર્ટર પુસ્તક ૬૪, પૃષ્ઠ ૨૮૫) ભાટીઆઓને બહુ ચુસ્ત હિંદુ જેઓ વિધવા પુનર લગ્ન કરતા નથી એવું કહીને વરણવ્યા છે. મુજફરગઢ ડીસટ્રીક્ટ ગેઝેટમાં બધા ભાટીઆને ભેગા કરીને "કીરાર" નું નામ આપ્યું છે, અને તેમને વિષે કાંઇ નોખું કહેવામાં આવ્યું નથી. આ બધી ભુલો સુધારવા માટે આપણને પુરાવાવાર સાધનોની જરૂર છે. આપણી કોમનો ઇતીહાસ તે બચીત ઉપયોગી ગ્રંથ થઇ પડશે. પંજાબમાં હુકકો પીવો તે જ્ઞાતિમાં પદવીનું ચોકસ ચિન્હ ગણાય છે. ચડતી જાતના લોકો પોતાથી ઉતરતી જાતના લોકોને પોતાનો હુકકો પીવા દેતા નથી, અને આપણા ભાટીઆ ભાઇઓ આ બાબતમાં બહુ ચુસ્ત છે, અને બીજી નાતના લોકોને તેમનો હુકકો પીવા દેતા નથી. જ્ઞાતિની નીસરણીમાં આપણું પગથીઉં ઉંચું છે તેનો આ પુરાવો છે. તેમની બજાર બીજા વેપારીઓથી ખાસ અલગ છે, અને તેઓ ઉંચો દરજ્જો ભોગવે છે. પણ તેઓમાં કેળવણીની ખામી છે. મુલતાનમાં શુજાહઆબાદ તેહસીલમાં ચોધરી ભવાનીસીંગ (જેનો પિતા ઓનરરી માજીસ્ટ્રેટ હતા) એક મોટા જમીનદાર છે, અને બહુ ઉંચો દરજ્જો ભોગવે છે. ૫૦ કરતાં વધારે ગામડાના તેઓ લંબરદાર છે. ૧૮૫૭ ના સેટલમેંન્ટમાં તેના બાપદાદા ત્યાંની જમીનમાં પહેલા વસવા જનારા તરીકે અને "ભાટીઆ રજપુત" તરીકે લખાયા છે. મુલતાન ડીસટ્રીકટમાં ભાટીઆઓની એક મોટી સંખ્યા જમીનદાર તરીકે છે. મુજફરગઢ ડીસટ્રીકટમાં પણ ભાટીઆઓની મોટી સંખ્યા જમીનદાર છે (જુઓ ૧૯૨૩નો પંજાબ લેન્ડ રેકર્ડ ૭૪). ભાવલપુર રાજમાં ભાટીઆઓ વેપારમાં તથા જમીનદારીમાં ઊંચો દરજ્જો ભોગવે છે. નકશામાં મુલતાન અને જેસલમીર વચ્ચે ભાટીઆ જમીનદારોથી વસાએલો મોટો ભાગ આપણે જોઇએ છીએ. એવું જણાય છે કે જ્યારે ભાટીઆઓ જેસલમીર છોડી મુલતાન ગયા ત્યારે કેટલાક ઉપર કહયા ભાગમાં વસ્યા અને કેટલાક મુલતાન ગયા. ત્યાંથી કેટલાક ઉત્તર તરફ ગયા અને કેટલાક દક્ષિણ તરફ. પણ આટલી વાત ચોખ્ખી છે કે ભાટીઆઓ દેશની એક લીટીમાં એટલે કે હિંદની પશ્ચિમ દિશામાં વસ્યા છે.

ગ્રહસ્થો, મેં તમારી આગળ કેટલીક હકીકત રજુ કરી છે, જે બીજી કેટલીક બાબતો સાથે ત્યારે પ્રકાશમાં આવશે કે જ્યારે આપણે આપણી કોમનો

ઇતિહાસ બનાવવાની સામગ્રી તઇયાર કરવા માંડીશું, અને આવી તવારીખ દરેક કોમી સવાલોમાં ઉપયોગી હથીઆર થઈ પડશે. ગ્રહસ્થો, આટલું બોલી આશા રાખુંછું કે આ ઠરાવને તમે વિનાસંકોચે સર્વાનુમતે પાસ કરશો.

મી. ક્રીસનદાસનું ભાષણ

ઉપરની દરખાસ્તના અનુમોદનમાં મી. કીસનદાસ જામરાય વકીલે નીચે મુજબ ભાષણ કર્યું હતું:—

ભાટીઆ કોમનો ઇતીહાસ રચવાનો વિચાર મુંબઇના મિત્ર મંડળના મી. દામોદર રવજી પુરેચાને પહેલ વહેલો ઉદભવ્યો હતો. તેમના વિચાર પ્રમાણે આપણી જાતિને લગતું જે જે સાહિત્ય જ્યાં જ્યાં મળી શકે ત્યાંથી તેને એકઠું કરવું જોઇએ, અને તેમાંથી એક સારો વજનદાર હેવાલ તઇયાર કરવો જોઇએ. મને જણાવવામાં આવે છે કે તેમની પાસે બહોળી હકીકતનો સંગ્રહ છે, જે તેમણે ગુજરાતીમાં લખી રાખ્યો છે. જો આપણી જાત અને ધર્મ વિષે આપણને પુરાવાઓની જરૂર પડે તો બીજા પ્રાંતો સંબંધી વિગતવાર હકીકત હજુ મળી શકે તેમ નથી. આપણા દાવાઓને ટેકો આપવા આ પ્રાંતમાં કોઇ ભરૂસા પાત્ર નોંધો આપણને મળતી નથી. આપણે એ તો કહીએજ છીએ કે આપણે શ્રી કૃષ્ણચંદ્રના વંશજ છીએ, અને આપણા બાપદાદાઓ જાદવો હતા, જેમણે મથુરા, દ્વારકાં, જેસલમીર, દિલ્હી અને બીજી કેટલીક જગ્યાએ રાજ કર્યું છે. આપણે એવું પણ કહીએ છીએ કે દ્વારકામાંથી જાદવોનો એક ભાગ સંક્ષિપ્ત માટે જાડેજા કહેવાયછે તેઓ જામનગર જઇ ત્યાં વસ્યા હતા; જ્યારે ભાટીઆઓ (તેઓ તે વખતે 'ભટી' કહેવાતા હતા) નો એક ભાગ જેસલમીર અને તેની આજુ બાજુનાં ગામડાંઓમાં ગયો જ્યાં તેમણે પોતાનાં ગામો બાંધ્યા, અને ત્યાંના રાજકર્તા થયા. આ અને આવી બીજી બાબતો સંબંધમાં સિદ્ધ થએલી કોઇ સામગ્રીઓ આપણા હાથમાં નથી. તે વિના આપણે જે દાવો કરીએ છીએ તે નિર્માલ્ય અને વૃથા નીવડે છે. તેથી મારો અભિપ્રાય છે કે આપણી કોમના હિતની ખાતર તેની તવારીખ તે અત્યંત જરૂરની વસ્તુ છે."

મી. છોટાલાલનું ભાષણ

ઉપરના ઠરાવના અનુમોદનમાં મી. છોટાલાલ વિસનજી જીવરાજાનીએ આપેલા ભાષણનો સાર નીચે મુજબ છે—

આ મંતને ખબર નથી કે પંજાબમાં લગભગ ૨૦,૦૦૦ ભાટીઆ છે. આ વાતની ભાઈ કીપારામ આગળથી આપણને ખબર પડી છે. જો ભાટીઆઓની કોઇ તવારીખ મળી શકતી હોય તો આ બાબતનો તાગ આપણે કાઢી શકીએ. તેવડે આપણે યદુ વશીના રહેઠાણો અને દરેક સ્થાનની વસ્તી જાણી શકીએ. આવું કામ તઇયાર કરવા માટે જે મહેનત લેવી જોઇએ તે ઉપરાંત પઇસાની આપણને જરૂર પડશે. હું જણાવવાને ખુશી થાઉં છું કે મુંબઇના એક ભાટીઆએ તે માટે રૂા. ૩૦૦૦ની રકમ આપી છે. બીજી મદદો મળવાની પણ આપણે વકી રાખીએ છીએ. કોનફ્રન્સની બેઠકો જેવા પ્રસંગે આ કાર્ય વાસ્તે આપણે મદદ માગી શકીએ પણ આવે પ્રસંગે પઇસાની માગણી કરવાની રીતથી કેટલાક આપણા ભાઇઓ વિરૂધ્ધ છે. આ આપણી પહેલી કોનફ્રન્સ છે. તેથી આપણા જે ભાઇઓ આ કાર્યને મદદ કરવા માગતા હોય તેમણે તેમની મદદ મુંબઇના મિત્ર મંડળવાળા મેસર્સ દામોદર રવજી અને વિસનજી ઠાકરશી હાલાઇ પર મોકલી દેવાની હું સુચના કરૂં છું. આટલું કહી હું આ દરખાસ્તને અનુમોદન આપું છું.

મી. દામોદર રવજીનું ભાષણ

ઉપરના ઠરાવના વિશેષ અનુમોદનમાં મી. દામોદર રવજીએ ગુજરાતીમાં નીચે મુજબ ભાષણ આપ્યું હતું:-

અત્યાર અગાઉ જેમ જણાવવામાં આવ્યું છે તેમ હું એ ચીજને અતિ મોટી અગત્ય આપું છું. કારણકે તેથી ઘણી અંધારામાં ઢંકાઈ રહેલી બાબતો અજવાળમાં આવશે, અને આપણી કોમને ઉંચે દરજ્જે ચડાવવામાં મોટી સાધનભુત થશે. આપણા પારસી ભાઇઓએ તેને માટે મોટી મહેનત અને ખરચ કરી પોતાની કોમનો ઇતિહાસ તઇયાર કર્યો છે. તે મરહુમ ડોસાભાઇ ફ્રામજી કડાકાને હાથે તઇયાર થયેલ એ પુસ્તકો રૂપે મોજુદ છે. તેમાં તેમના પ્રાચીન ઇતિહાસ સાથે અર્વાચીન બાબતો પણ આપવામાં આવી છે. તથા તેમની કોમના કાયદા તથા રીત રીવાજો વગેરે ચીત્રો સહીત બતાવવામાં આવ્યાં છે. આપણી ભાટીઆ કોમનો પ્રાચીન ઇતિહાસ હીંદી, ગુજરાતી તથા સીંધીમાં છે. પણ તે અર્વાચીન સમય સુધી તાણી આણવામાં આવ્યો નથી. તેમ તેમાં રીતરીવાજ વગેરે વિષે કશું નથી. તેમ તે જુદી જુદી ભાષામાં અને છુટક હકીકતોના લખાયલાં હોવાથી સર્વત્ર ઉપયોગી થઇ નથી શકતા, અને ઘણીક વખત તેની ગેરહાજરીમાં ખરી હકીકત મારી જાય છે. તેની ખાત્રી આપણા પંજાબ વાળા ભાઇ કીરપારામે હમણાંજ આપણી આગળ રજુ કરેલી

ત્યાંના જમીનને લગતા કાયદાથી થઇ પડેલી સ્થિતિ ઉપરથી થઇ શકે છે. તેવીજ રીતે બીજી ઘણી તરફ ખરી હકીકતના સત્તાવાર પુસ્તકની ગેરહાજરીને લીધે જેમ ઘણું નુકશાન ભોગવવું પડે છે તેમ ભયંકર ભુલો પણ થાય છે. આ પ્રસંગ પર અત્રે આવ્યા બાદ જુદી જુદી તરફના ભાઇઓ સાથે જે થોડી ઘણી વાતો ચીતો કરવાનો મને વખત મળ્યો છે તે ઉપરથી મને માલુમ પડ્યું છે કે આપણી ભાટીઆ કોમની સતાવાર તવારીખની ગેરહાજરીમાં ઘણાક ભાટીઆઓ આપણે અસલ યદુ વંશના છીએ એ વાત જાણતા નથી, અને ભાટીઆ કોઇ હલકી કોમ હોય એમ માની પોતાની જાત છુપાવે છે, અને પોતાને ક્ષત્રીઓ તરીકે ઓળખાવે છે. તેવાઓના હાથમાં આવું સર્વ સત્તાવાર હકીકતોથી ભરપુર પુસ્તક આવે તો તેમની ભુલ ભાંગે અને તેઓ શ્રીકૃષ્ણ દાદાના વંશજ હોવા માટે વાજબીની રાહે મગરૂરી લઇ શકે. જયારથી આ વિચારે મારા મગજનો કબજો લીધો ત્યારથી હું તે સબંધી બની શકતી શોધ ખોળ કરવા મંડયો અને ઘણીક નવી હકીકતો મારા જાણવામાં આવી. કેટલે કેટલે ઠેકાણે ભાટીઆઓ વસે છે, તેમના પોશાક, ખાણી પીણી રહેણી કરણી વગેરે કેવી છે તે વિષે બીજા તો ઠીક પણ હું પોતે વીસ વરષ પહેલાં અજાણ હતો. પણ તે શોધી કાઢવાનો નાદ લાગતાં મને માલુમ પડયું કે ખુદ મુંબઇમાં પણ રાત દહાડો જેમની સાથે કામ પડે છે તે પંજાબી ભાટીઆઓ છે, છતાં તેને આપણે ઓળખતા નથી. તેવીજ રીતે પંજાબ તેમજ સંયુક્ત પ્રાંતના ભાટીઆઓ હરદ્વારની આટલા નજીક વસે છે ને વાત વાતમાં ત્યાં આવે જાય છે છતાં ત્યાંના પહાડોમાં ભાટીઆઓ વસે છે તે જાણતા નથી. કારણ કે તેમણે તે બાબતની શોધ કે પુછપરછ કરી નથી. તે કરવાનું જ્યાં સુધી તેમને કારણ નથી મલ્યું ત્યાં સુધી તેઓ જાણી શકે યા માની શકે એ સંભવીત નથી. મુંબઇના રોજીંદા જન્મ મરણના આંકડાએ મને, ભાટીઆઓની ઘટતી જતી વસ્તી વિષે જાગ્રત કર્યો અને તે માટે તે વર્ગ કેમ તેની શોધમાં હું પડયો, ને “ભાટીઆ પ્રકાશ” દ્વારા તેની ચારવણી ચાલુ રાખી તો એ બધી બાબતો અજવાળામાં આવી. તેટલેથી સંતોષ પામી હુ નથી બેસી રહયો. કેટલાક વરસો પહેલાં મારા એક મિત્ર પાસે શેઠ નરોતમ મોરારજી ગોકળદાસે વાત કરેલ કે માંડસોરના વડીઆર મહારાજા આપણા યાદવ વંશના છે. આ વાતને તે વખતે જોકે મેં હસી કાઢી પણ ત્યાર પછી મારા વાંચવામાં મુદ્રા કુલીનનું પુસ્તક આવ્યું. તેમાં પણ એજ ઉલ્લેખ થયેલો વાંચી મારી જીજ્ઞાસા ઉશ્કેરાણી અને મેં સરકારી–ગેઝેટીયરો જોયાં તો મારી ખાત્રી થઇ કે તેઓ ખરેખર યાદવ વંશીજ છે. ઉપરાંત

થોડા દહાડા ઉપર રા. રા. કળવીકૃત " મરાઠા કુળાચા ઇતિહાસ " નામના પુસ્તકનું અવલોકન મ.રા વાંચવામાં આવ્યું. તે ઉપરથી મને માલુમ પડયું કે દક્ષિણમાં પણ આપણા યાદવવંશીઓ છે. તે માટે એ મુળ પુસ્તક મંગાવી વાંચતાં મને માલુમ પડે છે કે તેઓ પણ આપણા દાદા શ્રીકૃષ્ણથી ઉતરી આવેલા છે. અને તે તેઓ કેવળ વંશાવળી મેળવીને નહીં પણ જુનાં પુસ્તકો અને જુદે જુદે ઠેકાણેના હાલ હસ્તી ભોગવતા તામ્ર લેખો તથા શીલાલેખોથી સાબીત કરી શકે છે. ફક્ત જેમ કચ્છીહાલાઇ ભાષાપોશાક જુદો, જેમ કાઠીઆવાડી જુદો, જેમ ખાનદેશી જુદો, જેમ સીંધી જુદો, જેમ પંજાબી જુદો, જેમ સંયુક્ત પ્રાંતોનો જુદો તેમ એઓનો પોશાક તથા ભાષા જુદી છે. પણ તેથી તેમની રગોમાં અસલ યદુવંશી લોહી વહે છે તે કાંઇ જુદું પડી શકતું નથી અને તેઓ જાદવ યા યાદવ તરીકે ટળી શકતા નથી. ગઇ કાલેજ મને વધુ ખબર મળી છે કે મણીપુર તરફ પણ અસલ યાદવોની વસ્તી છે અને તેઓની ભાષા તથા પોષાક ત્યાંને લગતો છે. આ ઉપરથી આપની ખાત્રી થશે કે આપણા ભાટીયા ભાઇઓની વસ્તિ હીંદમાં ચોફેર છે. તેઓને જેમ આપણે ભુલી ગયા છીએ તેમ તેઓ પણ આપણને ભુલી ગયા છે. તેનું મુળ કારણ સતાવાર ઇતિહાસની સાંકળની ગેરહાજરી. તે જો હસ્તિમાં આવે અને આપણે એક બીજાને આપણા ભાઇઓ તરીકે ઓળખી એક બીજાને સ્વીકારીયે તો હાલ આપણે જે જુદે જુદે સ્થળે ન્હાની ન્હાની સંખ્યામાં છુટા છવાયા દેખાઇએ છીએ અને અનેક તરેહની હાડમારીઓમાંથી પસાર થઇએ છીએ તે મોટો જુથ થઇ પડીએ, અને એક બીજામાં સંકળાઇ એક બીજાની હાડમારીઓ દુર કરવામાં સાધન ભુત થઇ શકીયે. દાખલા તરીકે હમણાંજ ભાઇ કીરપારામે આપણને પંજાબના ભાટીઆઓની જમીનના કાયદાની મુશ્કેલી કહી બતાવી તે બાબતમાં તેમની સંખ્યાએ સતાવાલા જોગ જે અરજીઓ કરી હશે તેને, જો આવી રીતે એકઠા થયેલા લગભગ લાખ ભાટીયાઓનો ટેકો હોત તો જરૂર તેના ઉપર વધુ ધ્યાન મળ્યું હોત અને હાલ જેમ તેમને વાણીઆઓથી ઉતરતા ઠરાવવામાં આવ્યા છે તેમ ઠરાવવામાં ન આવત કારણકે સરકારે પોતે સ્વીકારેલ મનુસ્મૃતિઆદિ જેવાં પુસ્તકનાં સિદ્ધાંતથી સાબીત છે કે વૈશ્યો કરતાં ક્ષત્રીઓ ઉપરની પગથીના છે, છતાં પણ કેવી ગેરસમજને લીધે એ ક્રમ ઉલટો ગોઠવવાની કોશેશ થઇછે તે આપણે આટલે છેટે બેઠા જાણી શકતા નથી. પણ આ કાંઇ ન્હાનો સુનો બનાવ નથી, આપણી આખી કોમને ઉતારી પાડનાર બનાવ છે. તેવીજ કોશેશ થોડા વર્ષો પહેલાં દક્ષીણની યાત્રાના સ્થળોમાં થઇ હતી. તે પ્રસંગે અલપઇમાં એક ભાટીયા ગ્રહસ્થે તે બાબે સત્તાવાર લડત ચલાવી ભાટીયાઓનું અસલ

પકુરશી પણ ફિલસુફરી બતાવ્યું હતું. જો એ એકલા ભાઇની એકલી કોશીશના આવાં મધુરાં ફળ આવી શકયાં તો સામટી કોશિશનાં શું ન આવી શકે ? તે માટે આપણા ના. શહેનશાહ જ્યોર્જ તથા ના. વાઇસરાય લોર્ડ હારડીંજ વગેરે સુધાં આપણને સહાયે એવો ઉપદેશ કરે છે કે જેમ બને તેમ એકત્ર થાઓ અને તેનાં મીઠાં ફળ ભોગવો. તે માટે સતાવાળા તરફથી પણ હીંદની જુદી જુદી કોમનો જે સતાવાર ઇતિહાસ તૈયાર કરવામાં આવે છે તેમાં આપણી ભાટીયા કોમનો પણ ઇતિહાસ તૈયાર કરવામાં આવે છે, તેની એક કાચી નકલ મુંબઇના ભાટીઆ મીત્ર મંડલ ઉપર સરકારે અભિપ્રાય માટે મોકલી હતી. તે ઉપર વિચાર ચલાવવા માટે તેણે એક કમીટી નીમી લંબાણથી વીચાર ચલાવ્યો હતો અને પોતાની તરફના સુધારા વધારા સહીત તે પાછી મોકલી આપી હતી. તે એ એથનોલોજીકલ ખાતાના સેકરેટરી મી. એનથોવન ઇંગ્લાંડ ગયેલા છે. ત્યાંથી પાછા આવ્યા બાદ એ પુસ્તક બહાર પડવાનો સંભવ છે. પણ તેમાં જે હકીકતોનો સમાવેશ થશે તે આપણી હાલની હાજતો માટે પુરતો નહીં થઇ પડે માટે તે હાજતો પુરી પાડનાર મોટો ઇતિહાસ તઇયાર કરવાની જરૂર છે અને તે મોટું ખરચાલુ કામ છે. તે માટે મુંબઇના એક ભાટીઆ ગ્રહસ્થે બે હજાર રૂપીઆ આપવા માગણી કરી છે પણ તેટલું કાંઇ તે માટે પુરતું નથી, તેથી ભાઇ છોટાલાલે આપને અરજ કરવાનું વાજબી ધાર્યું તે તેમની તે માટેની ઉત્તમ લાગણીથી દોરવાઇને કર્યું. પણ તેથી આપે જરા પણ ખંચાવાનું કારણ નથી. અલબત જે ભાઇઓ ઉર્મિથી બહાર પડશે તેમની મદદ આનંદથી સ્વીકારવામાં આવશે. બાકી તો પરમાત્માની કૃપાએ એવા જન સમુહનાં કામ કોઇ દિવસ અટકયા નથી ને અટકવાનાં પણ નથી. કોઇ ને કોઇના મનમાં વસુદેવ સુત વસી જાય છે. તેનો જીવતો જાગતો દાખલો આજની આ કોનફરન્સ જુઓ. તેને માટે કેમ મદદ આવી મળી ? માટે હાલ આપને અરજ કરવાની એજ કે એવા ઇતિહાસના સંબંધમાં જુદા જુદા પ્રાંતના ભાઇઓ જે જે હકીકતો અને પુરાવા ધરાવતા હોય તે તેમણે મોકલી આપવાની કૃપા કરવી અને ખાત્રી રાખવી કે તેનો રૂડો ઉપયોગ થશે. એટલા બોલોથી હું એ ઠરાવને ટેકો આપી આપનો કીંમતી વખત લેવા માટે ક્ષમા ચાહું છું.

ઠરાવ ૩ જો.

"ભાટીઆ કોમનું વસ્તિ પત્રક કરી ડીરેકટરી બનાવવી અને તે કામ વાસ્તે જુદા જુદા પ્રાંતોમાં છાપેલાં ફોર્મ મોકલી જે જે પગલાં લેવાં ઘટે તે

લેવાને મુંબઈના ભાટીઆ મિત્ર મંડળને સતા આપવી."

મી. વિસનજી હાલાઇનું ભાષણ.

ઉપરનો ઠરાવ રજુ કરતાં મી. વિસનજી ઠાકરશી હાલાઇએ કરેલા ભાષણનો સાર નીચે મુજબ છે:—

હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં આપણી કોમની વસ્તિની વિગતો, સ્ત્રીઓ પુરૂષો તથા બાળકોના આંકડા, કોમની ચડતી પડતીના કારણો અને કોમ સંબંધી એવીજ બીજી બાબતો દર્શાવે એવી એક ડીરેકટરી અને વસ્તિ પત્રક બનાવવા સંબંધી ઠરાવની દરખાસ્ત મારે કરવી એવી ઇચ્છા બતાવાઇ છે. ડીરેકટરી તે ખાસ કરીને વેપારી કોમ માટે એક ઉપયોગી નોંધ પોથી (બુક-ઓફ રેફરન્સ) થઇ પડશે, મુંબઇનું ભાટીઆ મિત્ર મંડળ પોતાના ઉપર એ ડીરેકટરી બનાવવાનું કામ લેવા ખુશી છે, અને તે માટે તેને સતા આપી શકાય છે. હકીકતો ભરવાને લગતાં બધાં ફોર્મ તેના તરફથી પુરાં પાડવામાં આવશે, અને તમારે માત્ર તે ભરીને મંડળ પર મોકલી દેવાનું કમ કરવાનું છે. એક વખત મંડળના હાથમાં તે સંબંધી સામગ્રી મુકવામાં આવે એટલે તે ઘડવાનું કામ બહુ વખત નહિ લીએ. વસ્તી પત્રક અને ડીરેક-ટરીની શું જરૂર છે એવો સવાલ તમે કદાચ પુછશો. આપણી કોમની સંખ્યા જાણવા અને કોમ સંબંધમાં જે કઠણ પ્રશ્ન અને વિષયો ઉભા થાય છે તે સમજવાનાં સાધનોની શું તમારે જરૂર નથી? મને લાગે છે કે કોમના દરેકે દરેક માણસે આ બાબતો જાણવી જોઇએ. જોકે આપણે બધા એકજ લોહીના છીએ, છતાં આપણે આપણી માતૃભુમિના જુદા જુદા ભાગોમાં વસીએ છીએ. આપણી માતભાષામાં હર પ્રકારે મોટા ફેરફારો થયા છે, અને આપણો પોશાક પણ એક બીજાનાથી મુદ્દાની બાબતોમાં જુદો થઇ ગયોછે. તેમજ આપણા રીત રીવાજો પણ એક બીજાનાથી કેટલીક બાબતમાં જુદા પડેછે. છતાં ઘણી એક બાબતો બધાઓમાં સામાન્ય છે, અને તે વડે આપણે જાણીએ છીએ કે આપણે બધા એક કોમના છીએ. અને તે ઉપરાંત આપણે ભાટીઆ એવું સામાન્ય નામ ધરાવીએ છીએ, કે જે નામ વડે આપણે બધા ઓળખાઇએ છીએ. અને ઉપર કહ્યા તે ફેરફારો થયા છે છતાં આપણું લોહી તેનું તે રહ્યું છે અને તેમાં કાંઇ ફેરફાર થયો નથી. આપણે એક માબાપનાં છોકરાં છીએ, અને અહીં બધા એકત્રતાની ગાંઠ બાંધવાને મળ્યા છીએ. તેથી પ્રેરણાથીજ આપણા ભાઇ કયા કયા ભાગમાં વસે છે તે જાણવાને આપણે આતુર છીએ. દરેક ભાગમાં તેમની સંખ્યા કેટલી છે, તેઓ શું ઉદ્યમ કરેછે અને તેમનો શું દરજ્જો છે? આ બધું

જાણવાની આપણે બહુ જરૂર છે. આપણા બાપદાદાઓની તવારીખ તે આપણી જાતિ માટે મગરૂરીનું કારણ થઇ પડશે. તેમજ આ વસ્તિ પત્રક અને ડીરેકટરીનું પણ છે. તમે સારી પેઠે જાણો છો કે ૯મી સદી સુધી આપણા બાપદાદા જેસલમીરના પાડોશમાં હતા. એ શહેર ત્યાંના રાજા જેસલજીએ બંધાવ્યું, અને તેના નામઉપરથી ગામનું નામ પડયું. રાજા જેસલજી આપણી કોમનો હતો. ૧૩૫૧માં મહારાજ મુળરાજજી ત્યાંની ગાદી ઉપર હતો, અને તે વખતે અલાઉદીન ખીલજીએ જાતે મુળરાજના મુલક ઉપર ચઢાઇ કરી હતી. આપણા બાપદાદા રજપુતો ઘણીએ લડાઈઓ લડેલા છે. તેમણે લડાઇમાં તેમની બહાદુરી બતાવી હતી, પણ તેમાં તેઓ હાર્યા હતા અને તેમણે જેસલમીરના કીલ્લામાં આશરો લીધો હતો. કીલ્લો બહુ મજબુત હતો, પણ ઘેરાએલાની જરૂરીઆતોનો સંગ્રહ ખુટી ગયો હતો. તેમને ખોરાકી મળવાનું મુશ્કેલ હતું, તેમજ તેઓ પોતાનાં સ્ત્રી છોકરાઓને બહાર મોકલી દઇ શકતા ન હોતા, કેમકે દુશ્મનોની સંખ્યા એટલી મોટી હતી કે એક પક્ષી પણ તેમની વચ્ચેથી પસાર થઇ શકે નહિ. એક મીટીંગ તે વખતે ભરાઇ અને કેસરીઆં કરવાનો ઠરાવ થયો. તે મુજબ કેસરીઆં કરીને ઉઘાડી તલવારે મરણીઆ થઇ લડવાને બધા યોદ્ધાઓ બહાર નીકળી આવ્યા. તેમની ઓરતો પોતાની લાજના રક્ષણ માટે ચિતા ખડકી બળી ગઇ. તમને ખબર હુશે કે આ સ્ત્રીઓ ૨ કે ૪ નહોતી પણ તેમની સંખ્યા ૨૪,૦૦૦ ની હતી. તે બધીએ ચિતામાં ઝંપલાવી પોતાના દેહનું બળીદાન આપ્યું, બાદ તેમના પતિઓ અને પુત્ર કીલ્લા બહાર આવ્યા. અને દુશ્મનો સામે હાથો હાથની લડાઇ લડયા. દુશ્મનના દળમાં તેમણે મોટો ઘાણ વાળ્યો, અને તેમની નાની સંખ્યાને લીધે તેઓ બધા મરણને આધીન થયા. પોતાની માતાઓનાં આવા પરાક્રમથી કોણ મગરૂર નહિ થાય? તેથી જરા આગળનો સમય તથા ભગવાન શ્રી કૃષ્ણના સમય પર આવીએ, અને આપણા ક્ષત્રી બાપદાદાએ કરેલાં પરાક્રમો જોઇએ. આપણામાંથી દરેક જાણે છે કે શ્રી કૃષ્ણ આપણા દાદા છે, અને આપણે તેમના વંશજ છીએ. જો કોઇ આમાં સવાલ ઉઠાવે તો હું મારી પાસેના પુરાવાઓ વડે તેને ખાતરી આપીશ. વળી તેમનું મહાન પુસ્તક "શ્રીભગવત ગીતા" તમે જુઓ કે જેને બધા વર્ગના લોકો માન આપે છે. આ પુસ્તકના દુનિયાની ઘણી ખરી મુખ્ય ભાષાઓમાં તરજુમાઓ થએલા છે, અને કેટલાક વિદ્વદ્રત્નોએ તે ઉપર ટીપ્પણનાં પુસ્તકો લખ્યાં છે. આવી મહાન જાતિ અને શ્રી કૃષ્ણની ઓલાદની તવારીખ, વસ્તિ ગણતરી અને ડીરેકટરી થાય એવું કોણ નહિ ઇચ્છે ? આ કામમાં દરેક ભાઇ પોતાની મદદ આપશે એવી આશા રાખવામાં આવે છે.

મી. હોલારામનું ભાષણ

કારખાનાના વકીલ મી. હોલારામે ઉપરના ઠરાવના અનુમોદનમાં નીચે મુજબ ભાષણ કર્યું હતું:—

"મારી પહેલાં બોલનારાઓએ ભાટીઆ ડીરેકટરીની જરૂર બતાવનારાં ઘણાં કારણો પુરાં પાડયાં છે. મારો અભીપ્રાય છે કે ભાટીઆ કોમમાં એકતા ઉત્પન કરવા માટે ડીરેકટરી ઘટીત સાધન થઈ પડશે. તેથી ભાટીઆ કોમના વેપારીઓને પોતાની કોમના લોકો સાથે વેપાર રોજગારનો સંબંધ વધારવાની સગવડતા મળશે. એવું જાણવામાં આવ્યું છે કે કાશ્મીરમાં એક ભાટીઆએ ભાટીઆ સાથેનો વેપાર વધારવાને તેમના માલના વેચાણ માટે કાંઇ પણ કમીશન ન લેવા જણાવ્યું હતું. સીંધમાં ભાટીઆઓ વેપારમાં બહુ આગળ પડતા નથી. તેઓને મુંબઇના ભાટીઆઓ આગળથી પોતાનો રોજગાર વધારવા ને આબાદ થવા માટે વેપારની સારી શરતો મળ્યા વગર રહે નહિ. પોતાના પંજાબ અને સીંધના ભાઇઓની આબાદીનું કારણ થવા માટે મુંબઈના ભાટીઆઓ ખુશી થશે. તેથી ભાટીઆઓના ધંધા રોજગાર સંબંધી દરેક હકીકત દાખલ કરવામાં આવી હોય એવી ડીરેકટરી પંજાબ અને સીંધના ભાટીઆઓને ઉપયોગી થઇ પડશે.

બાબુ મદન ગોપાળનું ભાષણ

ઉપરના ઠરાવના અનુમોદનમાં બાબુ મદન ગોપાળના ભાષણનો સાર નીચે મુજબ છે:—

"મને ચોકસ લાગે છે કે આપણી કોમની ડીરેકટરી આપણને કામની થઇ પડશે તેનું કારણ હું જણાવું? બનારસમાં કોઈ બે માણસો રહેતા જેઓ ભાઇઓ હતા. તેમના વચ્ચે તકરાર થતાં નાનો બનારસ છોડી ચાલ્યો ગયો, અને પોતે ક્યાં જાય છે તે વિષે કોઇને કાંઇ કહેતો ગયો નહિ. તે રંગુન ગયો, અને ત્યાં ૨૫ વરસ સુધી રહ્યો. જ્યારે તે બનારસ પાછો ફર્યો, ત્યારે બે ભાઇ એક બીજાને ઓળખી શક્યા નહિ, કેમકે ૨૫ વરસની મુદતમાં બંનેના દેખાવમાં મુદ્દાના ફેરફારો થઇ ગયા હતા. તેઓ અરસપરસ વાતો કરવા લાગ્યા, અને પોતાની આગલી કથા કહી સંભળાવી ત્યારે ખાતરી થઇ કે તેઓ એક બીજાના ભાઇઓ થતા હતા. ભાટીઆ કોમની બાબતમાં આ વિખુટાપણાની મુદત માત્ર ૨૫ વરસની નથી. આપણને એક બીજાથી જુદા પડયાને ૧૦૦૦ ઉપરાંત વરસો થઇ ગયાં છે. એક બીજાની ઓળખાણ કરાવવાને મોઢાની વાતો—પુરાવાવાર ઇતિહાસના ટેકા વગર—પુરતું કે સંતોષ કારક સાધન નથી. વળી હિંદુસ્તાનમાં ૧ લાખ જેટલા ભાટીઆ છે, જેમાંથી ૮૦,૦૦૦ બહુ ગરીબ છે. તે બધા વિષે વિગતવાર માહીતી આપણે મેળવવીજ જોઇએ.

લાલા કીપારામનું ભાષણ

આ ઠરાવના વિશેષ અનુમોદનમાં લાલા કીપારામે નીચે મુજબ ભાષણ કર્યું હતું:—

આ ઠરાવને ટેકો દેતાં મારે જણાવવું જોઇએ કે ડીરેકટરી તે આધુનીક સમયના ભાટીઆઓની તવારીખ રૂપ થઈ પડશે. પ્રથમ મેં જે ઠરાવની દરખાસ્ત કરી તે પ્રાચીન સમયના ભાટીઆઓની તવારીખનો છે. તે વખતે મેં જે કારણ આપ્યું હતું તે આ ઠરાવના અનુમોદન માટે પણ પુરતું થશે. ભાટીઆ ડીરેકટરીની સામગ્રીઓ માટે જો કોઈ મુંબઇવાળા ભાટીઆ પંજાબમાં આવશે તો તેને હું તે બાબતમાં બનતી બધી મદદ આપીશ. તેને પંજાબના ભાટીઆઓની ઓળખાણ કરાવવામાં આવશે. પંજાબમાં સરકારી નોકરીમાં અમલદાર તથા ગ્રેજ્યુએટની સંખ્યા ૫૦ જેટલી છે, જેઓ વહેવારમાં બહુ આગળ પડતા છે. તમે અમારી બાજુથી અને અમે તમારી બાજુથી અજ્ઞાત છીએ તેનું કારણ ડીરેકટરીની ગેર હાજરી છે. ભાટીઆઓની ડીરેકટરી એક બીજાની ઓળખાણ માટે અગત્યનું સાધન થઈ પડશે. તેથી આપણે એક મેકને બહુ સારી રીતે જાણીશું, માંહોમાંહે લગ્ન પ્રસંગ દાખલ કરીશું, અને એક બીજા પાસેથી કેળવણીની બાબતમાં પણ લાભ મેળવી શકીશું. તમે સારી પેઠે જાણો છો કે આપણી ઉન્નતિ માટે કેળવણી તે પાસ અને મદદ રૂપ થઇ પડશે.

મી. લીલારામનું ભાષણ

હઇદ્રાબાદના વકીલ મી. લીલારામ મઘનમલે પોતાના ભાષણમાં નીચે મુજબ જણાવ્યું હતું:—

આજ કાલ હિંદુઓના રીતરીવાજોમાં એટલો ફેર થવા લાગ્યો છે કે બીજા ધર્મના લોકોમાંથી હિંદુઓને ઓળખવાનું મુશ્કેલ પડે છે, તો તેમાં ભાટીઆ કોણ છે તે ઓળખી કાઢવાનું વધુ મુશ્કેલ થવું જોઇએ. જ્યારે હું મુંબઇમાં હતો ત્યારે ભાટીઆઓના માથે ઓઢવાના પોશાકની રૂઢીમાં મેં વિચિત્રતા જોઇ, જેથી કોણ ભાટીઆ અને કોણ નહિ એ કોઇ રીતે ઓળખાય તેમ નહોતું. મને જે અનુભવ થયો તેવો અનુભવ બીજા લોકોને પણ થયેલો હોવો જોઇએ, જ્યારે પોશાક અને બીજી બાબતોમાં આટલો બધો ફરક હોય ત્યારે ભુલ થાય તે કુદરતી છે. પણ જે લોકો સાથે આપણે વેપાર રોજગારમાં કામ પાડીએ છીએ તેઓ જુદી જુદી રહેણી અને જુદો જુદો પોશાક રાખતા હોવા છતાં આપણા ભાટીઆ ભાઇઓ જ છે એ આપણે જાણતા હોઇએ તો આપણે તેમની સાથે વધુ સહેલાઇથી કામ પાડી શકીએ, અને તેથી પરસ્પર લાભ થાય. ડીરેકટરી હોય તો આ હેતુ પાર પડી શકે.

ઠરાવ ૪ થો

"બાળ લગ્નનાં માઠાં પરિણામો આ કોનફરન્સ જોઇ શકે છે, અને તેથી લગ્નની ઉમર છોકરીઓ માટે ૧૨ વરસની અને છોકરાઓ માટે ૧૮ વરસની મુકરર કરવાનું તે ઠરાવે છે; આથી નાની ઉમરે કોઇ પણ છોકરી કે છોકરાના લગ્ન કરવા નહિં, અને લગ્નની ઉમર અને તેટલી વધારવાને દરેક પ્રયત્નો કરવા."

મી. કીસનરાય જામરાયનું ભાષણ

ઉપરના ઠરાવની દરખાસ્ત કરતાં મી. કીસનરાય જામરાયે નીચે મુજબ ભાષણ કર્યું હતું:—

બાળ લગ્નની રીત હિંદુઓમાં મુસલમાન વખતથી દાખલ થઇ છે. તે વખતે સ્ત્રી જાતિ માટે બહુ થોડી સહીસલામતી હતી. લગ્ન કરી તેને તુરત સાસરે મોકલી દેવામાં આવતી. આજ રીવાજની સાથે પડદાનો રીવાજ દાખલ થયો. સ્ત્રીઓ યોગ્ય રક્ષણ વગર તથા બુરખો નાખ્યા વગર બહાર ન નીકળવા લાગી. આ રીવાજને ટેકો મળ્યો, અને તે દિવસે દિવસે દૃઢ થતો ગયો તે ઠેઠ બ્રિટીશના વખત સુધી તેમ થતું ગયું, અને ત્યાર પછી હિંદમાં બધી કોમોમાં રીવાજ ઘટતો થયો છે. એક માણસની દીકરી આઠ વરસની થાય એટલે આડોશી પાડોશી સગાં સંબંધી અને નાતીલાં પુછવા માંડે છે કે તેઓ લગ્ન ક્યારે કરે છે, અને ઉતાવળે લગ્ન ન કરતાં હોય તો શામાટે તેમ નથી કરતાં? તેઓ શાની રાહ જુએ છે? આવા સવાલો માબાપને પૂછે છે, અને તે ઉપર ટીકા કરે છે. કેટલાક છોકરીઓની સગાઇ કરી દેવાને દબાણ કરે છે. છતાં જેમ કોમમાં સુધારો દાખલ થતો જાય છે તેમ તેમ ઉમરનું પ્રમાણ વધવાનું વલણ થતું જાય છે. આપણી કોમમાં થોડાજ દાખલામાં ૧૨ વરસ ઉપરની છોકરીઓ કુંવારી માલુમ પડશે. આપણી કોમની અવનતિનું કારણ આજ છે. આગળ બ્રહ્મચર્ય પાળવું તે ધાર્મીક જરૂરીઆત ગણાતી તેમ હાલ પણ થવું જોઇએ. જુના વખતમાં અર્જુન ભીમ અને આપણા દાદા ભગવાન શ્રી કૃષ્ણ જેવા પુરૂષો થતા હતા. આ બ્રહ્મચર્યનો હાલના વખતમાં અનાદર થયો છે, અને પરિણામ એ આવ્યું છે કે આપણે દરેક બાબતમાં નબળા છીએ.

મુખી બુલચંદ ગોપાલદાસનું ભાષણ

ઉપરના ઠરાવના અનુમોદનમાં મુખી બુલચંદ ગોપાળદાસે નીચેમુજબ ભાષણ કર્યું હતું:—

નાનાં બાળકોને પરણાવી દેવા એ મોટી ભુલ છે. એવું જણાય છે કે જેઓ પોતાનાં નાનાં બાળકોને પરણાવી દીએછે તેઓ સ્ત્રીઓની સલાહ પ્રમાણે વરતેછે. આમાં અપવાદ હોઈ શકેછે. હું કેટલાક એવા દાખલા જાણું છું જેમાં છોકરી-

ઓને નાનપણમાં પરણાવી દેવાની ભુલ માબાપોએ કરવાથી તેમની જીંદગી બગડી જાય છે. તમે જાણોછો કે યોગ્ય ઉમર પહેલાં પરણાવવાથી સારાં બળવાન સંતાન પેદા થઇ શકતાં નથી. બાળ લગ્નથી બાળકોનેજ ઇજા થાય છે એમ નહિ, પણ તેમને જન્મ આપનારને પણ ઇજા થાય છે. એટલે કે બાળપણમાં પરણેલાં જોડાંઓ પુરતી લાંબી આવરદા ભોગવી શકતાં નથી. અને હિંદીઓની જીંદગીની સરાસરી લંબાઈ ૩૩થી ૪૦ સુધીમાં આવી ગઇ છે તેનું કારણ પણ આજ છે. બાળક માબાપના છોકરાં બાળપણમાંજ અથવા ભરજુવાનીમાંજ મરણ પામેછે, અને નહિ તો અશક્ત જીંદગી ગુજારે છે. કેટલાંક માબાપો તો બાળકો ઢીંગલી ઢીંગલાનાં લગ્ન કરેછે તેવી રીતે પોતાનાં છોકરાંને પરણાવેછે. પ્રાચીન કાળમાં બાળ લગ્ન નહોતાં અને જો કોઇ છુટા છવાયા દાખલા હતા, તો તેમાં લગ્ન કરનાર જોડું ઉમરે પહોચ્યા પહેલાં ગ્રહસંસાર નહોતું ભોગવતું. વળી તે પુરાણા વખતમાં ૨૦ અને ૨૫ વરસની ઉમરના માત્ર છોકરાઓ ગણાતા, અને સંસારિક બાબતોથી તેઓને અજ્ઞાત લેખવામાં આવતા. બાળ લગ્ન તે હાલના વખતની રૂઢી છે, અને તેનો પ્રચાર સીંધમાં તથા પંજાબમાં મુસલમાનોના વખતથી થયો છે; અને તેનું બળ મુસલમાન રાજના અંત પછી નરમ પડયું છે, અને આપણે આશા રાખીશું કે દિવસે દિવસે તેનો અંત આવવો જોઈએ

બાળ વિધવાઓ થવાનું મુખ્ય કારણ પણ બાળ લગ્ન જ છે. અને જ્યારે આ બાળવિધવાઓ જુવાનીમાં આવેછે ત્યારે માબાપોને તેમની પુત્રીઓની દશા માટે વેદના થાય છે અને તેઓ અપસોસ કરે છે. જો બાળ લગ્નનો અટકાવ થાય તો આ શોકનું કારણ રહે નહિ. બીજી તરફ જોઇએ તો ઉમરે પહોચ્યા પછી લગ્ન થયાં હોય તેમની જીંદગી જોઇએ તો તે કેવી સુખી માલુમ પડે છે ? તેઓ પોતે તંદુરસ્ત અને બળવાન હોય છે, અને તેમનાં બાળકો પણ તેવાંજ થાય છે. મેં એવાં ઘણાં માણસો જોયાં છે જેઓ પોતાનાં પુત્ર પૌત્રાદિક વચ્ચે મોટી ઉમર ભોગવે છે અને સુખમાં દિવસો ગુજારે છે. આનો એક નમુનેદાર દાખલો* અત્યારે તમારી સમક્ષ હાજર છે, અને જો કે મારી ઉમર પર વરસની છે છતાં તમારામાંના કોઇ પણ જુવાનને મારી સાથે પોતાનું બળ અજમાવવાને આવી જવા કહુંછું. ગ્રહસ્થો આશા છે કે બાળ લગ્નના ગેર ફાયદાઓ તમોને સમજાવવા માટે આટલાં કારણો પુરતાં થશે.

---

* અહીં કહેવા જેવુ છે કે વક્તા પાકી ઉમરના છતાં સારી તંદુરસ્તી અને બળવાન શરીરનો ઉત્તમ દ્રષ્ટાંત પુરો પાડતા હતા.

ઠાકુર જેરામદાસ વેરસીમલ મુખીનું ભાષણ

ઉપરના ઠરાવના વિશેષ અનુમોદનમાં ઠઠ્ઠાના ઠાકુર જેરામદાસ વેરસીમલ મુખીએ નીચે મુજબ ભાષણ કર્યું હતું:—

" બાળ લગ્નના બુરાં પરિણામ વિષે મી. વિઠલદાસે આપણને સંપુર્ણ રીતે સમજણ પાડી છે. તેથી હવે આપણે બાળ લગ્ન અટકાવવાનો પ્રયાસ કરવો જોઇએ. જેઓને પોતાનાં છોકરાંને બાળપણમાં પરણાવવાની ટેવ પડી છે, અને જેઓ પોતાનાં દીકરા દીકરીઓને અનુક્રમે ૧૮ અને ૧૨ વરસ સુધી અટકાવી રાખવામાં મુશ્કેલી સમજે છે તેમને આ દરખાસ્તથી અચંબો થયો હશે. તેઓ એવા ખ્યાલ બાંધે છે કે પરણાવવામાં ઢીલ કરવાથી તેમના પુત્રો માટે વહુઓ મળશે નહિ, અને તેમની પુત્રીઓ વાસ્તે પતિઓ મળશે નહિ, પણ તેઓના આ તર્ક ખોટા છે. વળી તેઓ પોતાના બાળકોની તંદુરસ્તી માટે જોઇએ તેવું ધ્યાન આપતા નથી, અને ભુલી જાય છે કે બાળ લગ્ન તે શારીરીક બળના ક્ષયનું અને બાળકોની ઉમર ઘટવાનું મુખ્ય કારણ છે. જો આપણે રામાયણ કે મહાભારત વાંચશું તો આપણને માલુમ પડશે કે પ્રાચીન કાળમાં ક્ષત્રીઓ તેમની બહાદુરી, અને પરાક્રમ માટે પ્રસિદ્ધ હતા. આનું મુખ્ય કારણ તેઓ યોગ્ય ઉમર સુધી બ્રહ્મચર્ય પાળતા એ છે. હવે આપણા ભાઇઓને મારી એ અરજ છે કે તમે આ બાબત પર સંપુર્ણ પણે વિચાર કરશો અને તમારા દીકરા અને દીકરીઓનાં લગ્ન અનુક્રમે ૧૮ અને ૧૨ વરસની ઉમર પુરી થાય ત્યાં સુધી કરવાનું બંધ કરશો.

ભાઇ પરશોતમ ધનજીનું ભાષણ

માંડવી (કચ્છ) વાળા ભાઇ પરશોતમ ધનજીએ નીચે મુજબ ભાષણ કર્યું હતું:——

પ્રમુખ સાહેબ અને ગૃહ ગ્રહસ્થો,

ચોથા ઠરાવના ટેકામાં આપ ભાઇઓ સમક્ષ, મારી આગળના બોલનારાઓએ સારી રીતે વિવેચન કરેલું હોવાથી, હું તેના ટેકામાં વધારે વખત આપનો નહીં લેતાં થોડા શબ્દો બોલવાની રજા લઉં છું.

જે ઠરાવ રજુ થયો છે તેનો સારાંશ આપ સમજ્યા છો. એ ઠરાવ મુજબ શાદી (વિવાહ) વખતે છોકરીની ઉમર ઓછામાં ઓછી પુરા બાર વર્ષની તથા છોકરાની ઉમર ઓછામાં ઓછી પુરાં અઢાર વર્ષની હોવી જોઇએ અને શાદીની ઉમર જેમ વધે તેમ હરેક કોશીશ કરવી જોઈએ-

કુદરતના નિયમ પ્રમાણે પરીપકવ ફળની આશા એક પાકટ ઝાડમાંથી રાખી શકાય, છોડવા (કાચા) ઝાડ માંથી રાખી શકાય નહિ. તેવીજ રીતે પુરૂષ અને સ્ત્રી, શાદી વખતે જો પાકટ વયનાં હશે, તો તેમનામાંથી જે સંતતિ

થશે તે કુદરતી રીતે તંદુરસ્ત અને મજબુત થશે, અને પાછાં તે મજબુત સંતતિના સંતાનો પણ સારાં મજબુત થશે. સબજેકટ કમીટીમાં મારાં કેટલાક મિત્રો, એથી પણ વધારે ઉમર ઠરાવવાની તરફેણમાં હતા, અને તેમાં તેઓ ખરા હતા એ આપણા પુર્વજોના ઇતિહાસ ઉપરથી જણાઇ આવશે.

અસલના વખતમાં, આ દેશની આર્ય પ્રજામાં બ્રહ્મચર્ય ઘણી સખત રીતે પાળવામાં આવતું હતું. પુરૂષોનાં પચીસ વર્ષ પહેલાં, તથા બાળાનાં સોળ વર્ષ પહેલાં લગ્ન કરવાની સખત બંધી હતી, અને તેથીજ તેઓએ પોતાનું ગૌરવ દુનીઆની અન્ય પ્રજાઓમાં સારી રીતે જાળવી રાખ્યું હતું. બ્રહ્મચર્ય જે બધા આશ્રમોનો પાયો છે, તેને આપણે હાલ ઘણે ભાગે વિસારી મુકેલ છે, અને તેના પરિણામ દુખ દાયક આવ્યાં છે.

આપણી ઉન્નતિને માટે તંદુરસ્ત મજબુત પ્રજાની સૌથી મોટી અગત્યતા હોવાથી જે ઠરાવ આપ ભાઇએ પાસે રજુ થયો છે તેને આપ સર્વ અંતકરણ પુર્વક ટેકો આપશો એવી મારી ખાતરી છે.

બાબુ મદન ગોપાલનું ભાષણ

આ ઠરાવના વિશેષ અનુમોદનમાં બાબુ મદન ગોપાળે આપેલાં ભાષણનો સાર નીચે મુજબ છે:—

પ્રમુખ સાહેબ અને ગ્રહસ્થો

આપણા કુટુંબોમાં વખતો વખત બોલવામાં આવતો પેલો શ્લોક:——

> अष्टाब्दिका भवेद्गौरी नववर्षा च रोहिणी
> दशवर्षा भवेत्कन्या अत ऊर्ध्वं रजस्वला ।
> माता चैव पिता चैव ज्येष्ठभ्राता तथैव च
> त्रयश्च नरकं यान्ति दृष्ट्वा कन्यां रजस्वलाम् ॥

આપને યાદ હશે. જયારથી આ શ્લોક હિંદુ ધર્મ શાસ્ત્રોમાં દાખલ થવા પામ્યો છે ત્યારથી આપણે—આખી હિંદુ પ્રજા—અવનતિને પામી છે. જો આપણે આપણી યાદ દાસ્ત રૂપી પાટી પરથી આ શ્લોક ભુંસી નાંખીએ તોજ આપણી ચડતી થવાનો અવકાશ રહે છે. આપણી પડતીનું અને આપણા લોકોની ટુંકી જીંદગી થવાનું કારણ બાળ લગ્ન છે આપણા બાપદાદાઓ ૭૫થી૮૦ વર્ષની ઉમરે પણ મજબુત અને તંદુરસ્ત જોવામાં આવતા, જ્યારે આપણે ભાગ્યેજ ૫૦ વર્ષનું આયુષ્ય પુરૂં કરીએ છીએ. જે પ્રજાઓમાં બાળ લગ્નનો બુરો રીવાજ નથી તે પ્રજાઓને આ આપદા ભોગવવી પડતી નથી. આપણે જોઇએ છીએ કે જાપાન અને યુરોપમાં ૨૫ વર્ષના થતાં સુધી પુરૂષો પરણવાનો વિચાર કરતા

નથી. તેઓની મુખ્ય ધારણા પ્રથમ કેળવણી લેવી અને ત્યાર બાદ પોતાને લાયક કોઇ ઉધમ શોધવો એ હોય છે, અને ત્યાર બાદ જ્યારે તેઓ જુએ છે કે પરિણિત જીંદગી નિભાવી શકવા જેટલી પઇસાની જોગવાઈ થયેલી છે ત્યારે તેઓ પરણે છે, અને નહિં કે ત્યાર પહેલાં. જ્યારે આજ કાલ આપણા હિંદુઓમાં માબાપો પહેલી કાળજી પોતાનાં છોકરાં કે છોકરીઓને પરણાવવાની રાખે છે, અને તેમની કેળવણી અને તેમને યોગ્ય ધંધે વળગાવવાની વાત બાજુએ મુકવામાં આવે છે. આ સ્થિતિ આપણે જે કંઇ યુરોપી દેશોમાં જોઇએ છીએ તેથી તદ્દન ઉલટી છે. હું તમને આપણા એક વાઇસરોય વિધમાન લોર્ડ એલગીનનો દાખલો આપીશ. જેઓ હાલ થોડુંક થયાં ૧૫ વર્ષની ઉમરે પરણેલ છે. આ ઉપરથી આપ જોઇ શકશો કે અવનતિ એ બાળલગ્નનું પરિણામ છે. જો એ પડતી અટકાવવા માગતા હો તો આપને નાની વયમાં થતાં લગ્નો અટકાવવાં જોઇએ. તેમજ વિધવા વિવાહને જેઓ વખોડે છે તેમણે તો બાળ લગ્નનો રીવાજ અવશ્ય બંધ કરવો જોઇએ. નહિ તો તેમનાં કૃત્યોનું જે પરિણામ (વીધવાઓ) છે તે ઉપર દોષ મુકવાથી કંઇ વળવાનું નથી. અત્રે આપને પ્રખ્યાત ધનવંતરીનો નીચેનો શ્લોક સ્મરણમાં રાખવા ભલામણ કરૂં છું:—

ऊनषोडशवर्षायामप्राप्तःपंचविंशतिम्
यद्याधत्तपुमान् गर्भंकुक्षिस्थः सविपद्यते
जातोवानचिरंजीवेज्जीवेद्वादुर्बलेन्द्रियः
तस्मादत्यंतबालायामगर्भाधानंनकारयेत्

ઠરાવ ૫ મો

"આ કોનફરન્સને લાગે છે કે ભાટીઆ કોમ કેળવણીમાં—સ્ત્રી કેળવણી તેમજ પુરૂષ કેળવણીમાં—બહુજ પછાત છે, જેથી ઇનામો અને સ્કોલર શીપો સ્થાપીને કેળવણીને બને તેમ ઉત્તેજન આપવાનાં પગલાંઓ લેવાની યોગ્યતા તે પીછાણે છે"

ભાઇ પુરૂષોતમ ધનજીનું ભાષણ

ઉપરના ઠરાવની દરખાસ્ત કરતાં ભાઇ પુરૂષોતમ ધનજીએ નીચે મુજબ ભાષણ કર્યું હતું:—

પ્રમુખ સાહેબ અને પ્યારા ભાઇઓ,

ભાઇઓ, કેળવણી જેને સીધીમાં "વિદ્યા" કહે છે, એ શબ્દ જોકે બહુ [illegible] અક્ષરનો બનેલો છે, પણ તે ઘણા ગુણો ધરાવે છે. કેળવણી એ સુધારાનો [illegible] બીજ મંત્ર છે. કેળવણીની અગત્યતા અને ઉપયોગી પણું દરેક [illegible] જોકે જમાને કબુલ કરતી આવી છે.

ભુત કાળના ઇતિહાસ ઉપર દ્રષ્ટિ કરીશું, અથવા આધુનીક ઇતિહાસ તપાસીશું તો આપણને માલુમ પડશે કે કેળવણીને લીધે પ્રજાઓની ઉન્નતિ થયેલી છે.

શા માટે આપણો અસલનો આર્યાવર્ત સુધરેલો ગણાતો હતો ? તેનું કારણ એજ કે તે વખતની આર્ય પૃથ્વીની બીજી પ્રજાઓ કરતાં કેળવણીમાં ઘણી આગળ વધેલી હતી. સીકંદરના વખતમાં તેને નેશન ઓફ ફીલોસોફર્સ કહેતા. યુનાની લોકો તે વખતે હિંદુસ્થાનમાં આવી ઘણીક ઉદ્યોગીક તેમજ સાયનટીફીક કેળવણી લઇ ગયા હતા. તે વખતનો હિંદુસ્તાન, કેળવણીમાં બીજી પ્રજાઓ કરતાં કેટલો આગળ વધેલો હશે, તેનો ખ્યાલ આપ પોતેજ કરશો !

હવે આપણે આપણી નજરે પડતાં આધુનિક દ્રષ્ટાંતો લઇએ. શામાટે ગ્રેટબ્રીટન, ફ્રાન્સ, જર્મની, અમેરીકા, જાપાન આદી દેશો આપણાથી સુધરેલા ગણાય છે ? તેનું કારણ એજ કે, એ દેશોમાં કેળવાયલા પુરૂષો તથા સ્ત્રીઓની સંખ્યા, વસ્તીના પ્રમાણમાં, આપણા દેશ કરતાં ઘણી વધારે છે.

જ્યારે ઉપલા દેશોમાં, લખી તથા વાંચી જાણનારા, પુરૂષોનું તથા સ્ત્રીઓનું પ્રમાણ સેંકડે સીતેરથી ઉપર તથા લગભગ નેવું ટકા સુધી આવે છે, ત્યારે આપણા દેશમાં હાલમાં એક સો પુરૂષોમાંથી ફક્ત છ થી સાત લખી વાંચી જાણે છે.

સ્ત્રીઓનું પ્રમાણ તો હજુ એથી પણ વધારે હાસ્ય જનક છે. આપણા દેશમાં એક સોમાંથી ફક્ત એકથી બે સ્ત્રી, વસ્તીના પ્રમાણમાં હાલ લખી વાંચી જાણે છે. આ ઉપરથી આપ ભાઇઓ સમજી શકશો કે આપણે કેળવણીમાં ઉપલા દેશોની પ્રજાઓ કરતાં, ઘણાજ પછાત છીએ. જાપાન જે પચાસ વર્ષો પુર્વે એક નજીવું રાજ્ય ગણાતું હતું, જેની પ્રજા પચાસ વર્ષ અગાઉ ભયંકર અજ્ઞાનતામાં સડબડયા કરતી હતી, તેજ જાપાન આજે કેળવણીના પ્રતાપથી પહેલી પંકતિના સુધરેલા રાજ્યોમાં ગણાય છે.

ભાઇ દામોદર વાઘજીનું ભાષણ

આ ઠરાવના અનુમોદનમાં ભાઇ દામોદર વાઘજી (શેઠ ખટાઉ મકનજી વાળા) એ નીચે મુજબ ભાષણ કર્યું હતું:—

પ્રમુખ સાહેબ અને પ્રિય બંધુઓ, આપણા ભાઇ પુરૂષોત્તમ મનજી કરૂ માંડવીવાળાએ કેળવણી વિષે જે ઉત્તમ વીચારો દર્શાવ્યા તે દરેક ભાઇને મનન કરવા યેગ્ય છે. ભાટીઆઓ વેપાર ઉદ્યોગમાં ઘણો

આગળ પડતો ભાગ લેનાર જાતિ છે. તેને કેળવણીની ઘણી અગત્ય હોય એ સ્વભાવીક છે. જો કે સામાન્ય કેળવણીના પ્રતાપે ભાટીઆ જાતિ આટલી બધી ચમકે છે તો ઉંચી કેળવણી પામેલ ભાઇઓના હાથે કેટલા બધા ફાયદા થાય તેનું વર્ણન કરવું અશકય છે! ભાટીઆ જાતિને ઉંચી કેળવણી પામેલા ડાકટરો ઇનજીનીઅરો, વકીલો, બારીસ્ટરો. વિગેરેની જરૂર છે. તે કરતાં પણ વિશેષ અગત્ય વેપારી લાઇનમાં ગ્રેજ્યુએટો જોડાવાની છે. જેમ જેમ ગ્રેજ્યુએટોનો મોટો ભાગ વેપારમાં જોડાશે તેમ તેમ વેપાર અર્થ શાસ્ત્રના નિયમ ઉપર થશે, ને વેપારમાં હરીફાઇના વખતે જે જે ખુબીખામી જણાશે તે સર્વે સારી રીતે સમજી વેપારને નવું જીવન મળવાની ભાટીઆજાતી તેવા ભાઇઓ પાસેથી ઉમેદ રાખી શકશે. આપણા બધા જાતી ભાઇઓની જાણમાં છે જે પુર્વ આફ્રિકાનો વેપાર આજથી લગભગ ૫૦ પચાસ વર્ષ ઉપર ભાટીઆ જાતીએ કબજે કીધો હતો, ને તે વખતના આફ્રિકાના પુર્વ કાંઠાના મોટા સુલતાન સઇયદ બરગાસે આપણા ભાટીઆ અગ્રેસરોને તે વખતે મુખ્ય શહેર જંગબારમાં કીલ્લો બંધાવી આપી તેમાં ભાટીઆઓને પોતાનાં કુટુંબો લાવી વસવા ઇચ્છા દર્શાવી હતી એટલુંજ નહિ પણ વોટરવર્કસમાંથી નળજોડી તેમાં રૂપાના કાક નાંખી આપવા કહ્યું હતું. પણ ઊંચ કેળવણીના અભાવે તે વખતના અગ્રેસરોએ આગામી વેપારની હરીફાઇના વખતને ન ચેતતા નાપાડી દીધી, તેમ બીજા કેટલાક વેપારી હકો તરફ દરકાર કરી નહીં. પણ જો થોડા ગ્રેજ્યુએટો તે વખતમાં વેપારમાં જોડાએલા હતતો જરૂર તે આગામી વખતને સમજી ઘણા હક મેળવી લેત ને આજે પુર્વ આફ્રિકા તરફનો વેપાર આપણા હાથમાં નહીંજેવો રહયો છે તેવી દશા થાત નહીં. આપણી જ્ઞાતિમાં ઊંચ કેળવણીનો કાંઇક અંશ પેદા થએલો દેખાય છે, તે આપણી વેપારી લાઇનમાં કેટલું બધું ઉપયોગી થયું છે, તે માત્ર મીલ ઉધોગ ઉપરથી જણાશે. હિંન્દુસ્તાનમાં જે મીલઉદ્યોગ ઝળકી રહ્યો છે તેની ત્રીજી પાંતી લગભગ ભાટીઆ ભાઇઓએ ફાલા તરીકે રોકી છે. ભાઇઓ. વધારે ખુશી થવા જેવું તો એ છે કે આજ આપણે અહીં ભેગા થયા છીએ તેપણ ઊંચી કેળવણીનાજ પ્રતાપ છે. એટલુંજ નહીંપણ આપણી સભામાં પુર્વ તરફ બેઠેલા શેઠ ભીમજી જેરાજ જેણે પુર્વદિશા તરફ પ્રયાણ કરી જપાન પ્રવાસથી પુર્વપ્રદેશના દરવાજા ખુલા કરી દીધા છે, ને પશ્ચમિ દીશા તરફ બેઠેલ આપણા પ્રમુખ સાહેબ જેમણે પશ્ચિમ દીશા તરફ પ્રયાણ કરી ઇંગ્લાંડ પ્રદેશના દરવાજા હમેશ વાસ્તે ખુલા કરી દીધેલા છે. (મી. ભીમજીને જોવા સભાએ આગ્રહ કરવાથી પ્રેસીડેન્ટ સાહેબે મી. ભીમજીને ઊભા થવા ફરમાસ કરી

જેથી મી. ભીમજી ઊભા થતાં સભાએ મોટા આનંદના આવેશમાં આવી તાળીઓ વગાડી, અને રૂમાલ ફરકાવી વધાવી લીધા હતા.) તેને અનુમોદન આપી ભાટીઆ ભાઇઓને હમેશ આ રસ્તો ખુલો કરી દેવા સારૂ શેઠ ગોરધનદાસ ખટાઊએ તથા શેઠ નરોતમ મોરારજી ગોકળદાસ વીગેરે ભાઇઓએ જે હીંમત દરશાવી વિલાયત ગમન કરી તણાઇ જતી લક્ષ્મીને પાછી વાળી આપવાનો રસ્તો ખુલો કરી દીધેલ છે તેનો આપણે અંતઃકરણપુર્વક આભાર માનવો જોઇએ. ભાટીઆ શેઠીઆઓએ ઉંચ સ્થિતિમાં આવ્યા પછી કેળવણી સારૂં પોતાથી બનતું કરેલ છે જેનો પ્રત્યક્ષ દાખલો શેઠ ગોકળદાસ તેજપાળ, શેઠગોરધનદાસ તથા મુળરાજ ખટાઊ તથા ભાટીયા બાલરક્ષક સ્કુલના નેતાઓ વીગેરે બાહાર ગામના ભાઇઓએ ઘણું કર્યું છે તે છે. કરાંચીમાં તો કચ્છી ભાઇઓની વસ્તી બહુ થોડી છે તોપણ શેઠ રામદાસ મોરારજી જેવા સખી નરોએ વસ્તીના પ્રમાણમાં કેળવણીને ઉત્તેજન કરવા પ્રથમ પંકતી લીધેલ છે જેના પુરાવા તરીકે શેઠ રામદાસ મોરારજી લાઇબ્રરી તથા કેળવણી સારૂં જે વિદ્યાર્થી આવે તેમને સાર્વજનીક મદદ કરેલ તે લોકો હજી યાદ કરેછે. હાલ અહી શેઠ મોરારજી સુંદરજી છે જેમને આપણી સભા વચ્ચે વયોવૃદ્ધ અગ્રેસર તરીકે આપણે ઓળખીએ છીએ. આ શેઠ સારા દાનેશ્રી હોવાથી તથા પાંજરાપોળની તન મન ધનથી સેવા કરનાર હોવાથી વાંચકો નંદબાબા કહે છે ત્યારે શેઠ લાલજી લક્ષ્મીદાસ વિગેરે ધનાઢય અને વગવાળા શેઠીઆઓ પાસેથી યાચના કરવી જોઇએ, જેઓ પોતે કરાચીમાં કમાવેલા ધનનો સારો જેવો ફાલો કેળવણી દાખલ આપી બીજા ભાઇઓમાં દાખલો ભાટીઆ ભાઇઓને કેળવવાના સારા સાધનો પુરા પાડી આપશે, અને પોતાની લાગવગથી બીજા ભાઇઓ પાસેથી સારી જેવી રકમ એકઠી કરાવી પોતાનું અમર નામ રાખશે. તે સિવાય સીંધી ભાટીઆ ભાઇઓ નગરઠઠા વિગેરે ગામોમાં પણ કેળવણી વાસ્તે પોતાથી બનતું કરેલ છે તેનો હાલ તાજો દાખલો મેં સાંભળેલ છે જે શેઠ ગંગારામ ત્રીકમદાસ વાળાએ હાઇસ્કુલની બીલ્ડીંગ બનાવવા મોટી રકમ આપી છે. દરેક શેઠીઆઓએ એ પ્રમાણે જ્ઞાતિના હીત સારૂં પોતાથી બનતું કરવું જોઇએ તેમાં સીંધી કચ્છી કે પંજાબી ભાટીઆ એવું અલગપણું ભુલી જઇ કેળવણીનો સવાલ જે બધાને લાભકારી છે તે તરફ દરેક ભાઇઓએ પુર્ણ દીલસોજી દેખાડવાનો સમય છે. હવે હું યદુ કુળ ભુષણ શ્રી કૃષ્ણ પરમાત્માને વિનંતી કરૂં છું જે તેઓ પોતાના પુત્રોને અંતઃકરણ ગોચર થઇ સદ બુદ્ધિ આપી વિદ્યા વિલાસી બનાવે ને તેના મીઠાં ફળ ચાખના આખી જ્ઞાતિ ભાગ્યવાન થાય એવી માગણી કરી હું બેસવાની રજા લઉં છું.

લાલા ફીરપારામનું ભાષણ

પાંચમા ઠરાવને ટેકો આપતાં લાલા ફીરપારામે કરેલા ભાષણનો સાર નીચે મુજબ છેઃ—

પ્રમુખ અને સદગ્રહસ્થો,

આજે સવારે મેં આપની પાસે ભાટીઆ કોમની ડીરેક્ટરી તથા ઇતીહાસની જરૂરીઆત સંબંધી લાંબું વિવેચન કર્યું છે. આપણને તેની કેટલી જરૂર છે તે મેં તમોને તેવખતે બતાવ્યું હતું. તેથી આપણે એક બીજાને ઓળખી શકીશું તથા અરસપરસના ફાયદા માટે વિચારોની આપલે કરીશું. આથી કોમના મોટા ફાયદા તરીકે અરસપરસ લગ્નો થઇ શકશે, અને કેળવણી વધી શકશે. કેળવણી તે કોમની ભવિષ્યની ઉન્નતિના પરવાના રૂપ છે એમ હું કહું છું ત્યારે તમો મારા વિચારને મળતા થશોજ. જણાવવા દીલગીર છું કે મુંબઇ ઇલાકાના ભાટીઆઓ જો કે જનસમાજમાં સારી સ્થિતિએ પહોંચ્યા છે છતાં કેળવણીની બાબતમાં પછાત માલુમ પડેછે. હું એમ નથી કહેવા માગતો કે તેઓમાં કેળવણીથી ભુષિત થએલા ઓ નથી પરંતુ જનસમાજમાં તેઓ જે ઉંચી પદવી ભોગવેછે તેના પ્રમાણમાં તેઓની કેળવણી નથી. પંજાબ તરફ દ્રષ્ટિ ફેરવશો તો તમોને તદન ઉલટુંજ માલુમ પડશે. કેળવણીથી જનસમાજમાં તેઓ જે સ્થિતિએ ચડેલા છે તેના પ્રમાણમાં તેઓની પઇસા સંબંધી સ્થિતિ સારી નથી. મને એમ પણ માલુમ પડેછે કે જ્યારે પંજાબી ભાટીઆઓને કેળવણી માટે પુરતાં સાધનો નથી, ત્યારે મુંબઇના ભાટીઆઓ સાધનો તેમજ બીજા ઉતેજનો મળવા છતાં પણ તેનો પુરેપુરો ફાયદો મેળવી શકયા નથી. માટે કેળવણીની બાબતમાં દરેક ભાટીઆઓની અરસ પરસની મદદ કામથી થઇ પડશે.

બાબુ મદન ગોપાળનું ભાષણ.

પાંચમા ઠરાવના અનુમોદનમાં મથુરાવાળા બાબુ મદન ગોપાલે કરેલા ભાષણનો સારઃ-

પ્રમુખ અને સદગ્રહસ્થો,

મનુષ્ય જાતિના નામને લાયક થવા માટે આપણે કેળવણી મેળવવીજ જોઇએ. જે મંડળમાં આપણે બેઠા છીએ તે પણ કેળવણીને લઇનેજ હયાતી ભોગવે છે. આગગાડી, ભુગોળવિદ્યા અને તેવાજ બીજા વિષયોનું આપણને જ્ઞાન નહોત તો આપણે આજે અહીંઆ એકત્ર થયા હોત ખરા કે? અર્વાચીન સમયમાં

પુરૂષોની માફકજ સ્ત્રીઓ પણ કેળવણીથી અલંકૃત થયેલી હતી. સાધારણ ઘર કામમાં પણ આપણને કેળવણી અને જ્ઞાનની જરૂર માલુમ પડે છે. સ્ત્રીઓને જો કેળવવામાં આવી ન હોત તો તેઓને ભાખરીઓ શેકાળજ બનાવવા એવો વિચાર પણ ન આવ્યો હોત. સાયન્સના જ્ઞાન વિના તેઓને ખબર નથાત કે સળગતા કોયલાને તવાનીએ ઢાંકવાથી ઓલવી શકાય છે. સ્ત્રીઓના વિશેષ જ્ઞાન માટે તમોને હું એક બીજો દાખલો આપું છું. જ્યારે કાંઇપણ અનાજ પાકતું હોય છે ત્યારે સ્ત્રીઓ સમજે છે કે વાસણને ટાઢા પાણીની થાળીથી ઢાંકવાથી વાસણની અંદરનું પાણી બળી જતુ નથી. આ ઉપરથી સદગ્રહસ્થો, તમો જોઇ શકશો કે સ્ત્રીઓ જુદી જુદી સાયન્સોનું જ્ઞાન ધરાવતી હતી કે જે જ્ઞાન હાલ આપણે સ્કુલોમાં મેળવીએ છીએ. ત્યારે હાલના સમયમાં આપણે સ્ત્રીઓને આવા વિષયોનું સ્કુલમાં જ્ઞાન મેળવવામાં શામાટે પછાત રાખવી જોઇએ? મારી તો એવી ભલામણ છે કે આપણે આપણી બાળાઓ માટે એવી સ્કુલો કાઢવી જોઇએ કે જ્યાં તેઓને ઉપયોગી થઇ પડે તેવું શિક્ષણ આપવામાં આવે.

મી. મગનમલ એ. કીકલાનું ભાષણ.

પાંચમા ઠરાવને વિશેષ અનુમોદન આપતાં મી. મગનમલ એ. કીકલાએ આપેલા ભાષણનો ટુક સાર નીચે મુજબ છે:—

પ્રમુખ સાહેબ અને સદગ્રહસ્થો,

આપણે પ્રભુને કેવળ જ્ઞાન અને કેળવણીથીજ ઓળખી શકીએ છીએ તેમજ બીજા ધંધાઓમાં પણ આપણે કેળવણીથીજ ઉંચી સ્થિતિ ભોગવીએ છીએ. પ્રભુને ઓળખવામાં પણ કેળવણી તેટલીજ જરૂરની છે. કારણ કે જ્યાં લગી આપણે તેને ઓળખી શકતા નથી ત્યાં સુધી મોક્ષની જરાપણ આશા રાખી શકીએ નહિ. આપણે જાણીએ છીએ કે જે આપણે પેરીએ છીએ તે આપણે નથી, જે શરીરમાં આત્મા રહે છે તે આપણે નથી, તેમજ હૃદય કે બુદ્ધિ પણ આપણે નથી. ત્યારે આપણે કોણ છીએ? આપણે આત્મા છીએ કે જે આપણે જેને જોઇએ છીએ તેનુ મુળ તત્વ છે. આ પુરેપુરી રીતે સમજવાને આપણ ધાર્મિક કેળવણીની જરૂર છે. કારણ કે ધર્મિક શિક્ષણ સીવાય કેળવણી પુરી થએલ ગણાય નહીં. મારા બંધુઓ હું તમે સર્વેને શ્રી ભગવદ ગીતા કે જે આપણા માનનીય પ્રભુ શ્રી કૃષ્ણનું યશોગાન છે તેનો અભ્યાસ કરવાને ભલામણ કરૂં છું. જો તમો આ ગ્રંથનો સારી રીતે અભ્યાસ કરશો તો તમોને બીજા કોઇ ધર્મના ગ્રંથનું અવલોકન કરવાની જરૂર રહેશે નહીં.

ઠરાવ છઠો.

"આ કોનફરન્સને ફતેહમંદ કરવામાં રીસેપશન કમીટીના મેંબરોએ પોતાની ફરજો જે બાહોશીથી બજાવી છે તે માટે આ ૧લી ભાટીઆ કોનફરન્સના ડેલીગેટો પોતાની પ્રશંસા અને આભારની લાગણી જાહેર કરવાને આ તક લીએ છે."

મી. પરશોતમનું ધનજી ભાષણ

ઉપરના ઠરાવની દરખાસ્ત કરતાં મી. પરશોતમ ધનજીએ કરેલા ભાષણ નો સાર નીચે મુજબ છે:—

આપણી કોનફરન્સે જે ફતેહ મેળવી છે તેને માટે આપણા ડેલીગેટ ભાઇઓની વતી રીસેપશન કમીટીના મેંબરોને આભાર માનવા મને કહેવામાં આવ્યું છે. સદ ગ્રહસ્થો, આપણે આપણું કામ જરાપણ વિઘ્ન સીવાય ફતેહમંદીથી કરવાને શકિતમાન થયા છીએ જે તમારીજ નિઃસ્વાર્થ સેવા અને જાતિ મહેનતને આભારી છે. તમોએ એક એવો દાખલો બેસાડયો છે કે જે તમોનેજ નહીં પણ આપણને દરેકને મગરૂરીનું કારણ છે. મને ખાત્રી છે કે તમારો દાખલો આવી જાતની ભવિષ્યની બીજી કોનફરન્સને માટે પણ દ્રષ્ટાંત રૂપ અને કોમની ઉનતિ માટે બીજા કામ કરનારાઓને ઉતેજન રૂપ થઇ પડશે. તમોએ જે માન અમોને આપેલ છે તથા જે માયાળુપણું તમોએ અમારા પ્રત્યે દર્શાવ્યું છે તેના માટે અમારે તમારો આભાર માનવો જોઇએ. ઉતારા માટે તમોએ અમોને જે સગવડો કરી આપી છે તેને માટે તમારા જેટલા વખાણ કરીએ તેટલાં થોડાજ છે. અમારા અહીંના રહેઠાણને આનંદી અને સુખ દાયક બનાવવામાં તમોએ જરાપણ કચાસ રાખી નથી. સદ ગૃહસ્થો તમારી પરોણાગત અમો ભુલીશું નહીં, તેમજ જ્યારે અમોને આ કોનફરન્સને આમંત્રણ કરવાનુ ભાગ્ય પ્રાપ્ત થશે ત્યારે અમો ખાત્રીથી કહીએ છીએ કે અમો અમારી ફરજમાં પાછા પડીશું નહિં.

બાબુ મદન ગોપાલનું ભાષણ

ઉપરના ઠરાવની દરખાસ્તને અનુમોદન આપતાં બાબુ મદન ગોપાલે જણાવ્યું કે: —

પ્રમુખ અને ગ્રહસ્થો,

મારા પ્રત્યે તેમજ મારા બીજા ડેલીગેટ બંધુઓ તરફ જે માયાળુ સેવા બજાવી છે તેને માટે હું તમારો ખરા હૃદયથી આભાર માનું છું. અમારી દરેક

જરૂરીઆતો પુરી પાડવામાં આવી છે; કારણકે તમોએ માબાપો પોતાનાં બચ્ચાંઓની માગણીઓ પુરી પાડવામાં કાળજી રાખે તેવી અમારી કાળજી ધરાવી છે. આ ઉપરથી અમારી સ્મરણ શક્તિ ઉપર જે છાપ પડી છે તે ચિરસ્થાયી રહેશે. તમોએ જે મુશ્કેલીઓ સહન કરી છે તેને માટ અમો તમારો જેટલો આભાર માનીએ તેટલો થોડોજ છે, અને એટલુંજ કહી શકે શકે જ્યારે સુભાગ્યે તમો અમારી તરફ આવી ચડશો ત્યારે અમો તમારી પરોણા ચાકરીમાં કચાસ રાખીશું નહીં. આપણી કોમના ભલામાટે આપણે એક બીજાથી હળીમળીને કેવી રીતે કામ ચલાવી શકીએ એ અમોને તમોએ બતાવી આપ્યું છે, અને તમારો દાખલો ભવિષ્યની પ્રજાની યાદદારીમાં રહી જશે, અને તેઓને તેઓની ફરજો બજાવવામા દીવાદાંડી થઈ પડશે.

લાલા કીરપારામનું ભાષણ

હું પંજાબના એક દુર દેશથી આવું છું, કે જ્યાં આપણા ભાઈઓ સીંધ અને મુંબઇના ભાટીઆ ભાઈઓ જેવા પઈસાદાર નથી, અને તેટલા માટે મને બીક રહે છે, કે જ્યારે તમો અગારી તરફ આવશો ત્યારે તમોએ અમારી સગવડ માટે જે જે કર્યું છે, તેના પ્રમાણમાં કશુંએ કરી શકીશું નહિ. પરંતુ સુભાગ્યે જ્યારે પંજાબ ભાટીઆ કોનફરન્સને બોલાવવાને શક્તિમાન થશે ત્યારે તમોને દરેક રીતે સંતોષવામાં આવે છે કે નહીં તેની દરેક સંભાળ રાખવામાં અમે ચુકીશું નહીં. અમોને સુખી કરવામાં તમોએ લીધેલી મહેનત માટે તમારો અંતઃકરણથી આભાર માનું છું.

ઠરાવ ૭મો.

“મી. દામોદર વાધજીના બાહોશ કેપટન પણા તળે અને તેમના જનરલ લેફ્ટેનન્ટ મી. જી. એ. કીલ્લાની આગેવાની નીચે વોલંટીઅરોએ મોટા આપભોગ ખમીને રાત્રી દિવસ જે સેવાઓ કુશળતાથી બજાવી છે તે માટે આ પહેલી ભાટીઆ કોનફરન્સ પોતાની પ્રશંસાની લાગણીની નોંધ લીએ છે.”

મી. હરીદાસ લાલજીનું ભાષણ.

મી. કેપટન, લેફ્ટેનન્ટ અને વોલંટીયરો,

જે ઉમદા રીતે તમોએ તમારી ફરજો બજાવીછે, તેને માટે અમો રીસેપશન કમીટીના સભાસદો ઘણાજ આભારી છીએ. તમોએ રાત્રી દીવસ હોંશથી કામ કર્યું છે. અને કવખતે બતાવેલ આજ્ઞાઓ પણ તમોએ ઉપાડી લીધી છે, અને આ બધું તમે માત્ર તમારી ફરજના વિચારથી કર્યું છે. મુંબઇની ટુકડીએ

પણ ઉમદા સેવાઓ બજાવી છે. આ સમયે તમોએ સાથે મળી જે સેવા બજાવી છે તે સેવા વગર કોનફરન્સ જે ફતેહ મેળવી શકી છે તે મેળવી શકત નહીં. મારા મીત્ર મી. દામોદરદાસ કે જે તમારી ટુકડીનાજ નહીં, પણ આ કોનફરન્સના દરેક કામમાં અગ્રેસર અને સલાહકાર છે તેમનો પણ આ પ્રસંગે આભાર માનું છું. સદગ્રહસ્થો, જ્યારે આપણે કોનફરન્સ ભરવા સંબંધમાં નાહીંમત બનતા હતા ત્યારે પણ મી. દામોદરજે આપણને ઉતેજન આપી આપણામાં નવું જીવન પુર્યું હતું, અને સન્માન કારિણી કમીટીના ઉપ પ્રમુખ તરીકે આપણને પુર જુસ્સાથી આપણા રસ્તાપર આગળ દોર્યા છે. આ વખતે હું મારા મીત્ર મી. જી. એ કીકલાનો પણ આભાર માનું છું કે જેણે ઘણીજ જાતિ મહેનત લીધી છે અને પોતાની સમયસુચકતા ખંતીલા પણું, ઉદ્યોગ અને શાંત સ્વભાવ વિગેરે ગુણોથી સ્વયં સેવકોની મંડળીને એક ઉપયોગી ટુકડીના રૂપમાં લાવી શકયા છે. હું સ્વયંસેવકો તેમજ તેમના લેફ્ટનન્ટોનો અંતઃકરણ થી આભાર માનું છુ, અને જયાં જ્યાં આવી રીતે આપણને ભવિષ્યમાં મળવાનું બની આવે ત્યાં ત્યાં તેઓની મદદ લેવામાં આવશે એવી ભલામણ કરૂં છું.

મી. મથુરાદાસનું ભાષણ.

શેઠ હરીદાસ લાલજીના વિચારને પુનઃદર્શાવતાં મને આનંદ થાય છે. સદગ્રહસ્થો, તમોએ આ કોનફરન્સની ઊમદા સેવાઓ બજાવી છે તે નિર્વિવાદ છે, અને તમો વિવિધ પ્રકારની તમારી ફરજો બજાવવામાં જરા પણ પછાત રહયા નથી. યુવકો, મને પુર્ણ આશા છે કે જ્યારે જ્યારે તમોને તમારી જાતિની સેવા બજાવવા તક મળશે ત્યારે ત્યારે તમો પછાત પડશો નહીં. મને તમારામાં એટલે તમો યુવાન સ્વયંસેવકોમાં સંપૂર્ણ આશા છે. જ્યારે તમો મોટા થશો ત્યારે તમો કોમને એક મગરૂરીનું કારણ થઇ પડશો. તેટલા માટે તમો હાલમાં તમારી જીંદગીના જે ધોરણ ઉપર ચાલોછો તેજ ધોરણ ઉપર ચાલવા માટે પ્રયત્ન કરવા હું તમોને ભલામણ કરૂંછુ. અને તેમ કરવાથી તમો ખરેખર કૃતહમંદ થશો,

ઠરાવ ૮મો.

"કોનફરન્સની બેઠકો ભરવા માટે, અને ડેલીગેટોના ઉતારામાટે ગુલામ હુસેન ખાલકદીના હોલ અને બે નીશાળોનાં મકાનો પુરાં પાડીને કરાચી મ્યુની સીપાલીટીએ જે મદદ કરી છે તે માટે તેનો કોનફરન્સ આભાર માને છે."

પ્રમુખ સાહેબની દરખાસ્તથી ઉપરનો ઠરાવ પાસ થયો હતો.

પ્રમુખ સાહેબનો આભાર.

મી. વીશીનજી ઠાકરશી હાલાઇનું ભાષણ

આપણા માનવંતા પ્રમુખનો આભાર માનવા માટે મને ફરમાન થતાં હું મને પોતાને ઘણોજ ભાગ્યશાળી માનું છું. મને લાગે છે કે આપણે તેનો કોઇ રીતે પુરતો આભાર માની શકવાના નથી. જ્યારે બીજા લાયક ગ્રહસ્થોએ અમુક ખાનગી કારણસર પ્રમુખપદની માગણી સ્વીકારી નહોતી અને પ્રમુખને ચુંટી કાઢવા માટે જ્યારે થોડાજ દીવસ રહ્યા હતા ત્યારે તેમણે પ્રમુખપદ સ્વીકારીને આપણને કેટલા આભારી બનાવ્યા છે તે તમો સારી રીતે સમજો છો. તેઓ આપણી વ્હારે આવી પહોંચ્યા અને આપણને ચિંતામુકત બનાવ્યા. તેમના નેતૃત્વ અને માગદર્શીપણા નીચે આપણી આ પહેલી કોનફરન્સે અદ્વીતીય ફતેહ મેળવી છે. તેમણે આપણને જે ઉત્તમ ભાષણ સંભળાવ્યું છે તે તેમાંની વિદ્વતા તથા કીંમતી બોધમાટે આપણી સ્મરણ શકિતમાં દીર્ઘ કાળ પર્યંત રહેશે. તેમણે આપણને આપણી કોમ તરફની આપણી ફરજો છટાદાર રીતે સમજાવી છે. આપણે ખાત્રીથી જણાવીએ છીએ કે જે મુદ્રાલેખ તેમણે આપણી સન્મુખ રજુ કર્યો છે તે આપણે કદી ભુલનાર નથી, અને તે હમેશાં આપણામાં આશા અને વિશ્વાસ રેડવાનું કામ કરશે. મી. ભીમજી જેરાજ મકનજીએ યોગ્ય શબ્દોમાં ઉપરના ઠરાવને અનુમોદન આપ્યું હતું.

મી. કીશીનદાસનું ભાષણ

મી. કીશીનદાસે ઉપરના ઠરાવને ટેકો આપતા જણાવ્યું કે:——

આપણા માનવંતા પ્રમુખ ભાટીઆ કોમના ઇતીહાસમાં ખ્યાતિ મેળવનાર કુલના વંશજ છે. તેઓના પુર્વજો થાળીમાં સ્વતંત્ર ગામોના હક્કો ધરાવતા હતા, અને તેઓ તેઓનાં શોર્ય અને કાબેલીયત માટે પ્રખ્યાત થયા છે. તેઓ પણ તેટલાજ માન અને વિશ્વાસને પાત્ર થયા છે એ પણ આપણને મગરૂરીનું કારણ છે. તેઓના એક ભાઈ છે જેનું નામ મી. મોરારજી રવજી છે જેઓ જેસલમીરના દીવાન છે. તેમ નિપુણતાથી તેમણે આપણને વિષય વિચારક કમીટીમાં પણ આગળ થઇ દોરેલ છે અને ઘણીજ પ્રશંસનીય રીતે આપણા અઘરાં કાર્યને હાથ ધરેલ છે. ખરેખર પ્રમુખની ખુરશી માટે તે લાયક વ્યકિત છે, અને કોનફરન્સ પ્રત્યે જે પ્રશંસનીય ફરજો તેમણે બજાવી છે તે માટે આપણે તેમનો ખરા અંતઃકરણ પુર્વક આભાર માનીએ છીએ.

(તાળીઓ)

પરીશિષ્ટ अ

ડેલીગેટ્સ

(હાજર)

૧	શ્રી.	ટીકમદાસ રવજી દુણીઆ મરચન્ટ	કલકત્તા
૨	,,	લક્ષ્મીદાસ રવજી પચોરાય ,,	,,
૩	,,	ચતુરભુજ હરીદાસ સ્ટુડન્ટ	,,
૪	,,	લક્ષ્મીદાસ પ્રેમજી મરચન્ટ	,,
૫	,,	ચુનીલાલ ગોવરધનદાસ ચચરા	મથુરા યુ.પી
૬	,,	વ્રજગોપાલ નંદલાલ ગાંધી મરચન્ટ	,,
૭	,,	મદનગોપાલ વીઠલદાસ ગાંધી પોલીસ ઇન્સ્પેકટર	મુરદાબાદ
૮	,,	શીવલાલ ટીકમદાસ ગાંધી મરચન્ટ	નાથદ્વારા
૯	લાલા	કીરપારામ જીવણમલ રાખા બી. એ. એલ. એલ. બી. વકીલ	ગુજરાત પંજાબ
૧૦	,,	કીરપારામ મેદીઆ ઓપટીશીઅન	લાહોર
૧૧	શ્રી.	ભીમજી જેરામ મકનજી વેદ મરચન્ટ	મુંબઇ
૧૨	,,	હંસરાજ પ્રેમજી નેગાંધી દલાલ	,,
૧૩	,,	વીશીનજી ઠાકરસી હાલાઈ સંપટ મેનેજીંગ કલાર્ક	,,
૧૪	,,	રણછોડદાસ જી. આસરપોટા મરચન્ટ માટુંગા	,,
૧૫	,,	જીવરાજ ગોકળદાસ આસરપોટા મરચન્ટ	,,
૧૬	,,	જેઠાલાલ ચાંપશી સંપટ	,,
૧૭	,,	વીજયસિંગ ગોવીંદજી	,,
૧૮	,,	વીઠલદાસ વીંદરાવન વેદ સ્ટુડન્ટ	,,
૧૯	,,	ભીમજી ચતરભુજ સંપટ સઇલ્સમેન	,,
૨૦	,,	વલભદાસ ગોવીંદજી પાલીજા મરચન્ટ	,,
૨૧	,,	વીઠલદાસ મુલજી વેદ મરચન્ટ	,,
૨૨	,,	દામોદર રવજી દુતીયા મરચન્ટ	,,
૨૩	,,	કરસનદાસ ગોકળદાસ ઉદેસી મરચન્ટ	,,
૨૪	,,	રામદાસ મુલાણી સ્ટુડન્ટ	,,

૨૫	,,	વલભદાસ હરિદાસ દલાલ	,,
૨૬	,,	જે એન સોરી રામઇયા દલાલ	,,
૨૭	,,	વીઠલદાસ વીશીનજી જેરાણાજી સુરાહીઆ	,,
૨૮	,,	નારાયણદાસ હંસરાજ ગાજરીઆ	,,
૨૯	,,	રાવ સાહેબ લખમીદાસ રાવજી સપટ બારીસ્ટર એટલા	જોધપુર
૩૦	,,	એમ એ ફીકલા નેગાંધી મરચન્ટ	મુંબઇ
૩૧	,,	ગોવરધનદાસ દામોદર પમાણી મરચન્ટ	,,
૩૨	,,	વીરજી જીવણદાસ મરચન્ટ	,,
૩૩	,,	મતાણી	કચ્છ માંડવી
૩૪	,,	જમનાદાસ કાનજી વેદ સ્ટુડન્ટ	રાજકોટ કાઠીઆવાડ
૩૫	,,	ગોકળદાસ ખીમજી પચોરાઇ મરચન્ટ	કચ્છ માંડવી
૩૬	,,	ગોવરધનદાસ વલભદાસ મરચન્ટ	,,
૩૭	,,	જેઠા લીલાધર આસરપોટા મરચન્ટ	,,
૩૮	,,	રતનસી કરસનદાસ ઉદેશી સેલ એજન્ટ	,,
૩૯	,,	નારાયણદાસ રવજી નેગાંધી મરચન્ટ	,,
૪૦	,,	ખટાઉ વાલજી રાયગગા મરચન્ટ મંજેલ	કચ્છ
૪૧	,,	જેઠા કાનજી	કચ્છ માંડવી
૪૨	,,	ધરમસી લખમીદાસ આસરપોટા મરચન્ટ	,,
૪૩	,,	પ્રાગજી માવજી મરચન્ટ	,,
૪૪	,,	છોટાલાલ વીશનજી સુરહીઆ મરચન્ટ	મસ્કત
૪૫	,,	સામજી ખીમજી મરચન્ટ	,,
૪૬	,,	લખમીદાસ લાલજી ગાજરીઆ મરચન્ટ	કરાચી સીંધ
૪૭	,,	મુરારજી નથુભાઇ આસરપોટા	
૪૮	,,	એચ. એલ. જાવા ગાજરીઆ મરચન્ટ	,,
૪૯	,,	વીરજી જીવણદાસ ઉદેશી દલાલ	,,
૫૦	,,	જમનાદાસ દયાલ હદાણી મરચન્ટ	,,
૫૧	,,	જમનાદાસ માધવજી આસરપોટા મરચન્ટ	,,
૫૨	,,	ખીમજી શામદાસ ગાજરીઆ મરચન્ટ	,,
૫૩	,,	દ્વારકાદાસ લાલજી ગાજરીઆ મરચન્ટ	,,
૫૪	,,	પરસોતમદાસ નારાયણજી મરચન્ટ	,,
૫૫	,,	રતનસી વીશીનજી મરચન્ટ	,,

૫૬	,,	વીશીનજી કલ્યાણજી આસરપોટા મરચન્ટ	,,
૫૭	,,	પુરૂસોતમ ધનજી જેસશાણી મરચન્ટ	,,
૫૮	,,	રાઘવજી ભાવજી ઉરેચા હુતીઆ	,,
૫૯	,,	વલભદાસ કલ્યાણજી ગાજરીઆ મરચન્ટ	,,
૬૦	,,	સુંદરદાસ કેશવજી નેગાંધી મરચન્ટ	,,
૬૧	,,	એધરાજ ટેઓમલ સોની દલાલ	,,
૬૨	,,	દીપચંદ દોલતરામ કનાલ મરચન્ટ	,,
૬૩	,,	સોભરાજ શીવલદાસ કનાલ મરચન્ટ	,,
૬૪	,,	જેસારામ દોલતરામ કેનલ કલાર્ક નો. વે. રે.	કરાચી સીંધ
૬૫	,,	ગોવીન્દરામ રામદાસ સોની દલાલ	,,
૬૬	,,	લક્ષ્મીદાસ મથરાદાસ ગાંધી મરચન્ટ	,,
૬૭	,,	જેઠમલ ગોવર્ધનદાસ ચાચરા કલાર્ક	,,
૬૮	,,	મનસુખદાસ લાલચંદ ચાચરા કલાર્ક	,,
૬૯	,,	આસારામ ટેવીદાસ ચાચરા કલાર્ક	,,
૭૦	,,	હીરાલાલ અભેચંદ ગાંધી મરચન્ટ	,,
૭૧	,,	મેઘરાજ લાલચંદ ચાચરા કલાર્ક	,,
૭૨	,,	ઇસરદાસ હરીદાસ નેગાંધી મરચન્ટ	,,
૭૩	,,	કેવળરામ બઓમલ કાનલ મરચન્ટ	,,
૭૪	,,	વસીઆમલ મુરલીમલ જાવા	,,
૭૫	,,	મુલચંદ દેવારામ અસરપોટા	,,
૭૬	,,	આત્મારામ થાવરદાસ ચદેરા મરચન્ટ	,,
૭૭	,,	દીપચંદ થાવરદાસ ચદેરા મરચન્ટ	,,
૭૮	,,	થાવરદાસ નારાણદાસ ચદેરા મરચન્ટ	,,
૭૯	,,	ધમનમલ નરસીંગદાસ જાવા કલાર્ક	,,
૮૦	,,	તેજનમલ તીલુમલ અસરપોટા પીટીશન રાઇટર	,,
૮૧	,,	લાધા ઘેલા મરચન્ટ	,,
૮૨	,,	પરશોતમ ગુલુનમલ અસરપોટા કલાર્ક	,,
૮૩	,,	સુંદરદાસ જેઠાનંદ ચદરે પોટા કલાર્ક	,,
૮૪	,,	લકુમલ જેઠાનંદ ચંદરે પોટા મરચન્ટ	,,
૮૫	,,	ચતુરભુજદાસ હોટચંદ અસર પોટા કલાર્ક	,,
૮૬	,,	કલ્યાણદાસ લાલચંદ ઉદેશી મરચન્ટ	,,

૮૭	,,	ગોપાલદાસ હીરાનન્દ અસરપોટા મરચન્ટ	,,
૮૮	,,	આસાનંદ અલીમચંદ ચાવલ મરચન્ટ	,,
૮૯	,,	આણુંદજી વીશીનજી મોવાણી મરચન્ટ	,,
૯૦	,,	દયાલદાસ પેરૂમલ ગોકલ ગાંધી કલાર્ક	,,
૯૧	,,	લીલામલ ભેરૂમલ રાયગજ કલાર્ક	,,
૯૨	,,	ધનસ્યામદાસ પરસુમલ ભીજવાણી મરચન્ટ	,,
૯૩	,,	ચતામલ કાલુમલ ઉદેશી મરચન્ટ	,,
૯૪	,,	ચતુરભુજદાસ પીતાંબરદાસ મેઘચીઆણી મરચન્ટ	,,
૯૫	,,	થાવરદાસ દેવીદાસ રાયગજ હોર્સટ્રેનર	,,
૯૬	,,	ખેમચંદ દેવીદાસ રાજગજ મુકાદમ	,,
૯૭	,,	મુલચંદ તોલારામ કેશી લેન્ડલોર્ડ	,,
૯૮	,,	વીરુમલ આસનમલ વંડુચા કલાર્ક	,,
૯૯	,,	પરમાનન્દ ભવાનદાસ નેગાંધી કંટ્રાકટર	,,
૧૦૦	,,	રીજુમલ ગોપાલદાસ રાયગજ કલાર્ક	,,
૧૦૧	,,	પરશોતમ ગોપાલદાસ રાયગજ કલાર્ક	,,
૧૦૨	,,	દયારામ વીશનદાસ ગોકલ ગાંધી કલાર્ક	,,
૧૦૩	,,	ધનસ્યામદાસ ભવાનીદાસ નગાંધી	,,
૧૦૪	,,	ટેકચદ ભરથદાસ ડાધા દલાલ	,,
૧૦૫	,,	ગોવીંદરામ રામદાસ મરચન્ટ	,,
૧૦૬	,,	જાદવજી ગોવીંદજી અસરપોટા દલાલ	,,
૧૦૭	,,	ધમનમલ જેઠાનંદ કંદહારી મરચન્ટ	,,
૧૦૮	,,	કાલુમલ સેવારામ રાયગજ કલાર્ક	,,
૧૦૯	,,	શેવારામ ભસરમલ રાયગજ સ્ટુડન્ટ	,,
૧૧૦	,,	દેવનમલ નેણુમલ અસરપોટા કલાર્ક	,,
૧૧૧	,,	લધારામ આલુમલ ગુરાણી કલાર્ક	,,
૧૧૨	,,	ફતેહચંદ શેવારામ અસરપોટા કલાર્ક	,,
૧૧૩	,,	હોટચંદ રેવાચંદ ગોકલગાંધી મરચન્ટ	,,
૧૧૪	,,	ચાંદુમલ રેવાચંદ ગોકલગાંધી કલાર્ક	,,
૧૧૫	,,	મોતીરામ ,,	,,
૧૧૬	,,	ગીરધારીમલ ,,	,,
૧૧૭	,,	ઠાકુરદાસ લાલચંદ રાયગજ કલાર્ક	,,

૧૧૮ ,, ઠાકુરદાસ મંધતરાય રાયગજ કલાર્ક ,,
૧૧૯ ,, લાલચંદ મેઘરાજ રાયગજ કલાર્ક ,,
૧૨૦ ,, ખીમનમલ મેઘરાજ રાયગજ મરચન્ટ ,,
૧૨૧ ,, આત્મારામ પીતાંબરદાસ કુતીયા મરચન્ટ ,,
૧૨૨ ,, મોરારજી સુંદરજી ,, ,,
૧૨૩ ,, દામોદર વાઘજી ,, ,,
૧૨૪ ,, મોરારજી વલભદાસ મરચન્ટ ,,
૧૨૫ ,, સુંદરદાસ વલભદાસ મરચન્ટ ,,
૧૨૬ ,, લાલજી લક્ષ્મિદાસ ,, ,,
૧૨૭ ,, રૂપચંદ રૂગનાથ ,, ,,
૧૨૮ ,, વલભદાસ સામજી ,, ,,
૧૨૯ ,, વલભદાસ પ્રેમજી ,, ,,
૧૩૦ ,, આણુદજી વારીનજી ,, ,,
૧૩૧ ,, ખટાઉ ગોરધન ,, ,,
૧૩૨ ,, ઇસરદાસ મેઘજીમલ ,, ,,
૧૩૩ ,, ધમનમલ ફતેહચંદ ,, ,,
૧૩૪ ,, છબીલદાસ વીશીન્દારામ ,, ,,
૧૩૫ ,, ઠાકુરદાસ હીમતરામ ;, ,,
૧૩૬ ,, જેસામલ ઠાકુરદાસ ,, ,,
૧૩૭ ,, નરસીંગદાસ દેવનમલ જાવા પેન્શનર ,,
૧૩૮ ,, તીકીમદાસ ભુધરમલ શરાફ ,,
૧૩૯ ,, મુલચંદ ટી. અસરપોટા વકીલ ,,
૧૪૦ ,, જી. એ કીકલા બી. એ. એલ એલ. બી. વકીલ ,,
૧૪૧ ,, હીરાનંદ મોતીરામ કલાર્ક ,,
૧૪૨ ,, વલ્લભદાસ ઓધવજી મરચન્ટ ,,
૧૪૩ ,, ધરમદાસ થાવરદાસ મરચન્ટ ,,
૧૪૪ ,, ગોવર્ધનદાસ નથુભાઇ ,,
૧૪૫ ,, રામચંદ જેઠાનંદ લેન્ડલોર્ડ ,,
૧૪૬ ,, લાલજી રતનશી પરશોતમ ,,
૧૪૭ ,, મુલચંદ ખટુમલ હેડ કેશીયર, કે. પી. ટી. ,,
૧૪૮ ,, શેવારામ સતરામદાસ કલાર્ક ,,

૧૪૯ ,, અમનમલ સતુમલ મરચન્ટ

૧૫૦ ,, મઘનમલ હીરાનંદ ,, ,,

૧૫૧ ,, રૂપચંદ કેવલરામ ,, ,,

૧૫૨ ,, આસનમલ ટીકમદાસ ,, ,,

૧૫૩ ,, ઉતમચંદ પીતાંબરદાસ પેન્શનર ,,

૧૫૪ ,, હોટચંદ હીરાનંદ મરચન્ટ ,,

૧૫૫ ,, જમનાદાસ ઉધારામ ,, ,,

૧૫૬ ,, તેજભાણદાસ ભોજરામ ,, ,,

૧૫૭ ,, તેજભાણદાસ મોતીરામ ,, ,,

૧૫૮ ,, લધોમલ ધનશામદાસ ,, ,,

૧૫૯ ,, શેવારામ વિશીનદાસ કલાર્ક ,,

૧૬૦ ,, લધારામ આસુમલ ,, ,,

૧૬૧ ,, પ્રાગજી દયાળ ,, ,,

૧૬૨ ,, વીશીનજી નથુ ,, ,,

૧૬૩ ,, મોરારજી વેલજી મરચન્ટ ,,

૧૬૪ ,, ગોવરધનદાસ ગોવિંદજી ,, ,,

૧૬૫ ,, ખેમચંદ ઇસરદાસ મરચન્ટ ,,

૧૬૬ ,, કીમતરાય ધાલુમલ ,, ,,

૧૬૭ ,, ગોવરધનદાસ મોરારજી ગોકળ ગાંધી ,, ,,

૧૬૮ ,, મુલજી મોરારજી મરચન્ટ ,,

૧૬૯ ,, ગોવીંદરામ રામચંદ સ્ટુડન્ટ ,,

૧૭૦ ,, મથરાદાસ ગોવરધનદાસ મરચન્ટ ,,

૧૭૧ ,, ઉમરશી જેઠા ,, ,,

૧૭૨ ,, છોટુરામ બુલચંદ આરન્દા ,, ,,

૧૭૩ ,, પાનાલાલ હીમતરામ ડાધા ,, ,

૧૭૪ ,, જીવણદાસ ગોવરધનદાસ ટોપશણી ,,

૧૭૫ ,, રોચીરામ ટેકચંદ મરચન્ટ ,,

૧૭૬ ,, કરસનદાસ જેઠાભાઇ અસરપોટા , ,,

૧૭૭ ,, જેરામ લાલજી ,, ,,

૧૭૮ ,, આસનમલ હીરાનંદ ગજરીઆ ,, ,,

૧૭૯ ,, મુલજીમલ ગોવરધનદાસ ,, ,,

૧૮૦	,,	આસુમલ કીમતરાય જાત્રા	,,	,,
૧૮૧	,,	પ્રાગજી ગીરધર ગોકલ ગાંધી	,,	,,
૧૮૨	,,	તીકમજી જીવણદાસ કાનલ	,,	,,
૧૮૩	,,	મુલતાનચંદ લક્ષ્મીચંદ ગાંધી	,,	,,
૧૮૪	,,	પરશોતમ ગ્યાનચંદ કલાર્ક		,,
૧૮૫	,,	લક્ષ્મીદાસ વીરજી પુરેચા મરચન્ટ		,,
૧૮૬	,,	ગોપાલદાસ ગોવરધનદાસ ઉદેશી	,,	,,
૧૮૭	,,	ચાંદુમલ નરસિંગદાસ જાવા કલાર્ક		,,
૧૮૮	,,	મોતીઆમલ નોતમદાસ સોની	,,	,,
૧૮૯	,,	ચુનીલાલ ઉતમચંદ ઉદેસીપાટા	,,	,,
૧૯૦	,,	જીવણદાસ તીકમદાસ અસરપોટા મરચન્ટ		,,
૧૯૧	,,	ગોવીંદજી વીરજી ટોપરાની	,,	,,
૧૯૨	,,	રણછોડ કાનજી વીરજીઆણી	,,	,,
૧૯૩	,,	રતનશી લાલજી ગાજરીઆ	,,	,,
૧૯૪	,,	રવજી વાલજી અસરપોટા	,,	,,
૧૯૫	,,	કલ્યાણજી ભાણજી	,,	,,
૧૯૬	,,	વલ્લભદાસ પ્રેમજી	,,	,,
૧૯૭	,,	તુલસીદાસ તેજપાલ	,,	,,
૧૯૮	,,	દલપતરાય ટેકચંદ કલાર્ક		,,
૧૯૯	,,	કરમચંદ નેભરાજ	,,	,,
૨૦૦	,,	તીરથદાસ સંતદાસ સબપોસ્ટ માસ્તર		,,
૨૦૧	,,	ટેઉમલ ઠાકુરદાસ કલાર્ક		,,
૨૦૨	,,	દયારામ વીશીનદાન	,,	,,
૨૦૩	,,	શીવલદાસ અસરમલ	,,	,,
૨૦૪	,,	હેમનદાસ કુંદનદાસ અસરપોટા મરચન્ટ		ઠઠ્ઠા, સીંધ
૨૦૫	,,	આસનમલ લાલચંદ	,,	,,
૨૦૬	,,	રૂપચંદ પરમાનંદ પાલીજા	,,	,,
૨૦૭	,,	આસનમલ ગુમાનમલ ચચરા	,,	,,
૨૦૮	,,	લાલચંદ આસનમલ	,,	,,
૨૦૯	,,	ધમનમલ જગુમલ કીસાની		,,
૨૧૦	,,	જેઠાનંદ લધામલ ગોકલ ગાંધી થરાદુ		,,

૨૧૧ „ લખુમલ ગોપાલદાસ અસરપોટા મરચન્ટ „
૨૧૨ „ તોલારામ રમણુમલ „ „
૨૧૩ „ ગોપાલદાસ થાવરદાસ „ „
૨૧૪ „ વીસુમલ દામોદરદાસ ગોકલ ગાંધી „ „
૨૧૫ „ ધમનમલ ગંગારામ અસરપોટા „ „
૨૧૬ „ વલ્લભદાસ આસનમલ „ „
૨૧૭ „ મધનમલ નારણદાસ ગાજરીઆ ટીચર „
૨૧૮ „ તુલસીદાસ કીશીનદાસ „ મરચન્ટ „
૨૧૯ „ તીરથદાસ ચાંદુમલ અસરપોટા „ „
૨૨૦ „ કીશીનદાસ ટીલુમલ „ „ „
૨૨૧ „ થાવરદાસ જેઠાનંદ આસરપોટા „ „
૨૨૨ „ મધનમલ નરસિંગદાસ ખીઆરા મરચન્ટ „
૨૨૩ „ ધમનમલ લાલચંદ ખીઆરા મરચન્ટ „
૨૨૪ „ તુલસીદાસ વેરસીમલ ગાજરીઆ મરચન્ટ „
૨૨૫ „ ગોવરધનદાસ જેઠનમલ મરચન્ટ „
૨૨૬ „ જેઠાનંદ મધુમલ આસરપોટા મરચન્ટ „
૨૨૭ „ પીતાંબરદાસ લાલચંદ „
૨૨૮ „ કેવલરામ રૂપચંદ ઉદેશી મરચન્ટ „
૨૨૯ „ સુખનમલ મુળચંદ આસરપોટા મરચન્ટ „
૨૩૦ „ મેથારામ કાકુમલ જાવા મરચન્ટ „
૨૩૧ „ દેવનમલ પરમાનંદ આસરપોટા મરચન્ટ „
૨૩૨ „ નારાયણદાસ મુલચંદ ખીઆરા મરચન્ટ „
૨૩૩ „ વીસુમલ ચતોમલ મરચન્ટ „
૨૩૪ „ નરશીંગદાસ ખુસાલદાસ ચચરા મરચન્ટ „
૨૩૫ „ કીશીનદાસ ખુશાલદાસ ચચરા મરચન્ટ „
૨૩૬ „ વલભદાસ ખુશાલદાસ ચકરા મરચન્ટ „
૨૩૭ „ મધનમલ ધરમદાસ લીલ્વા મરચન્ટ „
૨૩૮ „ રૂપચંદ દેવનમલ આસરપોટા મરચન્ટ „
૨૩૯ „ મુલજીમલ જેઠાનંદ લીલ્લા મરચન્ટ „
૨૪૦ લખુમલ દેવનમલ ગાજરીઆ મરચન્ટ „

૨૪૧	,,	લાલુમલ સામીદાસ લીલ્વા મરચન્ટ	,,
૨૪૨	,,	તીકમદાસ આસનમલ ઉદેશી મરચન્ટ	,,
૨૪૩	,,	મધુમલ ચેલુમલ ગાજરીઆ મરચન્ટ	,,
૨૪૪	,,	સામીદાસ દારકાદાસ ખીઆરા મરચન્ટ	,,
૨૪૫	,,	હરીદાસ ટેકચંદ ખીઆરા મરચન્ટ	,,
૨૪૬	,,	મુલજીમલ ગંગારામ લીલ્વા મરચન્ટ	,,
૨૪૭	,,	ટેકચંદ દારકાદાસ મરચન્ટ	,,
૨૪૮	,,	કલ્યાણદાસ સીરીરામ આસરપોટા મરચન્ટ	,,
૨૪૯	,,	લાલચંદ મુલચંદ ચચરા મરચન્ટ	,,
૨૫૦	,,	વીરભાણદાસ વલભદાસ ગોકળ ગાંધી	,,
૨૫૧	,,	ધમનમલ વલભદાસ ગોકળ ગાંધી	,,
૨૫૨	,,	મેથારામ જેઠાનંદ લીલ્વા	,,
૨૫૩	,,	ઠાકુર જેરામદાસ વેરસીમલ મરચન્ટ	,,
૨૫૪	,,	આસનમલ પીતાંબરદાસ દુતીઆ મરચન્ટ	,,
૨૫૫	,,	લેખરાજ ટેકચંદ મઘરાણી મરચન્ટ	,,
૨૫૬	,,	નરસીંગદાસ ધમનમલ બબલા મરચન્ટ	,,
૨૫૭	,,	ધમનમલ મુલચંદ આસરપોટા ટીચર	,,
૨૫૮	,,	કેવળરામ આસાનંદ ખીઆરા મરચન્ટ	,,
૨૫૯	,,	ધમનમલ ઠાકુરદાસ નેગાંધી મરચન્ટ	,,
૨૬૦	,,	હીરજીમલ મધુમલ આસરપોટા મરચન્ટ	,,
૨૬૧	,,	મેઘરાજ મથારામ નેગાંધી પેન્શનર	,,
૨૬૨	,,	લખુમલ ઠાકુરદાસ ખીઆરા મરચન્ટ	,,
૨૬૩	,,	મુલજીમલ ગોવરધનદાસ ગાજરીઆ મરચન્ટ	,,
૨૬૪	,,	ચાંદુમલ સુખાનંદ આસરપોટા મરચન્ટ	,,
૨૬૫	,,	તોલારામ કેવળરામ ખીઆરા મરચન્ટ	,,
૨૬૬	,,	ધમનમલ મધુમલ આસરપોટા	,,
૨૬૭	,,	દામોદરદાસ તીકમદાસ લીલ્વા	,,
૨૬૮	,,	જેરામદાસ પહલાજદાસ મરચન્ટ	,,
૨૬૯	,,	રામચંદ પીતાંબરદાસ ઉદેશીપોટા લેન્ડલોર્ડ	,,
૨૭૦	,,	લખમીચંદ જહાંગીમલ આસરપોટા મરચન્ટ	,,
૨૭૧	,,	બીજુમલ દામોદરદાસ ગોકળ ગાંધી મરચન્ટ	,,

૨૭૨ મધનમલ પરમાનન્દ ગોકળ ગાંધી મરચન્ટ ,,
૨૭૩ ,, મુલજીમલ મધુમલ ,,
૨૭૪ ,, નરસીંગલાલ ધમનમલ દેવકીશીનદાસ ,,
૨૭૫ ,, હીરાનંદ ઉત્તમચંદ ઉદેશીપોટા ,,
૨૭૬ ,, મુલજીમલ થાવરદાસ ગાંઝીમલાણી ,,
૨૭૭ ,, કુંદનદાસ વલ્લભદાસ ,,
૨૭૮ ,, મથરાદાસ રામચંદ ઝવેરી નેગાંધી વકીલ હૈદ્રાબાદ
૨૭૯ ,, લાલચંદ મોતીરામ ઝવેરી કલાર્ક ,,
૨૮૦ ,, લીલારામ મધનમલ વકીલ ,,
૨૮૧ ,, મુરીજમલ હાંસારામ ટીચર ,,
૨૮૨ ,, પરમાનંદ રામચંદ નેગાંધી લેન્ડલોર્ડ ,,
૨૮૩ ,, ગીરધારીદાસ ટીકમદાસ ,, એન્જીનીયર ,,
૨૮૪ ,, બાલુમલ જેરામદાસ સોની કલાર્ક ,,
૨૮૫ ,, કીશનચંદ ઠાકુરદાસ વેદ મરચન્ટ ,,
૨૮૬ ,, રામકીશનદાસ લોકુમલ ગોકળ સ્ટુડન્ટ ,,
૨૮૭ ,, ખીઆમલ ચેલારામ વેદ કલાર્ક ,,
૨૮૮ ,, વલીરામ આલીમચંદ ગોકળ ગાંધી વોટર વર્કસ ઇન્સ્પેકટર ,,
૨૮૯ ,, ઉધારામ જેરામદાસ સોની મરચન્ટ ,,
૨૯૦ ,, નથુમલ મધુમલ ગોકળગાંધી ,,
૨૯૧ ,, તુલસીદાસ બુલચંદ ચચરા ઓસર ,,
૨૯૨ ,, કીમતરાય નારસીમલ રાયસોની ,, ,,
૨૯૩ ,, પીતાંબરદાસ વીશીન્દાસ મરચન્ટ ,,
૨૯૪ ,, રામચંદ હુકામલ અસરપોટા ,, ,,
૨૯૫ ,, મોતીરામ રામચંદ બી. એ. એલ. એલ. બી. વકીલ. ,,
૨૯૬ ,, પોટુમલ ગીધુમલ ,, ,,
૨૯૭ ,, ગોકલદાસ કે. જવેરી મરચન્ટ ,,
૨૯૮ ,, હીરાનંદ મોતીરામ કલાર્ક ,,
૨૯૯ , ભાગચંદ મોતીરામ મીકેનીકલ એન્જીનીયર ,,
૩૦૦ ,, હીરાનંદ પરમાનંદ સ્ટુડન્ટ ,,
૩૦૧ ,, ખેઆમલ પરમાનંદ ,, ,,
૩૦૨ ,, નરસીંગદાસ કે. જવેરી બી. એ. એલ. એલ. બી. વકીલ ,,

૩૦૩	,,	દેવકીશીનદાસ પારસરામ શાહપુરીઆ કલાર્ક	નસરપુર
૩૦૪	,,	ગુમાનમલ ઘનશામદાસ ,, મરચન્ટ	,,
૩૦૫	,,	સંપતદાસ હુઝારીમલ ગાંધી કલાર્ક	સક્કર
૩૦૬	,,	મોતનમલ જીવણમલ અસરપોટા મરચન્ટ	,,
૩૦૭	,,	નંદીરામ માધવદાસ ચચરા કલાર્ક	,,
૩૦૮	,,	હોતચંદ થાકુરદાસ મરચન્ટ	,,
૩૦૯	,,	મુખી એઇલદાસ વીરૂમલ પંહુજા કલાર્ક	,,
૩૧૦	,,	સુખરામદાસ સાંવલદાસ ,,	,,
૩૧૧	,,	પીતાંમરદાસ નેચળદાસ ડાધા કલાર્ક	,,
૩૧૨	,,	રાધાકીસન અમતરાય મપદાણી	,,
૩૧૩	,,	કુદોમલ ખાનચંદ ગાંધી કલાર્ક	ન્યુ સક્કર
૩૧૪	,,	મુખી બુલચંદ ગોપાલદાસ બલાયા મરચન્ટ	,,
૩૧૫	,,	સુગાનોમલ મુલચંદ ,, ,,	,,
૩૧૬	,,	લીલારામ વીજારામ અસરપોટા	,,
૩૧૭	,,	લાલા દારકાદાસ વીશીનદાસ કાનુગા સ્ટેશન માસ્તર	રોહરી
૩૧૮	મુખી	સંતદાસ કીમતરાય વેદ જમીનદાર	,,
૩૧૯	મી.	ખુબચંદ મયારામ ગાંધી પેન્શનર	,,
૩૨૦	,,	ઉદ્ધવદાસ હાસાનંદ ગાજરીઆ કલાર્ક	,,
૩૨૧	,,	પરસરામ તેજભાનુદાસ ડાધા મરચન્ટ	,,
૩૨૨	,,	ગોવીંદરામ બુલચંદ ગાજરીઆ કલાર્ક	,,
૩૨૩	,,	ચઇનરાય ગોકળદાસ ચચરા મરચન્ટ	,,
૩૨૪	,,	પેસુમલ પોકરદાસ ગાંધી ,,	,,
૩૨૫	,,	ચુહારમલ વૃંદાવન ગાંધી કલાર્ક	,,
૩૨૬	,,	રોચલદાસ સંતદાસ વેદ સ્ટુડન્ટ	,,
૩૨૭	,,	કીશીનદાસ આમરાય વકીલ	શીકારપુર
૩૨૮	,,	કેવલરામ ખીઆમલ કાનલ મરચન્ટ	,,
૩૨૯	,,	લેખરાજ કીમતરાય વેદ વેટરીનરી સરજયન	,,
૩૩૦	,,	ટેકચંદ ખાનચંદ ગાંધી ઓવરશીયર	બદીન
૩૩૧	,,	ખીઆરામ રાધા કીશીનદાસ સોની મરચન્ટ	જેકોબાબાદ
૩૩૨	મુખી	ખુસાલદાસ અંબોમલ અસરપોટા મીલ ઓનર	લારખાના

૩૩૩ „ હોલારામ ભીરીઓમલ ચચરા વકીલ લારખાના ,,

૩૩૪ „ ભીમનદાસ ભીરીઓમલ ચચરા કલાર્ક ,,

૩૩૫. „ મુલચંદ વસંતરામ ડાધા મરચન્ટ ,,

૩૩૬ „ હસમતરાય ચટલમલ ચચરા મરચન્ટ ,,

૩૩૭ „ મુમીમલ ડીમતરાય ગાજરીઆ મરચન્ટ ,,

૩૩૮ „ ગોકળદાસ મથોમલ ડાધા મરચન્ટ ,,

૩૩૯ „ ખાનુમલ ટહલીઓમલ બદ્રીયા ,,

૩૪૦ „ શેવારામ સોભરાજ ચચરા મરચન્ટ ,,

૩૪૧ „ હોલારામ તોલારામ ચચરા મરચન્ટ ,,

૩૪૨ „ જમીયતરાય ડીમતરાય વેદ કલાર્ક નો. વે. રે. કવેટા બલુચીસ્તાન

૩૪૩ „ તીલુમલ રીઝુમલ કાનલ કલાર્ક નો. વે. રે. કવેટા ,,

પરીશિષ્ટ બ.

ડેલીગેટો.

(ગેરહાજર)

૧	મી.	દ્વારકાદાસ લક્ષ્મીદાસ ટોપરાણી,	મરચન્ટ	કલકતા
૨	,,	કાનજી હરીદાસ ગોકલદાસ સીરોયા	,,	,,
૩	,,	પ્રાગજી માવજી પુરેચા	,,	,,
૪	,,	દામોદર કલ્યાણજી	,,	,,
૫	,,	નારાયણદાસ દલાલ પુરેચા	,,	,,
૬	,,	ટીકમદાસ કુવરજી બેઈજા	,,	,,
૭	,,	ખીમજી હંસરાજ સીરોયા	,,	,,
૮	,,	કીશીનદાસ જેઠા ભીમજી	,,	,,
૧૦	,,	ગુલાબરાય, પીલીભીત	યુનાઇટેડ પ્રો૦	,,
૧૧	,,	તીરલોકી નારાયણ આગ્રા	,,	,,
૧૨	,,	શ્યામ બીહારીલાલ પ્લીડર ઘાઝીઆબાદ	,,	,,
૧૩	,,	વૃજપાલદાસ બી. એ. મ્યુનીસીપાલ એન્જીનીયર		બરેલી
૧૪	,,	વ્રજપાલ બી. એ. ડેપ્યુટી કલેકટર યુનાઓ	યુનાઇટેડ પ્રોવીન્સીઝ.	
૧૫	,,	મદન મોહન		બનારસ
૧૬	,,	નરોતમ મોરારજી ગોકલદાસ જે. પી.	મરચન્ટ	મુંબઇ
૧૭	,,	ગોવર્ધનદાસ ખટાઉ જે. પી.	,,	,,
૧૮		રાવબહાદુર વીશનજી ખીમજી	,,	,,
૧૯		રાવસાહેબ પરશોતમ ઉદ્ધવજી જે. પી,	,,	,,
૨૦	મી.	મોરારજી વેલજી	,,	,,
૨૧	,,	વીશનજી પ્રેમજી	,,	,,
૨૨	,,	જેઠાભાઇ વેલજી	,,	,,
૨૩	,,	નારાયણદાસ પરસોતમ	,,	,,
૨૪	,,	વીશીનજી મુલજી દામોદર	,,	,,
૨૫	,,	ભીમજી લીલાધર પરશોતમ	,,	,,

૨૬	,,	નારાયણજી દયાલ	,,	,,
૨૭	,,	પરશોતમ વીશરામ માવજી	,,	,,
૨૮	,,	વલ્લભદાસ તુલસીદાસ	,,	,,
૨૯		રાવસાહેબ કલ્યાણજી મોરારજી બારીસ્ટર એટલૉ		રાયપુર
૩૦		મી. લક્ષ્મિદાસ રવજી તેરસી મરચન્ટ		મુંબઈ
૩૧	,,	વલ્લભદાસ રણછોડદાસ	,,	,,
૩૨	,,	મોરારજી મથુરાદાસ કામદાર બી. એ. એલ. એલ. બી.	સોલીસીટર.	,,
૩૩	,,	માધવજી વીરજી	,,	,,
૩૪	,,	ભીમજી નારાયણજી દલાલ	,,	,,
૩૫	,,	દામોદર પરશોતમ	મરચન્ટ	,,
૩૬	,,	ગોવીંદજી મેઘજી	,,	,,
૩૭	,,	પરશોતમ જીવણદાસ અંગેરીઆ	,,	,,
૩૮		રાવબહાદુર સુંદરદાસ નારાયણદાસ	સોલીસીટર	
૩૯		મી. હરીદાસ નારાયણજી	મરચન્ટ	,,
૪૦	,,	ચાપસી જેઠાભાઇ	,,	,,
૪૧	,,	પ્રેમજી મુલજી	,,	,,
૪૨	,,	રણછોડદાસ નારાયણદાસ	,,	,,
૪૩	,,	ખેતસી લક્ષ્મિદાસ	,,	,,
૪૪	,,	મોરારજી જીવરાજ	,,	,,
૪૫	,,	ગોકલદાસ દામોદર	,,	,,
૪૬	,,	ગોવર્ધનદાસ મેઘજી	,,	,,
૪૭	,,	મુલજી વીશીનજી	,,	,,
૪૮	,,	વાઘજી પ્રેમજી	,,	,,
૪૯	,,	મુલજી કરસનદાસ	,,	,,
૫૦	,,	નારાયણદાસ હરિદાસ	,,	,,
૫૧	,,	કાનજી ગોવીંદજી	,,	,,
૫૨	,,	રણછોડદાસ સુંદરદાસ	,,	,,
૫૩	,,	જમનાદાસ દયાલ	,,	,,
૫૪	,,	ટીકમદાસ કાનજી	,,	,,

૫૫ „ ગોકલદાસ હંસરાજ „ „
૫૬ „ મોતીરામ બુખણદાસ „ „
૫૭ લાલા ખાનચંદ ચોધરી લાહોર પંજાબ
૫૮ સરદાર દયાસીંગ „
૫૯ લાલા રામલાલ બી. એ. એલ. બી. „
૬૦ ડૉ૦ હીરાલાલ એલ. એમ. એસ. „
૬૧ લાલા લક્ષ્મિ શાહી „
૬૨ લાલા અમરનાથ બી. એ. એલ. બી. વકીલ „
૬૩ સરદાર લક્ષ્મણસીંગ જવેરી „
૬૪ મી. એસ. એસ. ભાટીઆ બી. એ. એલ. એલ. બી (ટ્રીબ્યુન) „
૬૫ લાલા મદન ગોપાલ બી. એ. „
૬૬ લાલા બાલમુકુન્દ બી. એ. એલ. એલ. બી. અમૃતસર પંજાબ
૬૭ હકીમ ફતેહચંદ „
૬૮ ચોધરી શામદાશ „
૬૯ લાલ બતામલ „
૭૦ „ કીરપારામ બી. એ. એલ. એલ. બી. સીયાલકોટ. પંજાબ
૭૧ „ નંદલાલ બી. એ „
૭૨ „ ભગતરામ દીંગ ગુજરાત „
૭૩ „ મુલરાજ બી. એ. એલ. એલ. બી „
૭૪ „ સોદાગરમલ જેલમ „
૭૫ „ દેવી દીતમલ રાવલપીંડી „
૭૬ સરદાર આમણીકસીંગ ગુજરાણવાલા „
૭૭ ચોધારી ભવાનસીંગ શુજાબાબાદ „
૭૮ લાલા રાધાકીશીન એમ. એ. લ્યાલપુર „
૭૯ મી. રણછોડદાસ દયાલ કરાઇ મરચન્ટ કચ્છ માંડવી
૮૦ „ ચતરભુજ રવજી પુરેચા મરચન્ટ „
૮૧ „ દ્વારકાદાસ રવજી આણંદાણી મરચન્ટ „
૮૨ „ મોરારજી વલભદાસ ટોપરાણી મરચન્ટ „
૮૩ „ મથરાદાસ ગોવીંદજી આણંદાણી મરચન્ટ „
૮૪ „ વલભદાસ કાનજી મતાણી મરચન્ટ „

૮૫	,,	ધરમશી કાળા નાથવાણી મરચન્ટ	,,
૮૬	,,	નેણુસી લાલજી કચરાણી મરચન્ટ	,,
૮૭	,,	વલભદાસ લાલજી માણેકરાણી મરચન્ટ	,,
૮૮	,,	ઠાકુરદાસ કરસનદાસ મરચન્ટ	,,
૮૯	,,	દારકાદાસ લાલજી મરચન્ટ	,,
૯૦	,,	માવજી વીશીનજી આણુંદાણી	,,
૯૧	,,	માવજી ગોકળદાસ મરચન્ટ	,,
૯૨	,,	વલભદાસ લાલજી મરચન્ટ	,,
૯૩	,,	હરીદાસ રામદાસ મોરારજી મરચન્ટ	કરાંચી સીંધ
૯૪	,,	ઉધ્ધારામ દંદુમલ મરચન્ટ	,,
૯૫	,,	મોરારજી વલભદાસ ટોપરાણી મરચન્ટ	,,
૯૬	,,	ગોકળદાસ હરિદાસ મરચન્ટ	,,
૯૭	,,	ઠાકુર દરીયાનોમલ ચેલારામ મરચન્ટ	ઠઠા સીંધ
૯૮	,,	મેથારામ ચાંદુમલ મરચન્ટ	,,
૯૯	,,	ધમનમલ દેવકીશીનદાસ મરચન્ટ	,,
૧૦૦	,,	ધમનમલ ટીકમદાસ મરચન્ટ	,,
૧૦૧	,,	જગુમલ ટીકમદાસ મરચન્ટ	,,
૧૦૨	,,	લાલચંદ વીરૂમલ ,,	,,
૧૦૩	,,	મેઘરાજ ધમનમલ ,,	,,
૧૦૪	,,	હાસાનંદ વેરસીમલ ,,	,,
૧૦૫	,,	લખુમલ સુલચંદ ,,	,,
૧૦૬	,,	સંતદાસ મંધારામ ,,	હૈદ્રાબાદ સીંધ
૧૦૭	,,	ખુલચંદ ઝોકીરામ જવેરી ,,	,,
૧૦૮	,,	રોચીરામ વીશીનદાસ, એન્જીનીયર	,,
૧૦૯	,,	પ્રીતમદાસ હાસોમલ મરચન્ટ	,,
૧૧૦	,,	રામચંદ સુરીજમલ ,,	,,
૧૧૧	,,	કેવલરામ બંબોમલ ,,	,,
૧૧૨	,,	જેશમદાસ ઉદ્ધારામ ,,	,,
૧૧૩	,,	શામદાસ અલીમચંદ ,,	,,
૧૧૪	,,	નથુમલ આલીમચંદ ,,	,,
૧૧૫	,,	સુંદરદાસ ટીકમદાસ ,,	,,

૧૧૬	,, હાકુમલ ગગનમલ	,,	,,
૧૧૭	,, કીસુમલ મોતીરામ	,,	,,
૧૧૮	,, ધનશ્યામદાસ હાસિમલ	,,	,,
૧૧૯	મુખી મગનમલ જેસામલ	જમીનદાર	નસરપુર સીંધ
૧૨૦	મી. તીલોકચંદ રામસીંગ	પેન્શનર	,,
૧૨૧	ભાઈ કેવલરામ શામદાસ	મરચન્ટ	,,
૧૨૨	,, શામદાશ કીમતરાય	,,	,,
૧૨૩	મી. પાહલુમલ ઉધામલ	,,	,,
૧૨૪	ભાઈ ટીકમદાસ મુલજીમલ	,,	,,
૧૨૫	,, ગોપાલદાસ એઈલમલ	,,	,,
૧૨૬	મી. ટેકચંદ કાલીચંદ	કલાર્ક	,,
૧૨૭	ભાઈ ચેલારામ માણીકરામ	,,	,,
૧૨૮	,, ખુશાલદાસ તીલુમલ	,,	,,
૧૨૯	દીવાન નારાયણદાસ		ન્યુ સકર તથા શીકારપુર
૧૩૦	મી. શીવલદાસ નારાયણદાસ	મરચન્ટ	સકર
૧૩૧	,, દારકાદાસ મેઘરાજ	,,	,,
૧૩૨	લાલા આલુમલ હાસાનંદ	,,	,,
૧૩૩	ડૉ૦ લેખરાજ	પ્રીઝીશીયન્સ	,,
૧૩૪	મી. કાશીરામ ભાણુચંદ	મરચન્ટ	,,
૧૩૫	,, હોટચંદ	વકીલ	,,
૧૩૬	,, ચાંદુમલ ખેમચંદ	વકીલ	,,
૧૩૭	,, વલ્લભદાસ પરમાનંદ	મરચન્ટ	,,
૧૩૮	,, જામરાય ઉતમચંદ	,,	,,
૧૩૯	,, હોટચંદ ઉતમચંદ	,,	ઓલ્ડ સકર
૧૪૦	મુનશી લધોમલ	કલાર્ક	,,
૧૪૧	મી. જીવણદાસ સીરૂમલ	મરચન્ટ	,,
૧૪૨	,, મુલચંદ વસનમલ	,,	લારખાના
૧૪૩	,, લધોમલ	મરચન્ટ	,,
૧૪૪	,, ચાંદુમલ	,,	,,
૧૪૫	,, કોડુમલ	,,	,,
૧૪૬	,, મેઘરાજ હરદાસમલ	કઠવાણી	રોહરી
૧૪૭	,, તેજુમલ મંધુમલ		,,

૧૪૮	,, પારસરામ બગુમલ		,,
૧૪૯	,, સતરામદાસ		,,
૧૫૦	,, વીશીનદાસ પંજનમલ		,,
૧૫૧	મુખી દેવનદાસ લાલદાસ જમીનદાર	મ્યુનીસીપાલ કમીશનર અને લોકલ બોર્ડના મેંબર	,,
૧૫૨	મી. તેજુમલ	પેન્શનર	,,
૧૫૩	લાલા ભગવાનદાસ	વકીલ	,,
૧૫૪	,, કીમતરાય	કન્ટ્રાકટર	,,
૧૫૫	ભાઈ પારસમલ	મરચન્ટ	,,
૧૫૬	,, અમારૂઓલમ	,,	,,
૧૫૭	,, સોભરાજ	,,	,,
૧૫૮	,, હશમતરાય	,,	,,
૧૫૯	લાલા ઘનશ્યામદાસ સીરૂમલ		,,

પરીશિષ્ટ क.

(વોલંટીયરો)

શ્રી ઓલ ઈન્ડીઆ ભાટીઆ કોન્ફરન્સ, ૧૯૧૩.

શ્રી. દામોદર વાઘજી કેપટન

,, જી. એ. કીકલા જનરલ લેફ્ટેનન્ટ

લેફ્ટેનન્ટસ.:

,, કરસનદાસ જેઠા
,, વલ્લભદાસ કલ્યાણજી
,, મગનમલ હીરાનંદ
,, થાવરદાસ દેવીદાસ
,, દલપતરાય ટેકચંદ
,, વિજયસિંગ ગોવિંદજી પુરેચા

મુંબઇની વોલીંટીયર ટીમ.:

,, જેઠાલાલ ચાંપસી સંપટ
,, જીવરાજ ગોકળદાસ નેણસી
,, જીવણદાસ મથરાદાસ સોરી
,, જમનાદાસ રતનશી વેદ
,, આણંદજી લાલજી વેદ
,, જમનાદાસ ગોકળદાસ નેણસી
,, હાલાઇ

શ્રી. ચંદુમલ રેવાચંદ	શ્રી. પરમાનંદ ભવાનીદાસ
,, થાવરદાસ ખેમચંદ	,, ખેમચંદ દેવીદાસ
,, વીસનજી સુંદરજી	,, મગનમલ કાકુમલ
,, ગોપાલદાસ ગોરધનદાસ	,, ગોરધનદાસ શેવારામ
,, માલજી વીશીનજી	,, મુલજી મોરારજી
,, હોટચંદ હીરાનંદ	,, નારાયણદાસ ગોપાલદાસ
,, ટેકચંદ લીરમદાસ	,, મથુરાદાસ ગોરધનદાસ
,, શેવારામ તેજનમલ	,, કુંવરજી લાલજી ચાપશી
,, આસનમલ મોતનમલ	,, મથરાદાસ દ્વારકાદાસ

શ્રી. નારાયણદાસ મેંઘરાજ
,, કરમચંદ નેભરાજ
,, ચતામલ કલ્યાણજી
,, રતનચંદ તારાચંદ
,, ચંદીરામ મુલચંદ
,, વીસુમલ આસામલ
,, ગ્યાનચંદ ટીકમદાસ
,, દયારામ વીશનદાસ
,, પરશોતમ ગોપાલદાસ

શ્રી. ટીકારામ ભગરમલ
,, ધમનમલ મુલચંદ
,, ખંભાદાસ વલ્લભદાસ
,, તીરથદાસ ધમનમલ
,, તોલારામ રમજુમલ
,, ચાંદુમલ રમણુમલ
,, લખુમલ રમણુમલ
,, નરસીંગદાસ એ. ડીકલા
,, નારાણદાસ એ. ડીકલા

સ્વયં સેવકો માટે ધારાઓ

૧. એક કેપ્ટન અમુક લેફ્ટેનન્ટો તથા જરૂર જોઇતા સભાસદોની મળીને એક સ્વયં સેવકોની મંડળી બનાવવામાં આવશે. વિદ્યાર્થીઓને પણ સભાસદો તરીકે દાખલ કરવામાં આવશે.

૨. સન્માન કારિણી કમીટી તરફથી કેપ્ટન તેમજ લેફ્ટેનન્ટો નીમવામાં આવશે.

૩. કમીટી તરફથી પુરા પાડવામાં આવેલા ચાંદો કેપ્ટન લેફ્ટેનન્ટસ તેમજ સભાસદોને ધારણ કરવા પડશે.

૪. મંડળીના સભાસદોને કોનફરન્સના કેમ્પમાં મફત ખાવાની તેમજ રહેવાની સગવડ કરી આપવામાં આવશે.

૫. મંડળીના સભાસદોએ કેપ્ટન લેફ્ટેનન્ટસ ઓફીસરો તેમજ કેપ્ટનના હુકમથી જે જે ડેલીગેટો સાથે તેઓને રાખવામાં આવશે તેના દરેક હુકમોને આધીન થવું પડશે.

૬. મંડળીના સભાસદોએ સવારે સાતે તથા સાંજના ૬ એ કેપ્ટનની ઓફીસે હાજર થવું પડશે, અને રજીસ્ટર ઉપર તેઓની ડયુટી નોંધાઇ ગયા પછી પોતાની ડયુટી પુરી થયા સુધી અથવા તો કેપ્ટનની રજા મળ્યા સુધી જઇ શકશે નહીં.

૭. મંડળીના સભાસદોને કોનફરન્સની બેઠકો વખતે આવવાની છુટ છે પરંતુ તેઓએ પોતાની ડયુટી છોડી કોઇ વખતે જવું નહીં અને જ્યારે ડયુટીમાં નહી હોય ત્યારે પણ હોલમાં ક્યાંય પણ નહી ઉભા રહેતાં તેમનાજ માટે ખાસ જુદી કાઢેલ બેઠકો ઉપરજ બેશી રહેવું પડશે.

૮. મંડળીના કોઇ પણ સભાસદો ડેલીગેટોના બ્લોકમાં તેમજ પ્લેટ ફોર્મમાં તેમજ જ્યાં વિષય વિચારક કમીટી મળી હશે ત્યાં જઇ શકશે નહિ ફક્ત જેઓ ડયુટી ઉપર હોય તેમને માટે છુટ છે.

૯. જયારે કોનફરન્સની બેઠકો ચાલતી હોય ત્યારે આ મંડળના કોઇ પણ સભાસદો બુમો, તાળીઓ, સીટીઓ, તથા પસંદગી અથવા નાપસંદગીનાં કોઇ પણ પ્રકારનાં અટકચાળાં તેમજ બુમો તેમજ બીજાને હરકત કે ગરબડ કરવી નહિં, તેમજ કોનફરન્સના કાર્યમાં કોઇપણ માણસ પ્રત્યે હરકત કરનારી વર્તણુંક ચલાવવી નહિં.

૧૦. જો આ મંડળનો કોઈપણ સભાસદ ખરાબ વર્તણુંક ચલાવશે અથવા તો કોઇપણ કાયદાનો ભંગ કરશે તો કેપ્ટનને તેની ચાલ ચલગત સંબંધમાં યોગ્ય લાગશે તેમ કરશે.

૧૧. બંદોબસ્ત રાખવા માટે રાખવામાં આવેલા માણસોએ પ્રેક્ષકને લગતા ધારાઓનો ભંગ થાય તો લેફ્ટેનન્ટને જાહેર કરવું.

(અ) લેફ્ટનન્ટ જે પ્રેક્ષક સંબંધી ફરીયાદ આવશે તેને ચેતવણી આપશે અને તેની ટીકીટ પડાવી લઇ તેને કાઢી મુકી ટીકીટ કેપ્ટનને સ્વાધીન કરશે.

(બ) આવી રીતે લેફ્ટેનન્ટ જે પ્રેક્ષકનું અપમાન કર્યું હોય તે તે દીવસની કોનફરન્સની બેઠકો પુરી થયા પછી કેપટનને પોતાની વર્તણુક જણાવી શકશે અને કેપટનને ટીકીટ પડાવી લેવાના તેમજ તેને યોગ્ય લાગે તેવી શરતે પાછી આપવાની સતા છે.

(સહી) ગોવરધનદાસ ખુશાલજી સુંદરજી

કરાચી- ,, મુલચંદ ટી. આસરપોટા

ડીસેંબર ૧૯૧૩ ,, નરસીંગદાસ કે જવેરી

ઓનરરી જનરલ સેક્રેટરીઓ

પરીશિષ્ટ ૯

સહાનુ ભુતિના તારો અને કાગળો

મુંબઇ; ૨૩ નવેમ્બર ૧૯૧૩

સંપુર્ણ ફતેહ ઇચ્છું છું.

(સહી) વિસનજી ખીમજી

કચ્છ માંડવી ૨૯મી નવેમ્બર ૧૯૧૩

અંતઃકરણથી તમોને ફતેહ ઇચ્છું છું

(સહી) રતનશી મુલજી

ખંભાલીઆ ૧૩ ડીસેંબર ૧૯૧૩

ગેરહાજરી માટે મહેરબાની કરી માફ કરજો....અંતઃકરણથી ફતેહ ઇચ્છું છું.

(સહી) જીવણદાસ.

વઢવાણ ૧૫ ડીસેંબર ૧૯૧૩

તમારા કાર્યમાં સર્વ પ્રકારની ફતેહ અંતઃકરણથી ઇચ્છું છું. નાદુરસ્ત સ્થિતિને લીધે મારી ગેરહાજરી માટે મહેરબાની કરી માફી આપશો.

(સહી) મકનજી વાલજી વેદ

મુંબઇ ૧૫ ડીસેંબર ૧૯૧૩

મારી વતી હીરાનંદને માન્ય કરશો. કોનફરન્સને સંપુર્ણ ફતેહ ઇચ્છું છું.

(સહી) દામોદરદાસ હેમનદાસ

નગરઠઠ્ઠા.

સલાયા ૧૫ ડીસેંબર ૧૯૧૩

ભાટીઆ કોનફરન્સ માટે સલાયાના ભાઇઓ મગરૂર છે અને દીલગીર છે કે તેઓ તેમાં ભાગ લેવાને પહોંચી શકશે નહિ. કોનફરન્સનો વિજય થાઓ એમ તેઓ ઇચ્છે છે. કોનફરન્સના ફંડમાં સલાયાના મહાજને મોકલેલા ૫૧ રૂપીઆ મહેરબાની સ્વીકારશો.

(સહી) કલ્યાણજી ભાણજી

મુંબઈ, ૧૫ મી ડીસેંબર ૧૯૧૩

ભાટીઆ કોનફરન્સને નીશાળનું મકાન તુરત આપજો.

(સહી) છબીના (મેસર્સ ગંગારામ ત્રીકમદાસ મુંબઇ)

મુબઈ ૧૬ ડીસેંબર ૧૯૧૩

લાચાર છું કે આવી શકીશ નહિ. કોન્ફરન્સને સંપુર્ણ ફતેહ ચાહું છું.

(સહી) દામોદરદાસ કેવળરામ

મુંબઇ, ૧૬ ડીસેંબર ૧૯૧૩

દીલગીર છું કે હાજર થઇ શકીશ નહિ. શારીરીક નહિ તો માનસીકપણે પણ અમે ભાગ લઇએ છીએ.

(સહી) પ્રાગજી વંદરાવન

મુંબઇ, ૧૭ ડીસેમ્બર ૧૯૧૩

હાજર થઇ શકીશ નહીં તે માટે અત્યંત દીલગીર છું. કોન્ફરન્સને મારી દીલસોજી છે.

(સહી) ગોરધનદાસ

મુંબઇ, ૧૭ ડીસેમ્બર ૧૯૧૩

આપના કાર્યમાં મારી સહાનુભુતિ છે.

(સહી) ખીમજી કુંવરજી

ભુજ, ૧૮ ડીસેમ્બર ૧૯૧૩

આ હીલચાલમાં મારી સંપુર્ણ સહાનુભુતિ છે. ફતેહ ઇચ્છું છુ.

(સહી) જાદવજી હંસરાજ
ચીફ મેડીકલ ઓફીસર, કચ્છ ભુજ.

મુંબઇ, ૨૨મી ડીસેંબર ૧૯૧૩

હાલમાં મુંબઇ છોડી શકતો નથી માટે બહુજ દીલગીર છું. ત્યાં મળેલા ભાઇઓને મારી વતી મુબારકબાદી ઇચ્છિશો. કોન્ફરન્સનો વિજય ઇચ્છું છું.

(સહી) તેરસી

મુંબઇ, ૨૩ ડીસેમ્બર ૧૯૧૩

કોનફરન્સનું કાર્ય ફતેહમંદીથી પાર પડે એમ ઇચ્છું છું.

(સહી) લક્ષ્મીદાસ વીશનજી લીલાણી

મુંબઇ ૨૩ ડીસેંબર ૧૯૧૩

ઓલ ઇંડીઆ ભાટીઆ કોનફરન્સની ફતેહ ઇચ્છું છું.

(સહી). મુલજી રણછોડ વૈદ

મુંબઇ ૨૩ ડીસેંબર ૧૯૧૩

કોનફરન્સને અંતકરણથી ફતેહ ઇચ્છું છું.

(સહી) જેઠાભાઇ વાલજી

મુંબઇ, ૨૩ ડીસેમ્બર ૧૯૧૩

કોનફરન્સની દરેક પ્રકારની ફતેહ ઇચ્છું છું

(સહી) ગોવીંદજી મેઘજી પુરેચા
સેક્રેટરી, મીત્રમંડળ.

કલકતા, ૨૩ ડીસેમ્બર ૧૯૧૩

મારી મુબારકબાદી સ્વીકારશો કોનફરન્સના દરેક હેતુઓ માટે મારી અંતઃકરણથી સહાનુભુતિ છે. જાતે નહી આવી શકવાથી દીલગીરછું પરંતુ મારા દીકરાને મોકલેલ છે.

(સહી) હરિદાસ ગોકળદાસ

મુંબઇ, ૨૩ ડીસેમ્બર ૧૯૧૩

આ કાર્યમાં અમારી અંતઃકરણની સહાનુભુઠિ સ્વીકારશો. દરેક પ્રકારની ફતેહ ઇચ્છું છું.

(સહી) ગોપાલદાસ અને રણછોડદાસ ત્રીકમજી

મુંબઇ ૨૩ ડીસેંબર ૧૯૧૩

કોનફરન્સને દરેક પ્રેકારની ફતેહ ઇચ્છું છું. કોમના હિતમાં વણુજહાર લાભની આશા રાખું છું.

(સહી) હંસરાજ પ્રાગજી ઠાકરશી

મુંબઇ ૨૩ ડીસેંબર ૧૯૧૩

મારી મુબારક બાદીનો મહેરબાનીથી સ્વીકાર કરશો. આપણી કોનફરન્સનો દરેક પ્રકારે વિજય ઇચ્છું છું.

(સહી) મથુરાદાસ ગોવીંદજી

મુંબઇ ૨૩ ડીસેંબર ૧૯૧૩

કોનફરન્સની સંપુર્ણ ફતેહ ઇચ્છું છું.

પ્રેમજી ચતુરભુજ

કલકતા ૨૩ ડીસેંબર ૧૯૧૩

ભાટીઆ કોનફરન્સના પ્રમુખ

કલકતાનું ભાટીઆ મહાજન કોનફરન્સને તેઓની ખરા અંતઃકરણની મુબારક બાદી આપે છે અને તેના પ્રશંસનીય કાર્યમાં સંપુર્ણ ફતેહ ઇચ્છે છે.

ગોપાલદાસ વેરેજી

કલકતા ૨૩ ડીસેંબર ૧૯૧૩

માંદગીને લીધે નહિ આવી શકવાથી ઘણોજ દીલગીર છું આપણી આ પહેલી કોનફરન્સની ફતેહ ઇચ્છું છું અને અંતઃકરણની મુબારકબાદી આપું છું.

નારણદાસ દયાળ પુરેચા

બનારસ ૨૪ ડીસેંબર ૧૯૧૩

સર્વે પ્રકારે સહાનુભુતિ છે. દરેક પ્રકારની ફતેહ ઇચ્છું છું.

રાવસાહેબ પરસોતમ ઉધ્ધવજી

કચ્છ માંડવી ૨૪ ડીસેંબર ૧૯૧૩

કોનફરન્સની મંડળ સંપુર્ણ ઇચ્છે છે. મારી અનિવાર્ય ગેરહાજરી માટે દીલગીર છુ.

દ્વારકાદાસ સેક્રટરી ભાટીઆ મંડળ

દીલ્હી ૨૪ ડીસેંબર ૧૯૧૩

પ્રમુખ સાહેબ

હાજર રહેવાની આતુરતા છતાં લાચાર છું કે આવી શકીશ નહિ. કોનફરન્સના કાર્યમાં મારી સહાનુભુતિ છે, અને દરેક પ્રકારની ફતેહ ઇચ્છું છું અને કોમી ફાયદા માટે આપ સઘળાઓએ જે પરિશ્રમ લીધો છે તે માટે આપનો આભાર માનું છું.

વલ્લભદાસ રણછોડદાસ

મુંબઇ ૨૪ ડીસેંબર ૧૯૧૩

મારી ગેરહાજરી માટે માફી આપશો. કોનફરન્સમાં પધારેલા મારા સ્વધર્મી ભાઈઓ પ્રત્યે મારી અંતઃકરણની મુબારક બાદી છે. સંપુર્ણ ફતેહ ઇચ્છું છું.

ખુબચંદ દામોદરદાસ

(મેસર્સ દામોદરદાસ કેવળરામવાળા)

તેરૂપુર ૨૪ ડીસેંબર ૧૯૧૩

કોનફરન્સના સર્વ આશયો માટે મારી અંતઃકરણની સહાનુંભુતિ અને ફતેહ ઇચ્છું છું. આ પ્રસંગે હું સુચન કરવાની રજા લઉં છું કે બાળલગ્નનો વિષય કોનફરન્સમાં ચર્ચાય અને યોગ્ય ઉમર પહેલાં સ્ત્રીઓને પોતાને સાસરે ન મુકવામાં આવે એવી દરખાસ્ત કરાય.

મથરાદાસ પરસોતમ આશેર

કચ્છ માંડવી ૨૪ ડીસેંબર ૧૯૧૩

મંડળ અંતકરણ પુર્વક ફતેહ ઇચ્છે છે અનિવાર્ય ગેરહાજરી માટે ક્ષમા કરશો.

ચતુરભુજ પ્રમુખ મંડળ

લાહોર ૨૪ ડીસેંબર ૧૯૧૩

અતકરણની મુબારકબાદી સ્વીકારશો અંતકરણથી ફતેહ માગું છું.

સેક્રટરી ભાટીઆ સભા

અમરતસર ૨૪ ડીસેંબર ૧૯૧૩

નિરૂપાયે રોકણ થઇ છે. કોનફરન્સનો વિજય થાવ એવી ઇચ્છા છે.

બાલમુકુન્દ ભાટીઆ અમરતસર

દેરા ઇસ્માઇલખાન ૨૪ ડીસેંબર ૧૯૧૩

મુબારકબાદી સ્વીકારશો.

ભાટીઆ મહાજન

મુંબઇ ૨૪ ડીસેંબર ૧૯૧૩

પ્રમુખ

ઓલ ઇંડીઆ ભાટીઆ કોનફ્રન્સ

કરાચી

અસ્વસ્થતાને લીધે નહીં આવી શકવા માટે દીલગીર છું. તમારા આશયો માટે મારો પુત્ર મારી ગેરહાજરીમાં અનુમતિ આપશે. અંતઃકરણની મુબારકબાદી સ્વીકારશો. આ મહાન સામાજીક કાર્યમાં પ્રભુ પાસે ફતેહ માટે પ્રાર્થના કરૂં છું.

ધમનમલ દેવકીશીનદાસ

જેસલમીર ૨૪–૧૨–૧૩

ગેર હાજરી માટે દીલગીર છું. કોનફ્રન્સની દરેક ફતેહ ઇચ્છું છું

મુરારજી સંપત

પીલીભીત ૨૬ ડીસેંબર ૧૯૧૩

આપણી કોનફ્રન્સમાં હાજર નહિં રહેવા માટે દીલગીર છું આપ સર્વેને ફતેહ ઇચ્છું છું.

ગુલાબરાય

સહાનુભુતિના પત્રો

મીરત ૨૭–૭–૧૩

વહાલા સાહેબ

× × × સંયુકત પ્રાંતના ભાટીઆઓ એક મતે કોનફ્રન્સની તરફે ણમાં છે.

આપનો ભાઇ

બિહારીલાલ

ઓ. સેક્રટરી ભાટીઆ એશોશીએનશ યુ. પી.

તા. ૨૫–૯–૧૪ મુંબઇ

ભાઇશ્રી,

મારા મંડળે ઓલ ઇંડીઆ ભાટીઆ કોનફ્રન્સને કરાચી સ્થળે ભરવાના વિચારને આવકાર સહીત વધાવી લીધો છે × × × × × ×

આ કોનફરન્સના પ્રેસીડન્ટ તરીકે રાવ સાહેબ લખમીદાસ રવજી સંપટ કે જેઓ અગાઉ જેસલમીરના દીવાન હતા અને હાલમાં જોધપુરના મુખ્ય જડજ તરીકે કામ કરે છે તેઓની ચુંટણી બધી રીતે ઇચ્છવા યોગ્ય છે એમ અમારૂં મંડળ ઇચ્છે છે.

આપણી કીર્તીવંત પ્રાચીન કોમના પુનરોદ્ધાર માટે આપ આ મહાન કાર્યમાં ફતેહમંદ નીવડો તથા આપણા દાદા શ્રી કૃષ્ણ આ સમારંભ યજ્ઞને ફતેહમંદીથી પાર પાડો એવુ ઇચ્છીએ છીએ.

આપનો વિશ્વાસુ
પ્રભુદાસ કેશવજી
ઓનરરી સેક્રેટરી
યદુ વંશી ભાટીઆ મિત્ર મંડળ મુંબઇ

તા. ૧૯-૧૦-૧૩ મોરબી (કાઠીઆવાડ)

ભાઇશ્રી,

આપના ફરમાન મુજબ મહાજનની એક સભા અમારા મકાનમાં ભરવા માં આવી હતી, અને કોનફરન્સના કાર્ય સંબધમાં નીચેના ઠરાવો પસાર કરવા કરવામાં આવ્યા હતા.

(૧) આ યોજનાનો સમારંભ કરનારને મહાજન મુબારકબાદી આપે છે અને કોનફરન્સની ફતેહ ઇચ્છવાની સાથે એમ પણ ઇચ્છા ધરાવે છે કે કોમ ના ભલા માટે આ કોનફરન્સ કાંઇક વ્યવહારીક પગલાં લેઇ શકશે.

(૨) કોનફરન્સ જે ધારા ધોરણ પસાર કરે તે મહાજનને કબુલ મંજુર છે.

આપનો ભાઇ
વીઠ્ઠલદાસ ચાંપસી
સેક્રેટરી ભાટીઆ મહાજન

ઓરીએન્ટલ બીલ્ડીંગ્સ હોર્નબી રોડ કોટ
મુંબઇ, તા. ૨૭-૧૧-૧૩

વિ. આપના તરફથી મારા ઉપર આમંત્રણ પત્રિકા આવી, તેની પહોંચ સ્વીકારતાં, જ્ઞાતિની ઉન્નતિ માટે કંઇક સર્વમાન્ય માર્ગ ઉપર આવવાની આવશ્યકતા છે, તે શુભ હેતુ પાર પાડવાને, જે પ્રારંભ કરવામાં આવે છે, તે કોનફ્રન્સના કાર્ય તરફ મારી પુર્ણ સંમતિ છે અને કોનફ્રન્સના સમય ઉપર, મારે

શ્રી કલકત્તે જવાની ઘણીજ જરૂર છે, તેથી દીલગીર છું કે, મારાથી કોનફરન્સ ના કાર્યમાં ભાગ લઇ શકાશે નહિ, છતાં કોનફરન્સના કાર્યનો હું સર્વાંગે વિજય થાય એમ ઇચ્છું છું, અને જ્ઞાતિના શ્રેયને માટે આ કોનફરન્સ સ્થાપવાને આપે તથા રીસેપશન કમીટીના ભાઇઓએ જે શ્રમ લીધો છે, તે માટે આપ સર્વેને મોટો ધન્યવાદ ઘટે છે. એજ. કોનફરન્સના ફંડમાં મેં તથા મારા ભાઇ તરફથી રૂા. ૫૦૧) અત્રેના ભાટીઆ મિત્રમંડળ મારફતે મોકલાવ્યા છે તે આપ ને મળી ચુકયા હશે.

લી. શુભ ચિંતક

ગોવરધનદાસ ખટાઉના

જેગોપાલ વાંચશોજી

નાં. ૩ વાલેસ સ્ટ્રીટ, કોટ

મુંબઇ, તા. ૨૯–૧૧–૧૩

સાહેબ,

આપનો ગઇ કાલનો તાર મને ગઇ કાલે પહોંચ્યો હતો. તેમાં ભાટીઆ કોનફરન્સનું પ્રમુખ સ્થાન લેવાને રીસેપશન કમીટી મને અરજ કરે છે એવું જણાવવામાં આવ્યું હતું, જેના જવાબમાં મેં ગઇ કાલેજ આપને તાર કરી જણાવ્યુ હતું કે મારી નાદુરસ્ત તબીયતને લીધે પ્રમુખ સ્થાન લઈ નહિ શકતો હોવાથી અતિષય દીલગીર છું અને કોનફરન્સને દરેક ફતેહ ઇચ્છું છું અને હવે આપને જણાવવાની રજા લઉં છુ કે મારી વૃદ્ધા અવસ્થાને લીધે અને કેટલોક વખત થયાં તબીયત નાદુરસ્ત રહેવાને લીધે શરીરમાં નબળાઇ ઘણી થઇ જવાથી તમે જે આપણા ભાટીઆ કોનફરન્સનુ પ્રમુખ સ્થાન આપવાની માગણી કીધી તેનો હુ સ્વીકાર કરી શકયો નથી માટે મને ક્ષમા કરશો.

લી. સેવક

વિસનજી ખીમજી

મુંબઇ ૨૯–૧૧ ૧૩

વહાલા સાહેબ

૦ ૦ ૦ ૦ અને હું કોનફરન્સને દરેક ફતેહ ઇચ્છું છું.

આપનો

(સહી) વિસનજી ખીમજી

જોડીઆ, તા. ૩–૧૨–૧૩

વી. પી. કે આપના તરફથી પત્ર ૧. આંહીના ભાટીઆ મહાજન ઉપર મોકલ્યો તે પહોંચ્યો છે આંહી તરફથી ડેલીગેટ તરીકે જે ગ્રહસ્થો આવવાના હશે તેઓનાં નામ આપને લખી જણાવશું. તેઓની ફી તરીકેના રૂપીઆ અગાઉથી મોકલી આપીશું એજ વીનંતી સં. ૧૯૭૦ના માગશર સુદ ૭ શુક્રવાર. આ કોનફ્રન્સનું આપે જે સ્તુતી પાત્ર કામ કર્યું છે તે માટે આપનો આભાર માનવામાં આવે છે અને આપણું કામ ફતેહમંદીથી પાર ઉતરે એવી ઇશ્વર પાસે અમારી પ્રાર્થના છે.

અમો છીએ,
આપના હિતેચ્છુ અને આભારી
પોપટ કચરા આશર
કલ્યાણજી ખીમજી નેગાંધી

વિલે પારલે પોસ્ટ અંધેરી
મુંબઈ, તા. ૫–૧૨–૧૩

ઓલ ઇંડીઆ ભાટીઆ કોનફ્રન્સનું આમંત્રણ આવ્યું તે માટે આપનો ઉપકાર માનું છું. કેટલાક અનિવાર્ય કારણથી કરીને હું તેમાં હાજરી આપી શકીશ નહિ. તેથી ક્ષમા ચાહું છું. તો પણ આપણા આ કાર્યમાં મારી દીલસોજી છે. અને ઇશ્વર આપને એ કાર્યમાં દરેક રીતની ફતેહ આપે એવું હું ઇચ્છું છું.

લી. ગોવરધનદાસ ગોકલદાસ તેજપાળ

રા. સા. ખીમજી કુંવરજી તરફથી મેમો

રાવ સાહેબ કુંવરજી ખીમજી કરાચીમાં ભરાતી શ્રી અખિલ ભારત વર્ષીય ભાટીઆ કોનફ્રન્સની સન્માન કારિણી કમીટીની આમંત્રણ પત્રિકા આભાર સહીત સ્વીકારે છે, અને કોનફ્રન્સના ઉમદા આશયોની સાથે સહાનુભુતિ દર્શાવિતાં કોનફ્રન્સમાં બીજા જરૂરી કામોને લીધે હાજર રહેવાની પોતાના અશક્તિ માટે દીલગીરી બતાવે છે.

આપણા લોકો હિંદના બધા ભાગોમાં વેરાએલા છે, જેમની સાથે આપણો સંબંધ લાંબો વખત થયાં તુટી ગયો છે. મુંબઇ એ ભાટીઆઓનું મધ્ય બિંદુ છે અને અહીં તેઓ સંપથી જોડાએલા નથી. મેળવવા ધારેલ કોનફરન્સ વખતસરનું થઈ પડશે અને અમે તેને અંતકરણ પુર્વક આવકાર આપીએ છીએ. મને કોનફરન્સમાં હાજર થવાનું ગમે છે, પણ સ્થળ દુર હોવાથી અટકી જવું પડે છે છતાં હું કોનફરન્સને દરેક ફતેહ ઇચ્છું છું અને ઇશ્વરને પ્રાર્થના કરૂં છું કે કોમમાં સંપ અને સુધારાની વૃદ્ધિ થાય.

(રેડ સી. એરેબીઆ)

એડન થઇને

હોદેદા, તા. ૧૧મી ડીસેમ્બર ૧૯૧૩

તમારી કરાચીથી લખેલી તા. ૨૧મી નવેમ્બરની આમંત્રણ પત્રિકા મળી છે. વાંચી ઘણો આનંદ થયો છે.

તમોએ આપણી જ્ઞાતિના સુધારા અર્થે જે સ્તુતિપાત્ર પગલાં ભર્યાં છે તે જાણી મને ઘણી ખુશાલી થઈ છે. અને ઇચ્છું છું કે પરમાત્મા તમોને તમારા આ શુભ કાર્યમાં દરેક રીતે ફતેહ આપે. તથાસ્તુ !

જામનગર ૧૯-૧૨-૧૩

અફસોસકારક બીના છે કે આપણા જ્ઞાતી ભાઇઓ હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે આપણી જાણ બહાર પથરાયલા છે, જેની સાથે આપણો બીલકુલ વહેવાર નથી અને મુંબઇ કે જ્યાં આપણો મોટો સમુહ છે ત્યાં કેટલાક વાદ વિવાદથી આપણી જ્ઞાતિમાં ભાંગફુટ પડી છે તે બધું સુધારવાનું કામ આ કોનફરન્સમાં થઇ શકશે. માટે આ સવેળાનું પગલું ઘણું આવકાર દાયક છે.

મારૂં મન બહુ થાય છે કે તમારા આમંત્રણને માન આપી આ કોનફરન્સમાં ભાગ લઉં પણ હું ઘણો દુર દેશાવર છું. તેથી લાચાર છું.

છેવટે હું દરેક રીતે આ ઉત્તમ કાર્યને સફળતા ઇચ્છું છું. અને આપણી જ્ઞાતિમાં સંપ અને સારા સુધારા થવા પામે એમ પરમાત્મા પાસે માગું છું.

લી. સેવક

દેવીદાસ જેઠા સ્વામીના

જેગોપાલ વાંચશોજી

વ્હાલા સાહેબ | મુજફ્ફરગઢ, તા. ૧૧-૧૨-૧૩

.... કોનફ્રન્સની ફતેહ ઇચ્છીએ છીએ.

(સહી) બી. આર. સોની, ભાટીઆ
હેડકલાર્ક
ટ્રેઝરી ઓસીસ

સાહેબો, | જામનગર, તા. ૧૯-૧૨-૧૫

આપણી કોમના ભવિષ્ય માટે સતત પ્રયાસ ચલાવવાની હીલચાલમાં ભાગ લેવાને શક્તિમાન થવા માટે હું મારા બીજા આનંદોનો ખરેખર ભોગ આપી શકું છું. પરંતુ મુશ્કેલી એ છે કે અહીંના જુડીશીઅલ ડીપાર્ટમેન્ટના મુખ્ય ખાતાના મારા બીજા બે સહાયકોને બીજા કામમાં રોકેલ હોવાથી મારે ત્રણે કોર્ટનું કામ ચલાવવુ પડે છે......... તેટલામાટે આપણી જાતિની આ પ્રથમ અખિલ ભારતવર્ષીય કોનફ્રન્સમાં (ગમે તેટલી તીવ્ર ઇચ્છા છતાં) ભાગ લેવા જાતે શક્તિમાન થવુ તે મારી સત્તાની બહાર છે. છતાંપણ આ મહાન સંમેલનને દરેક પ્રકારની ફતેહ મળે તેવું ઇચ્છું છું અને પરીણામમાં આપણી કોમના જુદા જુદા વિભાગો જે આખા હિંદુસ્તાનમાં વેરાઇ ગયેલ છે તેને એકત્ર બનાવવા કાંઇકને કાંઇક કરવામાં આવશે એવું ધારૂં છું. આપના ઉમદા પ્રયાસો માટે સહાનુભુતિ દર્શાવતો તથા ફતેહ ઇચ્છતો.

આપનો
દ્વારકાદાસ એલ સરઇયા

સાહેબજી, | રાજકોટ, ૧૩-૧૨-૧૯૧૩

મને હમણાં પેટનું દરદ લાગુ પડયું છે. અને તેટલામાટે લાંબી મુસાફરી કરવાને તદ્દન અશકત છું. જો આ અશક્તિ લાગુ ન પડી હોત તો આવી જાતની આ પહેલીજ કોનફ્રન્સ હોવાથી મને કૃત કૃત્ય માની ખુશીથી તેના કાર્યમાં ભાગ લેત. આશા રાખું છું કે આપ સઘળા મળી કાંઇક એવું નક્કર કાર્ય કરશો કે જે શાશ્વત ફળ લાવી શકે, કોનફ્રન્સની અંતઃકરણથી ફતેહ ઇચ્છતો

હું છું
આપનો હંમેશનો વિશ્વાસુ
(સહી) દુલભજી ડી. વેદ

લાહોર, નીસબત રોડ,

તા. ૧૫ ડીસેંબર ૧૯૧૩

વડીલ બંધુઓ

૧૨મી નવેંબરનો આપનો પત્ર મળ્યો, વાંચી ઘણોજ આનંદ થયો છે. ભાટીઆ કોમની હરેક વ્યક્તિએ સમસ્ત ભારતવર્ષના ભાટીઆઓને એક બીજાના વ્યવહારીક સંબંધમાં લાવવાના આપના પુજ્ય પ્રયાસો માટે પોતાને ઉપકૃત થએલ માનવું જોઈએ. માણુસ જે કાંઇ ઉમદા કૃત્ય કરી શકે તેમાં એકજ સાંકળના અંકોડા માફક કોમની જુદી જુદી વ્યક્તિઓના અંતઃકરણોને લોહી અને ભ્રાતૃભાવની સાંકળથી જોડી દેવાની પવિત્ર ઇચ્છા કરતાં બીજું વધારે માન ને પાત્ર નથી. સામાજીક તેમજ વ્યવહારીક બાબતોમાં બીજી સુધરેલી કોમોની હારમાં ભાટીઆ કોમને લાવવાનો પ્રશ્ન ખરેખર બહુજ અગત્યનો છે. જો જુદી જુદી કોમો જોઇતા સુધારાઓ દાખલ કરવાને કમરકસી તઇયાર થશે તો આપણે સર્વ શકિતમાન પ્રભુની કૃપાથી સમસ્ત હિંદુસ્તાનની, પ્રાચીન સ્થિતિ જેવી જ પોતાની સ્થિતિને કરવાને તેમજ પોતાની ભુતકાળની કીર્તી તેમજ પ્રતિષ્ટાને પાછી મેળવવાને, પોતાની નસોમાં એકજ લાગણી અને ઉમળકાથી એકત્ર બનેલું જોઇ શકીશું. યોગ્ય સમયે આપને જે સારો વિચાર આવ્યો છે તેને માટે તથા આપે જે સુકાર્ય હાથમાં લીધું છે તેને માટે હું તમોને મુબારકબાદી આપું છુ. મને સંપુર્ણ આશા રહે છે કે તમારા પ્રયાસોના પરિણામમાં તમોને ફતેહ મળશે અને હું સર્વ શકિતમાન પ્રભુને પ્રાથના કરૂ છું કે આ પવિત્ર કાર્યમાં આપને ફતેહ મળે.

(૨) તમારો તાર મને ચાર દીવસ પહેલાં પહોંચ્યો હંતે. આજ માનની ૧૪મી તારીખે મારા મકાનમાં ૫૦ જાગ ભાટીઆઓની એક મીટીંગ મળી હતી જેમાં ઓલ ઇંડીઆ ભાટીઆ કોનફરન્સ માટે ૨૨ ડેલીગેટો ચુંટાયા છે હું પણ આ પ્રસંગે ભાગ લેવાની આશા રાખુ છું અને કોનફરન્સના ખર્ચ માટે મારી નમ્ર ભેટ તરીકે ૫૧) રૂપીઆની ચેક આ સાથે બીડું છું.

આપનો વિશ્વાસુ

(સહી) ડૉ. હીરાલાલ એલ. એમ. એસ ----

મુંબઇ તા. ૧૫-૧૨-૧૩

મહાશય,

મારા છેલ્લા પત્રમાં મેં જણાવ્યું હતું કે હું કોનફરન્સમાં હાજર થઇશ તેના સંબંધમાં મારે જણાવવાનું કે આજના કામ પ્રમાણે તો મને એમ જણાયં છે કે મારી શકિત બહારના અમુક સંજોગોને લઇને હું હાલ થોડા દીવસને માટે મુંબઇ છોડી શકીશ. નહી. આ માટે હું અત્યંત દીલગીર છું તે માનશો. કોનફરન્સને ફતેહ ઇચ્છું છું એ કહેવાની કાંઈ જરૂર છે?

આપનો વિશ્વાસુ

(સહી) લક્ષ્મીદાસ રવજી તેરસી

વહાલા સાહેબ,

ગઇ કાલનો આપનો તાર જેમાં કોનફરન્સમાં મારી હાજરી થવાની ઇચ્છા બતાવવામાં આવી છે તે માટે આપનો આભારી છું.

ધંધાના કારણુસર મારે તા. ૨૩ મીએ અમદાવાદ જવું પડે તેમ હોવાથી હું કોનફરન્સમાં હાજર થઇ શકીશ નહિ, જે માટે હું બહુ દિલગીર છું.

આ કોનફરન્સને હુ દરેક ફતેહ ઇચ્છુ છું, અને આશા રાખુ છું. કે ભાટીઆ ભાઇઓ દર સાલ હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં એકવાર મળવાનો નિશ્ચય કરશે. કોનફરન્સના પ્રમુખને મારી શુભેચ્છાઓ જણાવવાની મહેરબાની કરશો

કોનફરન્સને ફરીથી ફતેહ ઇચ્છતો

હું છું, આપનો

(સહી) સુંદરદાસ નારાયણદાસ

મુંબઈ, સ્વદેશી ટાઇમસ

તા. ૧૭-૧૨-૧૯૧૩

વહાલા સાહેબો,

કોનફરન્સમાં હાજર થવાને બનતો પ્રયત્ન કરીશ આપને દરેક ફતેહ ઇચ્છુ છું.

આપનો

(સહી) પમાણી

નં. ૩ ટેમેરીંડ લેન
મુંબઇ તા. ૧૭-૧૨-૧૩

વહાલા સાહેબો

આપની માગણી અનુસાર હાલમાં હું ત્યાં આવવાને અશક્ત છું કારણ કે હાલનો નાણા સંબંધી મામલો તેમજ કામના દબાણને લઇને હાલમાં એક દીવસ માટે પણ મુંબઈ છોડવું મારે માટે સલાહ ભરેલું નથી. આપણી કોનફ્રન્સને ફતેહ ઇચ્છતો,

આપનો વિશ્વાસુ
(સહી) લાલજી નારાયણજી

મુંબઇ તા. ૧૭-૧૨-૧૩

વહાલા સાહેબ,

કામના દબાણને લીધે હાજર નહિ થઇ શકાય તે માટે દિલગીર છું. રી સેપશન કમીટીના મેંબરોને મારા તરફથી અંતઃકરણની મુબારકબાદી આપશો.

આપનો સાચો
વિઠલદાસ દામોદર ઠાકરસી

મુંબઇ તા. ૧૭-૧૨-૨૩

વહાલા સાહેબ

....ખાનગી કારણોસર કોનફ્રન્સમાં હાજર રહેવાની અશકિત જણાવવી પડે છે તે માટે દિલગીર થાઉં છું. આશા છે કે તેમાં તમો મને માફ કરશો.

આપનો સાચો
(સહી) નારાયણદાસ ઠાકરસી મુળજી

જામખંભાલીઆ તા. ૧૮-૧૨-૧૯૧૩

વહાલા સાહેબો

અહીંના મહાજનના શેઠીઆઓએ મને જણાવ્યું છે કે તેઓએ મી. લા લજી લક્ષ્મીદાસ અને બીજા બે મસ્કતના ગ્રહસ્થોને કોનફ્રન્સમાં હાજર થવા ને જણાવ્યું છે. કોનફ્રન્સ માટે પુર્ણ ફતેહ ઇચ્છતો.

હું છું સાહેબ
આપનો
(સહી) જીવણદાસ ડી. સરૈયા

મુંબઇ તા. ૧૯-૧૨-૧૩

વહાલા સાહેબ,

કોનફરન્સમાં હાજર થવું એ હું મારી એક ફરજ સમજું છું, અને તેમ કરવાને મારાથી બનતું કરીશ.

તમારો સાચો

(સહી) દ્વારકાદાસ ગોરધનદાસ

મુંબઇ તા. ૧૯-૧૨-૧૩

વહાલા સાહેબ

કોનફરન્સની મીટીંગમાં હાજર થવું, તે હું એક મારી ફરજ સમજું છું અને તેમ કરવાને બનતો પ્રયત્ન કરીશ.

આપનો વિશ્વાસુ

(સહી) હંસરાજ પ્રાગજી ઠાકરસી

વહાલા સાહેબ

જણાવવાને દીલગીર છું કે કામના દબાણને લીધે હાલમાં હું મુંબઈ છોડી શકતો નથી. કોનફરન્સ માટે દરેક ફતેહ ઇચ્છું છું.

આપનો વિશ્વાસુ

(સહી) હંસરાજ પ્રાગજી ઠાકરસી

રોરી, તા. ૨૨-૧૨-૧૩

વહાલા સાહેબ,

કરાંચીમાં ભરાતી કોનફરન્સમાં હાજર થવાને હું અશક્ત છું એમ જણાવતાં મને દીલગીરી થાય છે કારણકે ત્યાંની હવા જરા ભીનાશવાળી હોઇ મારી ચાલુ શારીરીક સ્થિતિને હાનીકારક છે; મને હમણાંજ સાંધાનો રોગ લાગુ પડેલ હતો. હું તમોને દરેક ફતેહ ઇચ્છું છું

હું છું

આપનો વિશ્વાસુ

(સહી) દારકાદાસ લાલદાસ

મુંબઇ, તા. ૨૨-૧૨-૧૯૧૫

મહાશયો,

જો ધંધોજ મને અટકાવતો હોત તો ઇચ્છા હોય ત્યાં ઇલાજ થઇ શકે છે, પણ મારી બાબતમાં મારા સસરાના મૃત્યુથી તેમજ તે સંબંધી બીજા કામોને લઇને હાલમાં થોડા દીવસો સુધી બહાર ગામ માટે નીકળવાનું મારે માટે અસંભવિત છે. અને તમો ખરૂંજ માનજો કે મારે માટ મુંબઇ બહાર નીકળવાનું સાવ ન બની શકે તેમ છે.....

મારા તા....ના તારને હું ફરીથી ટેકો આપું છું જે નીચે મુજબ છે "આભાર થયો; અત્યંત દીલગીર છું કે હાલ મુંબઈ છોડી શકતો નથી. મહેરબાની કરીને એકઠા થએલા ભાઇઓને મુબારકબાદી આપશો કોનફરન્સને દરેક ફતેહ ઇચ્છું છું.

કોમી જરૂરીયાતો સંબંધી બાબતો માટે વિચાર ચલાવવાને એકત્ર થયેલ મારા દરેક ભાઇઓને મુબારકબાદી ઇચ્છી મને આભારી કરશો! અને હું આ ઓલ ઇંડીઆ ભાટીઆ કોનફરન્સને ફતેહ ઇચ્છું છું એમ કહેવાની કાંઇ જરૂરનથી. હું હાજર થઇ શકતો નથી તે માટે દીલગીર છું, પરંતુ તમારા કાર્યક્રમમાં મને હાજર રહેલો માનશો.

આપનો વિશ્વાસુ

(સહી) લક્ષ્મીદાસ રવજી તેરસી

ટેમપુર, તા. ૨૪-૧૨-૧૯૧૫

વહાલા સાહેબ,

કોન્ફરન્સના કાર્યવાહકોને અંતઃકરણથી મુબારકબાદી આપું છું અને કોન્ફરન્સની ફતેહ ઇચ્છું છું અને આશા રાખું છું કે કોન્ફરન્સ એક મત થઇ કન્યા વિક્રયનો ઘણોજ શરમ ભરેલો અને હાનીકારક રીવાજ નાબુદ કરવાનાં, અને દરેક ભાટીઆઓના હાથમાં આપણો પ્રાચીન ઇતીહાસ મુકવાનાં વસ્તિપત્રક તૈયાર કરાવવાનાં આપણી જ્ઞાતિની અવનતિના કારણો શોધી કાઢવાનાં અને કેળવણી તેમજ દરીયાઈ મુસાફરી સંબધી બાબતોને ઉત્તેજન આપવાનાં તેમજ આગળ વધારવાના પગલાં લેશે. નજીકના ભવિષ્યમાં આ ઉમદા હેતુઓ ફળીભુત થવાની ચિંતાપુર્વક રાહ જોનો

(સહી) પરસોતમ દામોદર આશેર

કચ્છ—માંડવી તા. ૨૪-૧૨-૧૩

સાહેબ

જત મારા પુજ્ય કાકા ઠા. લક્ષ્મીદાસ ખીમજી ટોપરાણી (ઠા. વીરજી રતનશીવાળા) તરફથી મને જણાવવાની ફરમાશ થઇ છે કે મેનેજીંગ કમીટીનાં આમંત્રણને સ્વીકારી આ કોનફરન્સમાં તેઓ પોતે ભાગ લઇ શકયા નથી તેથી તેઓ દીલગીર છે. તેઓ આ કોનફરન્સ તરફ પોતાની અંતઃકરણ પુર્વક દીલસોજી જાહેર કરે છે; અને દરેક રીતે આ કોનફરન્સને ફતેહ ઇચ્છે છે.

લી. મેઘજી રણછોડદાસ ટોપરાણી

પરીશિષ્ટ ચ

સરકયુલર નં. ૧

મુંબઇ બજાર, શ્રી કરાચી, તા. ૪થી ડીસેમ્બર સને ૧૯૧૩

મહેરબાન ભાઇઓ,

ઓલ ઇંડીઆ ભાટીઆ કોનફરન્સ કે જે ચાલતા માસની તા. ૨૪ તથા ૨૫મીએ ખાલકદીના હોલમાં કુશાદે મકાનમાં શ્રી કરાચી ખાતે મળનાર છે તેની અંદર ભાગ લેવા માટે આપના તરફથી ડેલીગેટ ભાઇઓને ચુંટી કાઢવા તથા તેની અંદર કયા કયા વિષયો ચર્ચાવવા તે માટે આપને અગાઉ તા. ૨૧-૧૧-૧૩ ને રોજ આમંત્રણ પત્રિકા મોકલવામાં આવેલ છે. ઉમેદ છે કે તે પ્રમાણે આપ અત્યાર પહેલાં તે બાબત ઉપર વીચાર ચલાવી અમોને ખબર આપી ચુકયા હશો, અને નહિ તો વખત ઘણોજ થેડો હોવાથી કૃપા કરી આ કામ સાર્વજનીક હીતનું છે તે લક્ષમાં રાખી તાકીદે હાથ ધરશોજી.

કોનફરન્સમાં હાજર થનાર ડેલીગેટ ભાઇઓના નામો તા. ૧૫મી ડીસેમ્બર સુધીમાં આવી ગએથી અમારા કામને ઘણી સગવડતા થશે.

કોનફરન્સમાં ચર્ચા કરવાના વિષયો પણ ઘણાજ તાકીદે મોકલી આપવા કૃપા કરશોજી. (ચર્ચા કરવાના વિષયોમાં ધાર્મીક રાજયદ્વારી અને વીધવા વીવાહ જેવા મતભેદ કરાવનાર વિષયો હાથ ધરવામાં આવશે નહિ)

કોઇ પણ ડેલીગેટ ભાઇને કોઈ પણ જાતની ખાસ સગવડની જરૂર હોય તો તેણે તે બાબતસર તા. ૧૫ મી ડીસેમ્બર સુધીમાં ખબર આપવી એટલે તે પ્રમાણે બની શકતી ગોઠવણો કરી શકાય.

ડેલીગેટ થઇ આવનારા ભાઇઓ તેમજ મુલાકાત લેનારા વિઝીટરના ઉતારા માટે પાકી બાંધણીના ઘરોનો દરેક જાતનો બંદોબસ્ત કરવામાં આવેલ છે અને તે ભાઇઓને તેમજ મુલાકાત લેનારા વિઝીટરોને જમવા તથા રહેવા વિગેરેની સગવડતા માટે કોઇ પણ જાતનું લવાજમ ન લેતાં તેમને પુરતી સગવડતામાં રાખવા માટે દરેક બંદોબસ્ત થઇ ગએલ છે.

ડેલીગેટ તેમજ વિઝીટર થઇ આવનારા ભાઇઓ સ્ટીમર અથવા રેલ્વે રસ્તે આવતાં જો આવી પહોંચવાના અગાઉથી તાર અથવા પત્ર મારફતે ખબર આપશે તો તેઓને બંદર ઉપર તેમજ સ્ટેશન ઉપર ઉતરવાનો દરેક બંદોબસ્ત કરવામાં આવશે.

ફીના ઠરાવમાં કરવામાં આવેલો ફેરફાર.

ડેલીગેટ ભાઇઓની ફી રૂા. ૨) કાયમ રાખીછે, અને માત્ર જોવા આવનાર ભાઇઓ (વીઝીટરો) પાસેથી કાંઇ પણ ફી નહીં લેવાનો ઠરાવ કરવામાં આવેલ છે.

લી૦

ગોવર્ધનદાસ વિ. મોરારજી,
મુલચંદ ટી. આસંરપોટા.
ઓ. જનરલ સેક્રેટરીઓ

ચેતવણી:—આ મહીનામાં અહીંઆં ઠંડી જરા વિશેષ હોવાથી આવનાર ભાઇઓએ પોતાની સાથે જોઇતાં કપડાં તથા બીછાનું પુરતું લાવવુ.

તા. ક.:—તા ૧૫મીથી રેલ્વે તેમજ સ્ટીમર કંપનીવાળાઓ ઓછે ભાવે કરાંચી માટે ટીકીટો આપશે.

પરીશિષ્ટ છ.

રીસેપશન કમીટીની એક સ્પેશીઅલ જનરલ મીટીંગનો હેવાલ

ભાટીઆ કોનફરન્સની રીસેપશન કમીટીની એક ખાસ જનરલ મીટીંગ તા. ૮મી નવેંબરને રવિવારે મુંબઇ બજારમાં શેઠ મુલજીમલ મધુમલના મકાનમાં મળી હતી જે વખતે નીચેના ગ્રહસ્થો હાજર હતાઃ—

(૧) શેઠ ગોવરધનદાસ મોરારજી સુંદરજી
(૨) મી. લાધારામ આસુમલ
(૩) મી. સેવારામ વિસનદાસ અસરપોટા
(૪) મેસર્સ મોરારજી વેલજીવાલા ભાઈ મેઘજી
(૫) શેઠ હરીદાસ લાલજી લખમીદાસ
(૬) મી. ટીકમદાસ બુધરમલ
(૭) શેઠ રૂપચંદ રૂગનાથ
(૮) ભાઈ લધુમલ ધનશ્યામદાસ
(૯) ભાઈ વલભદાસ ઓધવજી
(૧૦) મી. આણંદજી વિસનજી
(૧૧) ઠાકુર ધમનમલ ફતેહચંદ ગાજરીઆ
(૧૨) મી. ગોવરધનદાસ આસનમલ કીકલા
(૧૩) મી. રામચંદ જેઠાનંદ ગાજરીઆ
(૧૪) ભાઇ વલભદાસ કલ્યાણજી
(૧૫) મી. મુલચંદ ખટુમલ
(૧૬) મી. ઉતમચંદ પીતાંબરદાસ
(૧૭) ભાઇ સેવનમલ સતુમલ
(૧૮) મી. મધનમલ હીરાનંદ
(૧૯) મી. મુળચંદ થાવરદાસ અસરપોટા સેક્રેટરી
(૨૧) રા. સા. લખમીદાસ રવજી સંપટ બાર એટલો (એકસ ઓફીસીઓ મેંબર)

ઠાકુર ધમનમલ ફતેહચંદ ગાજરીઆને પ્રમુખ પદ આપવામાં આવ્યું હતું.

સેક્રેટરી મી. મુળચંદ આવરદાસ અમરપેટાએ જુલાઈ ૧૯૧૪માં મળેલી મીટીંગની મીનીટ વાંચી સંભળાવી.

તે પછી મીટીંગે કરવાના કામોની નીચેની તપસીલ મી. ગોરધનદાસ મોરારજી સેક્રેટરીએ વાંચી સંભળાવી.

(૧) કોનફરન્સના બાકી જે પઇસા કમીટી આગળ રહ્યા છે તેની શું વ્યવસ્થા કરવી ?

(૨) ૧૯૧૩ માં ભરવામાં આવેલી ભાટીઆ કોનફરન્સ અને તેના પ્રમુખની યાદગીરીમાં કાંઇક કાયમનું કાર્ય ઉભું કરવા વિષે વિચાર કરવો.

(૩) કરાચીની ૧૯૧૩ ની અખીલ ભારત વર્ષીય ભાટીઆ કોનફરન્સની તથા તેના પ્રમુખ રાવ સાહેબ લક્ષ્મીદાસ રવજી સંપટ બારીસ્ટર એટ-લો, જોધપુરના મુખ્ય ન્યાયાધિકારી, અને જેસલમીર રીજન્સી કાઉંસીલના માજી મેંબર તેમના સ્મારક માટે એક ગ્રહસ્થ તરફથી રૂા. ૫૦૦ ની ઓફર થઇ છે તે તથા કોનફરન્સના ફંડમાંથી ફાજલ પડી શકે તે નાણા મલીને સીંધ, અને કચ્છની સ્કુલમાં દરેકમાં અકેક તથા મુંબઇના મિત્ર મંડલની ભાટીઆ સ્કુલોમાં ત્રણ એમ ચંદ્રકો (Medal) ભાટીઆ વિદ્યાર્થીઓને આપવાને કાઢવા, અને આ કાર્ય બજાવવા માટે યોગ્ય ટ્રસ્ટીઓ નીમવાની સુચના પર વિચાર કરવો.

(૪) કોનફરન્સના રીપોર્ટમાં છબીઓ દાખલ કરવાને મુંબઇ ભાટીઆ મિત્ર મંડલના કેટલાક મેંબરો તરફથી સુચના થઇ છે તે ઉપર વિચાર કરવો.

(૫) મુંબઇમાં અભ્યાસ કરતા ગરીબ ભાટીઆ છોકરા અને છોકરીઓને ચોપડીઓ અને બીજી જરૂરીયાતો પુરી પાડવાને મુંબઇના ભાટીઆ મિત્ર મંડલના આશરા તળે નીમેલી કમીટીના સેકરેટરીએ મોકલેલ સરક્યુલર પર વિચાર કરવો.

(૬) સીંધના ભાટીઆઓની સ્થિતિમાં તથા તેમની તેમનાં બાળકોને કેળવણી આપવાની તાકાદમાં તપાસ કરવાની, તથા સીંધના ગરીબ ભાટીઆઓની કેળવણીની જરૂરીઆતો પુરી પાડવાની બાબતમાં વિચાર કરવો.

(૭) સીંધના ભાટીઆનું વસ્તિપત્રક તઇયાર કરવાનો વિચાર કરવો.

(૮) કોનફરન્સના ૧૭મા ઠરાવ અનુસાર વસ્તિની ગણતરી કરવાના કાર્ય માટે જોઇતી મદદ આપવાની માગણી કરનારો મુંબઇના ભાટીઆ મિત્ર મંડળનો કાગળ મળ્યો છે તે ઉપર વિચાર કરવો.

(૯) ભાટીઆ કોમના ઇતિહાસમાં દાખલ કરવા માટે ભાટીઆઓ સંબંધી કાંઈ અગત્યની હકીકતો સતાવાર પુરાવાઓ સમેત મળી આવે તો તે સીંધના ભાટીઆઓ પાસેથી મેળવવાનાં પગલાં લેવાં વિચાર કરવો.

(૧૦) ઉપરનાં કોઇ પણ કાર્ય માટે કરાચીના ભાટીઆઓની મીટીંગ બોલાવવાની જરૂર લાગતી હોય તે સંબંધી વિચાર કરવો.

(૧૧) કોનફરન્સના રીપોર્ટની નકલોની વહેચણી કેમ કરવી તેનો વિચાર કરવો.

(૧૨) કોનફરન્સના રીપોર્ટ સંબંધમાં મી. નરસીંગદાસ કે ઝવેરીએ મોકલેલી બાબત પર વિચાર કરવો.

(૧૩) કોનફરન્સ ફંડમાંથી હૈદ્રાબાદના ભાટીઆ મિત્ર મંડળ અથવા તેમના વાજીંત્રને પઇસાની મદદ આપવા મી નરસીંગદાસ કે ઝવેરીએ લખેલા કાગળ પર વિચાર કરવો.

ઠરાવો

(૧) ૧૯૧૪ના જુલાઇની મીટીંગનાં ૪થા ઠરાવમાં સુધારો કરવો અને ભાટીઆઓની ૨૨ જુદી જુદી પાગડીયો વાળી એક છબી કોનફરન્સના રીપોર્ટ માં દાખલ કરવી.

મી. જી. એ ફીફલાની દરખાસ્ત અને મી. હરીદાસ લાલજીના અનુમોદનથી ઉપરનો ઠરાવ સર્વાનુ મતે પાસ થયો હતો.

(૨) રીરોપશન કમીટીના ફંડમાંથી જે રહે તેમાંથી કમીટીના ખરચ વાસ્તે જોઇતી રકમ રાખીને બાકીની ૧૦૦૦ રૂપીઆ જેટલી રકમ લાયક ભાટીઆ વિદ્યાર્થીઓને મેડલ અને સર્ટીફીકેટો આપવાના કામમાં વાપરવી. આ કામ માટે રૂા. ૫૦૦ની રકમ આપનાર સખાવતી ગ્રહુસ્થને રી. ક. ના જેટલી રકમ-

રૂ. ૧૦૦૦ સુધી આપવા વિનંતી કરવી. આ પઇસાનો શારોમાર કરવા તથા સરટીફીકેટ અને મેડલ કેવાં અને કોને આપવાં અને ફંડના પઇસા કેવી રીતે ખરચવા તેની યોજના ઘડી કાઢવાને એક કમીટી નીમવી ૧લી ભાટીઆ કોનફરન્સ અને તેના પ્રમુખની આકગીરીમાં આ પઇસાનો ઉપરની યોજના પ્રમાણે ઉપયોગ કરવાને કમીટીને સંપુર્ણ સતા આપવી અને કમીટીના મેંમ્બરોમાં ઉપરની રકમ આપનાર ગ્રહસ્થનું નામ ઉમેરવું.

મી. જી. એ. કીકલાની દરખાસ્ત, મી. ટીકમદાસ બુધરમલના અનુમોદન અને રા. સા. લખમીદાસના વિશેષ અનુમોદન સાથ ઉપરનો ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

(૩) આ ફંડને કોનફરન્સ મેમોરીઅલ ફંડ એવું નામ આપવું અને તેના ટ્રસ્ટીઓ તરીકે રા. સા. લખમીદાસ રવજી સંપટ શેઠ મોરારજી સુંદરજી શેઠ લાલજી લખમીદાસ ઠાકુર ધમનમલ ફતેહચંદ તથા મી. ગોરધનદાસ એ. કીકલા એટલાં ગ્રહસ્થોની નીમણુક કરવી.

ઉપરનો ઠરાવ મી. હરીદાસ લાલજી લખમીદાસની દરખાસ્ત અને મેસર્સ હીરાનંદ મધનમલ વિસનદાસ રામચંદ જેઠાનંદ તથા રૂપચંદ રૂગનાથના અનુમોદનથી સર્વાનુમતે પાસ થયો હતો.

(૪) હઈદ્રાબાદના સીંધ ભાટીઆ મિત્ર મંડળ ને તેમના પત્રને પઇસાની મદદ કરવા સંબંધી મી. નરસીંગદાસ કે ઝવેરીનો કાગળ ફાઇલ કરવો.

આ ઠરાવ મી. સેવારામ વિસનદાસની દરખાસ્ત અને મેસર્સ જી. એ. કીકલા ઉતમચંદ પીતાંબરદાસ, મુલચંદ ખટનમલ, મધનમલ હીરાનંદ અને આણંદજી વીસનજીતરફથી અનુમેદન મલ્યા પછી સર્વાનુમતે થયો હતો.

(૫) હાલમાં મંડળ સ્થાપવાનો વિચાર ચાલે છે તેની સ્થાપના ન થાય ત્યાં સુધી કલમ ૫-૬ વાળી બાબત મુલતવી રાખવી.

ઉપરનો ઠરાવ મી. હરીદાસ લાલજીની દરખાસ્ત અને મેસર્સ વલ્લભદાસ ઓધવજી, વલ્લભદાસ કલ્યાણજી અને માલજીના અનુમોદનથી સર્વાનુમતે પાસ થયો હતો.

(૬) "સીંધના વસ્તી પત્રકના કામ માટે રીસેપશન કમીટીએ તેનાથી બને તેટલી મદદ આપવી."

ઉપરનો ઠરાવ રા. સા. લખમીદાસ રવજી સપટની દરખાસ્ત અને મી. જી એ. કીકલા તથા મી. ટીકમદાસ બુધરમલના અનુમોદનથી પાસ થયો હતો.

તવારીખ સંબંધમાં એવો ઠરાવ થયો હતો કે (૭) " ભાટીઓની અસલ તવારીખ સંબધમાં જે કાંઇ ઇતિહાસીક અને બીજી હકીકત મળે તે મુંબઈ ભાટીઆ મિત્રમંડળને અથવા તેના પ્રતિનીધિને લખી જણાવવા સ્થાનીક ભાટીઆઓને સુચવવુ."

ઉપરનો ઠરાવ મી. હરીદાસ લાલજીની દરખાસ્ત અને મી. લધારામ આસનમલ તથા મી. રૂપચંદ રૂગનાથના ટેકા બાદ સર્વાનુમતે પાસ થયો હતો.

(૮) " કોનફરન્સનો રીપોર્ટ છપાઇ પ્રગટ થાય ત્યારે તેની કોપીઓ વહેચવામાટે બે ઓન. જનરલ સેક્રેટરીઓ અને મી. હરીદાસ લાલજીની એક કમીટી નીમવામાં આવે છે."

રા. સા. લખમીદાસ રવજી સંપટ અને મી. મઘનમલ હીરાનંદ, તથા મી. જી. એ. કીકલાની દરખાસ્તથી ઉપરનો ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

(૯) કોનફરન્સના રીપોર્ટની પ્રસ્તાવના લખવા અને મી નરસીંહદાસ કે ઝવેરીએ લખી મોકલેલી બાબત પર વિચાર કરી તેના ઘટતા ઉપાય લેવા મી. હરીદાસ લાલજી, મી. ગોરધનદાસ એ. કીકલા મી દામોદર વાધજી તથા બે ઓનરરી જનરલ સેક્રેટરીઓની એક કમીટી નીમવામાં આવે છે.

ઉપરનો ઠરાવ મી. રામચંદ્ર જેઠાનંદની દરખાસ્ત, અને રા. સા. લખમીદાશ રવજી સંપટ, તથા મી. મગનમલ હીરાનંદના અનુમોદનથી સર્વાનુમતે પાસ થયો હતો.

(૧૦) કોનફરન્સનું બેલેન્સ શીટ તપાસી જવા ઓડીટર તરીકે મી. જી. એ. કીકલાની નીમણુંક કરવામાં આવે છે.

આ ઠરાવ મી. હરીદાસ લાલજીની દરખાસ્ત અને મી. ટીકમદાસ બુધરમલના ટેકાથી સર્વાનુમતે પસાર થયો હતો.

(૧૧) " કરાચીના ભાટીઆઓ માટે એક કાયમની સંસ્થા હોય એવો વખત આવેલો હોવાથી એવી એક સંસ્થા સ્થાપવા માટે નીચેના ગ્રહસ્થોની એક કમીટી તેની યોજના કરવા માટે નીમવી:

(૧) મી. ગોરધનદાસ આસનમલ કીકલા
(૨) " હરીદાસ લાલજી લખમીદાસ
(૩) " ધમનમલ ફુતેહચંદ
(૪) " જી. એ. કીકલા
(૫) " ટીકમદાસ બુધરમલ
(૬) " વલ્લભદાસ કલ્યાણજી
(૭) " રામચંદ જેઠાનંદ
(૮) " વલ્ભદાસ ઓધવજી
(૯) " આણુંદજી વિસનજી
(૧૦) " લધારામ આસનમલ
(૧૧) " મગનમલ હીરાનંદ
(૧૨) " મુળચંદ થાવરદાસ

ઉપરના ઠરાવની દરખાસ્ત મી. જી. એ. કીકલાએ કરી હતી, અને મી. હરીદાસ લાલજી, તથા મીટીંગમાં મળેલા સઘળાના અનુમોદનથી તે પાસ થયો હતો.

(૧૨) ઉપરની સંસ્થાની યોજના ઘડવા તથા તેને માટે બીજાં ઘટતાં પગલાંઓ લેવા માટે મી. જી. એ. કીકલાને તેના કામ ચલાઉ સેક્રેટરી નીમવા.

મી. હરીદાસ લાલજીની દરખાસ્ત તથા મી. ટીકમદાસ બુધરમલના અનુમોદનથી ઉપરનો ઠરાવ સર્વાનુમતે પાસ થએલ જાહેર થયો હતો.

સુધારા

પૃષ્ટ	લીટી	છપાયું છે.	તેને બદલે વાંચવું.
૧	૫–૬	જોધપુરની રીજન્સી કા. ના દીવાન અને મેંબર	જેસલમીરના દીવાન અને રીજન્સી કાઉંસીલના મેમ્બર.
૨	૨	મુંબઇ બેંકના ઝવેરી	મુમ્બઇ બેંકના શરાફ
૩	૧૮	મુબ.	મુંબઇ
૫	૨૧	ખટોઉ મકનજી	ખટાઉ મકનજી તથા મુળરાજ ખટાઉ મકનજી.
૧૯	૮	હસરાજ	મી. હંસરાજ
,,	૨૨	વીલ્ર પરેલ બાન્દ્રા	વીલે પારલે અંધેરી
,,	૨૫	દ્વારકાદાસ	મી દ્વારકાદાસ
૨૦	૧	કરાની	કારાણી
,,	૧૦	વેરેજી	વીરજી
,,	૨૭	માડવી મડળ	માડવી મિત્ર મંડળ
૨૧	૨	ભાટીઆ મડળ	ભાટીઆ મિત્ર મડળ
૨૯	૧૩	અથવા અથવા	અથવા
૫૮	૧૭	વાચકો	વાચકો
૬૪	૧૦	માગદર્શી	માર્ગદર્શી
,,	૨૮	થાગી	થશી
૪૭	હિસાબમાં	૩૯૯–૧૫–૪	૩૯૯-૧૫-૩

પરીશિષ્ટ જી.

૧ લી ઓલ-ઇંડિયા ભાટીઆ કોનફરન્સ ૧૯૧૩, કરાચી

આવક તથા ખર્ચનું સરવૈયું

આવક — ખર્ચ

આવકની વિગતો	રકમ રૂ.	આ.	પા.	ખરચની વિગતો		રકમ રૂ.	આ.	પા.
(૧) રીપોર્ટના ૮મા પૃષ્ટ ઉપર પ્રગટ થએલી બેરોની તપસીલ પ્રમાણે	૫,૬૭૮	૬	૦	(૧) નીચે પ્રમાણે સાધારણ ખર્ચ				
				(અ) ગાડીઓના ભાડાના	૩૯૯-૧૫-૪			
				(બ) ડેલીગેટો માટે ફરનીચર (ખાટલા ગાદલાં વિગેરે) ...	૫૪૯-૫-૯			
(૨) ડેલીગેટોના ઉપયોગ માટે ખરીદેલી ચીજ વસ્તુઓના વેચાણના	૨૩૬	૧૪	૩	(ક) મકાનનું તથા ફરનીચરનું ભાડું	૧૨૫—૮-૦			
				(ડ) શણગારનું ખર્ચ	૪૨૭-૧૪-૯			
(૩) ડેલીગેટોની ફીના	૪૩૪	૦	૦	(ચ) ઠઠા, હૈદ્રાબાદ, ઉત્તર હિંદ તથા જનરલ કેમ્પનું વિશી ખરચ ...	૮૮૭-૧૫-૧૦			
				(છ) નોકરનો પગાર, પરચુરણ સરસામાન વિગેરે વિગેરે ફાલતુ ખરચ	૧૧૮૭—૮-૮	૩,૫૭૮	૪	૩
				(૨) ટપાલ અને તાર ખરચ		૩૧૫	૧૩	૦
				(૩) સ્ટેશનરી, છપાઇ કામ, તથા રીપોર્ટના છપાઇનો અડસટો મળીને		૧,૫૭૫	૧	૬
				(૪) તા. ૮-૧૧-૧૪ની મીટીંગમાં રીસેપશન કમીટીએ કરેલા ઠરાવ પ્રમાણે કોનફરન્સ મેમોરીઅલ ફંડમાં આપવાનું બેલેન્સ (જુઓ પાનું ૪૧)		૮૮૦	૧	૬
કુલ	૬,૩૪૯	૪	૩	કુલ		૬,૩૪૯	૪	૩

આ હિસાબ અમે તપાસીને પાસ કર્યો છે.

(સહી) જી. એ. ડીકસી

(સહી) હરીદાસ બાલજી

(સહી) ટીકમદાસ જુઠાભાઇ

ઓડીટરો.

(સહી) ગોરધનદાસ મોરારજી સુંદરજી

(સહી) મુળચંદ પાનાચંદ આસરપોટા

સેક્રેટરીઓ.

કરાચી, તા. ૬-૫-૧૯૧૫.